



वज्रादपि कठोराणि
मृदूनि कुसुमादपि




કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

સંસ્થાપક • રવિશંકર રાવળ

૩૨૫

વર્ષ ૨૮ • અંક ૧ • જાન્યુઆરી ૧૯૫૧



સરદાર વ૯
કરાચીમાં ૧
કૉંગ્રેસના પ્ર

એમનાં જી

❑ ખેડા જિલ્લાન
ગામમાં, ઝવેરભાઈ
ઈ.૧૮૭૫ની ૩૧મી
જન્મ. ❑ બાળપણ
મોસાળમાં; શિક્ષ
વડોદરા, નડિયાદમાં.
હાઇસ્કૂલમાંથી મૅટ્રિક. ।
ર્થિક સ્થિતિને કારણે કૉલેજ
શિક્ષણ ન લેતાં ડિસ્ટ્રિક્ટ પ્લી
ડર થઈ ગોધરામાં ઈ.૧૯૦૦મ
વકીલાત શરૂ કરી ને ત્યાંથ
બોરસદ, આણંદ એમ ૧૯૧
સુધીની વકીલાતમાં ઊજળ
નામના મેળવી ❑ એ દરમ્યા
ગણા નામના ગામમાં ઝવેરબ
સાથે લગ્ન.૧૯૦૫માં પુત્ર ડાહ્યા
ભાઇનો ને પછી પુત્રી મણિ
બેનનો જન્મ. ❑ ૧૯૦૮મ
ઝવેરબાનું અવસાન. ૧૯૧૦મ
બૅરિસ્ટર થવા ઇંગ્લંડ. ત્ય
પહેલા વર્ગમાં પ્રથમ નંબરે. ।
૧૯૧૪થી અમદાવાદમાં બૅરિ
સ્ટરી શરૂ કરી. ❑ ૧૯૧૫મ
અમદાવાદ મ્યુનિસિપાલિટી
માં ચુંટાઇ જાહેર જીવનમ
પ્રવેશ; ત્યાંના ૧૯૧૭ના પ્લેગ
માં એવી નિષ્ઠા ને પરિશ્રમથ
કામ કર્યું કે સૌના પ્રેમ ને માન
ના ભાજન થયા. ❑ ૧૯૧૬મ
ગાંધીજીના સમાગમમાં આવ્ય
અને તેમની અભિનવ કાર્ય
પદ્ધતિમાં શ્રદ્ધા પ્રગટી. ❑
૧૯૧૭માં ખેડા-સત્યાગ્રહ
અગ્ર ભાગ લીધો. ❑ ૧૯૨૧મ
અમદાવાદ કૉંગ્રેસના સ્વાગત
પ્રમુખ તરીકે, પોતાની અજે

વ્યવસ્થાશક્તિનો પુરાવો આપ્યો. ❑ ૧૯૨૨માં બોરસદ સત્યાગ્રહની ને ૧૯૨૩માં નાગપુર ઝંડા-સત્યાગ્રહની ... લઇ બંનેમાં વિજય મેળવ્યો. ❑ ૧૯૨૪ થી ૧૯૨૮ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે અસહકારકાળની સરકાર સામેની મ્યુ૦ની કપરી લડતમાં કુનેહ ને હિંમતથી એનું સુકાન સંભાળ્યું. ❑ ૧૯૨૭માં ગુજરાતના જળપ્રલય વખતે ગામડેગામડે ઘૂમીને કરેલી રાહતની વ્યવસ્થાથી સરકાર પણ હેરત પામી ❑ ૧૯૨૮માં, બારડોલીની લડતમાં સરકારની નાગચૂડ સામે અણનમ લડત આપીને સરકારને નમાવી ઝળહળતો વિજય મેળવી 'સરદાર' બન્યા. ❑ ૧૯૩૦ની ૧૨મી માર્ચની દાંડીકૂચની પૂર્વતૈયારી તરીકે ખેડા જિલ્લામાં દેશને સળગાવી રહ્યા હતા, ત્યાં રાસ મુકામે ધરપકડ. ❑ ગાંધી-અર્વિન કરાર બાદ ૧૯૩૧ની કરાંચી કૉંગ્રેસના પ્રમુખ. ❑ ૧૯૩૨થી ૩૪ સુધી જેલમાં. ❑ ૧૯૩૫માં કૉંગ્રેસે પ્રધાનપદાં લેતાં પ્રાંતોની વહીવટી દોરવણી આપનારી પાર્લામેન્ટરી બોર્ડના પ્રમુખ ચુંટાયા અને ત્યારથી જ, એક રીતે, દેશ આખાના વહીવટનું સુકાન તેમને હાથ સોંપાયું. ❑ પાંચ વર્ષ બાદ ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહમાં ફરી પકડાયા પણ ૧૯૪૧માં તબિયતને કારણે સરકારે છોડી મૂક્યા. ❑ ૧૯૪૨ની ૮મી ઑગસ્ટે થએલી સામુદાયિક ધરપકડમાં બધા નેતાઓ સાથે નજરકેદ કર્યા, જ્યાંથી ૧૯૪૫માં છૂટ્યા. ❑ ૧૯૪૬ની કામચલાઉ સરકારમાં પ્રધાનમંડળમાં આવ્યા, અને ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં ભારત સરકારના ગૃહસચિવ અને નાયબ વડા પ્રધાન થયા, જે પદેથી બે વરસમાં દેશી રાજ્યોને વિલીન કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. ❑ ૧૯૫૦ના ડિસેમ્બરની ૧૫મી તારીખે સવારે ૯-૩૭ મિનિટે અવસાન થયું

કુમાર

જાન્યુઆરી ૧૯૫૧

અંક ૩૨૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા-નાટિકા

લેખો


વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન . કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૭ાા; પરદેશમાં રૂા. ૯ાા અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના




સાઇઝમોગ્રાફ: પૃથ્વીના પેટાળમાં કોઈ પણ સ્થળે થતા જરા સરખા પણ ભૂકંપની આપોઆપ નોંધ કરતાં આ યંત્રના ત્રણ પ્રકારો ઉપર દર્શાવ્યા છે. એ બધામાં સિદ્ધાંત એક જ છે: સોયવાળો હાથો જોડેલા એક ભારે વજનને, તીણી અણીઓને આધારે અતિશય નાજુકાઇથી તોળી રાખ્યું હોય છે, અને સોયને મેશિયો કાગળ લપેટેલા તથા યંત્રની મદદથી ગોળ ફરતા એક નળાકાર પર ટેકવી હોય છે, જે વડે એક સીધી રેખા અંકિત થતી રહે છે. ભૂકંપ થતાં પેલા તોળાએલા વજનથી જકડાએલી સોય તો સ્થિર જ રહે છે, પણ નાજુકાઇથી ફરતો નળાકાર ધ્રૂજી ઊઠે છે, અને તેના કાગળમાં અંકાતી સીધી સળંગ રેખા ધ્રુજારીના પ્રમાણમાં વાંકીચૂંકી બની અંકાય છે. કલમને હાથમાં સ્થિર પકડી રાખી કાગળને હલાવીને લખવા જેવી આ ક્રિયા થઈ. અતિશય સૂક્ષ્મ કંપનોની પણ સ્પષ્ટ નોંધ લઇ શકાય તે માટે તેમાં ઉચ્ચાલનોની રચના કરી હોય છે. નીચે ડાબા તથા જમણા ખૂણામાં દર્શાવેલાં બે યંત્રો દ્વારા કેવળ ભૂકંપનાં આડાં કંપનો જ નોંધાય છે, પરંતુ વચલું યંત્ર આડાં-ઊભાં બંને પ્રકારનાં કંપનો નોંધી શકે છે. વળી, તેમાં સાઈઝમોસ્કોપની વિશિષ્ટતા ઉમેરાઇ છે, જેમાં તીણી અણીને આધારે ટેકવાએલા વજનની સાથે એક લાંબી ઊભી સોય જોડેલી હોય છે. ભૂકંપ વેળા વજન સ્થિર રહે છે પણ બાકીનો ભાગ હલી ઊઠતાં પેલી સ્થિર રહેલી સોયનો છેડો તેના વીજળીના કૉઈલ્સને સ્પર્શે છે. તેથી તરત વીજળીનો પ્રવાહ વહેતો થઈ શકે છે.



ઝળહળતાં પાઈનવૃક્ષ ફોટો • શ્રી આર. આર. ભારદ્વાજ

પોતાની વિશિષ્ટ સૌન્દર્યગ્રાહી દૃષ્ટિ જેટલો જ અદ્ભુત કૅમેરાકાબૂ ધરાવનાર શ્રી આર. આર. ભારદ્વાજ ફોટોગ્રાફીની કલામાં એક જાદૂગર કહી શકાય તેવી અપ્રતિમ શક્તિના સ્વામી છે. અગાઉ અનેક વખત તેમ છેલ્લા બે અંકથી તેમની કલાની વાનગી 'કુમાર'ના વાચકોને મળ્યા કરી છે. ઋતુ ઋતુની નિસર્ગલીલા હોય કે માનવદેહની લાલિત્યછટા હોય, શિલ્પસ્થાપત્યની કલાકૃતિ હોય કે મામૂલી વેણુ કે નિર્જીવ બરફ-ટુકડા જેવી સામાન્ય વસ્તુ હોય,—એ સર્વની સ્થિતિ-ગતિમાં રહેલી સૌન્દર્યની શ્રીને તેમની ચકોર આંખ પકડી પાડે છે અને હસ્તામલકવત્ બનેલી પોતાની કૅમેરા ટેકનીક વડે આપણને આત્મસાત કરાવે છે. ઉપરના **ચિત્રમાં** હિમાલયપ્રદેશમાં, પ્રભાતમાં સૂર્યના **પ્રકાશથી** ઝળહળી ઊઠેલાં પાઈનવૃક્ષ જેવા સાદા દૃશ્યને પણ પ્રકાશની ઝલક જે સૌન્દર્યશોભાથી પુલકિત કરી મૂકે છે તે એમણે દૃશ્યમાન કરાવી આપી છે.



અભિમાન · ચિત્રકાર શ્રી સુશીલ સરકાર

વિખરાએલાં ફૂલ અને મોરપિચ્છને ચાંપતાં ચરણ દ્વારા સૂચિત એક સુંદર પ્રતીકચિત્ર (ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાઑટી-દિલ્હી ના સૌજન્યથી)

ત્રણ અવગાહકો

· પરંપરિત ઝૂલણા ·

તીર પર માનવી ત્રણ, કને
ઊછળે મત્ત મ્હેરામણ.
નાગની ફેણ પર ઝળહળે રત્ન, એથી ય તે
નીલ જલનાં ઉંડાણોમહીં અખુટ છે કેટલું યે ધન !
અમિત સંપત્તિને પામવા કોડમાં
જિંદગીને ધરી હોડમાં
એ ત્રણેએ કીધું સંગ અવગાહન.

પ્રથમ જે નીસર્યો બ્હાર એના કરે
માત્ર લાધી હતી પંકની લાંછના:
જાહ્નવીનાં પુનિત જલ થકી જેની સંમાર્જના
કરવી રહી....
દીર્ઘ નિઃશ્વાસ સહ નિરખતાં વેશ નિજ
ઉચ્ચર્યો: ' સુખ નહિ,જિંદગીમાંહિ બસ ક્લેશ.' ત્યાં

અન્ય, પણ પોશભર છીપ આણી ઉભો તીર પર.
રંગ–આલોક આકાર બહુ ભિન્ન સુંદર
છતાં યે ન એનું કશું મૂલ્ય,
આ વેળુ પર એની તે શી કમીના હતી ?
ખિન્ન અંતર
શિથિલ કર
ગયું સર્વ સરકી તદા
આર્દ્ર ઉરનો ઝર્યો મંદ ઉચ્ચાર,
'સંસાર નિઃસાર.' ત્યાં—

તૃતીય ડોકાય
રૂંધાયલો વાયુ એણે કીધો મુક્ત, ને
શ્વાસની પુનઃ ઉષ્માથકી સ્ફૂર્તિમય લોચને
અવરની સમિપ આવી લહ્યું,
મુષ્ટિમહિં શું રહ્યું ?—
એક, પણ અમલ નિજ તેજથી ઝળકતું
એક મોતી હતું.
મંદ મલકંત,
  નહિ બોલ, પણ
    નેત્રમહિં તુષ્ટિનું અંજન......
હૃદય આનંદ આનંદથી સભર જાણે કરે ગુંજન.

તીર પર માનવી ત્રણ, કને
ઊછળે એ જ નિજ મસ્તિમહિં મગ્ન મ્હેરામણ.

રાજેન્દ્ર શાહ

હે વિભો !

અનુષ્ટુપ

પ્રીત જો દેવી હોયે તો દેજે તું મેઘના સમી:
પ્રિયામત્ત રહે તો યે વિશ્વને વિસ્મરે નહીં.

બુદ્ધિ જો આપવી હોયે આપજે તીક્ષ્ણ સોય શી:
ભેદતી તો ય સાંધી દે જિંદગી–અંગઅંગને.

હૈયું જો બક્ષવું હોયે બક્ષજે આભના સમું:
તેજમાં રાચતું તો યે અંધારે અદકું હસે.

શ્રદ્ધા જો પ્રેરવી હોયે પૃથ્વીના જેવી પ્રેરજે:
કાટકા વીજના વર્ષે માર્ગેથી તસુ ના ચસે.

વ્રજલાલ દવે

દિનરાતની કાવડ મહીં આ અંધ મારા શ્વાસને,
ઉચ્છ્વાસને,
ભાવિ કેરાં તીર્થે કાજે લૈ જતું કેવું હૃદય,
જાણે શ્રવણ!

પ્રિયકાન્ત મણિયાર

અબોલા કા'નથી લીધા રાધાએ, બસ ત્યારથી
મહત્તા મૌનને લાધી પ્રીતિના અર્થભારથી.

જયન્ત પાઠક

મારી પતંગડી



મારી રૂડી પતંગડી ચઢી,
ગગનમાં રૂડી પતંગડી ચઢી.

એ રે પતંગડી ઊડી પરભારી લટકે મટકે લડી,
ગગનગોખમાં ઘૂમી પતંગડી, ગેબની કેડી ના જડી;
મારી રૂડી પતંગડી ચઢી,
ગગનમાં રૂડી પતંગડી ચઢી.

ચઢી પતંગડી, મનખો રાજી, જાણી જે આગે બઢી,
તો યે મળી ના ઓલા ગગનની કોર સુરજની મઢી,
મારી રૂડી પતંગડી ચઢી,
ગગનમાં રૂડી પતંગડી ચઢી.

એક દિવસે તો એવી ચઢી જે ખૂટી રે દોરની દડી,
ખાયે ગોઠીમડાં, રહી ઈધરકી નહિ ઉધરકી ઘડી,
મારી રૂડી પતંગડી ચઢી,
ગગનમાં રૂડી પતંગડી ચઢી.

કાળ દડુલો વીંટયો દિવસનો, ઉકલ્યો વીતી ઘડી,
ઊડી ઊંડાણે, ભેદ ના જાણે, આખર ભોં પર પડી,
મારી રૂડી પતંગડી ચઢી.
ગગનમાં રૂડી પતંગડી ચઢી.

ચન્દ્રવદન મહેતા

સરવૈયું

લેખક
બકુલ
ત્રિપાઠી

પહેલી જાન્યુઆરીએ વિચાર આવ્યો, વીત્યા વર્ષનું સરવૈયું કાઢવું જોઇએ.

પણ તરત મુશ્કેલી આવીને ઊભી રહી: સરવૈયું તો કાઢવું, પણ શાનું? વર્ષભરમાં તો શું, આ નાનીશી જિંદગી દરમ્યાન પણ વેપાર તો ક્યારે ય કર્યો નથી; કે વર્ષભરમાં એકેય ક્ષેત્રમાં એવી અસાધારણ પ્રવૃત્તિ કરી નથી કે જેનું સરવૈયું કઢાય. એટલે સરવૈયું શાનું કાઢવું એ પ્રશ્ન વિકટ બની ગયો.

ત્યાં તો ફકેલ જડી ગયો: કરેલાં કામ ભલે યાદ નથી; પણ ન કરેલાં કામો તો યાદ છે ને? ગયા વર્ષે મેં નહિ કરેલાં કાર્યોનું, નહિ ખેડેલા વેપારનું, નહિ કરેલી પ્રવૃત્તિઓનું સરવૈયું કાઢું તો એમાં ખોટું શું?

ઓહોહો! ગયે વર્ષે કેટકેટલી વસ્તુઓ મેં નથી કરી! એકે ફંડ ફાળો ઉઘરાવ્યું નથી; એક પણ સભામાં ભાષણ આપ્યું નથી; એકપણ ચૂંટણીમાં ઊભો નથી રહ્યો; શરણાઇને કોઈ ફાળામાં પૈસા આપ્યા નથી ને આપ્યા છે ત્યારે બબડતાં નથી આપ્યા. 'જનગણમન' ગાતી વખતે પોપચાં ઢાળીને ધ્યાનમગ્ન થવાનું ઘણી વાર ભૂલ્યો છું ને કોણકોણ ધ્યાનથી નથી ગાતા એ જોવા ચારે બાજુ નજર પણ ફેરવી છે, પણ ક્યારે ય એવું કર્યાં પછી 'આપણી પ્રજામાં રાષ્ટ્રપ્રેમ જ નથી' એવી ફરિયાદ નેતાની અદાથી મેં કરી નથી. મારા કોટનાં બટન, નવી આવેલી દીવાસળીની પેટીઓ ને ટપાલમાં આવેલાં કવરો સિવાય બીજાં કશાનાં ઉદ્ઘાટન મેં કર્યાં નથી.

અને સાહિત્યક્ષેત્રે પણ મેં ક્યાં કશું કર્યું છે? માત્ર પ્રસ્તાવના જ વાંચીને વિવેચન કરવાનું, નહિ વાંચેલા લેખને અદ્‌ભુત ગણવાનું, કોઈ નવા લેખકના સરસ મૌલિક લેખ વાંચી 'ચોક્કસ, ક્યાંકથી ઉઠાવ્યું હશે' એવી શંકા ઊભી કરવાનું, કે અક્ષરશ: અનુવાદિત કરેલી વાર્તા નીચે માત્ર 'સૂચિત' લખી પ્રામાણિક હોવાનો સંતોષ મેળવવાનું, ને 'અરેરે, આપણા સાહિત્યનું શું થવા બેઠું છે?' એવો ડગલે ને પગલે શોક કર્યા કરવાનું,– આમાંનું કશું જ આ વર્ષે નથી કરી શક્યો એ કબૂલ કર્યા વિના છૂટકો છે?

'આજની પરિસ્થિતિ માટે વાંક ફક્ત સરકારનો જ છે' કે 'જવાબદારી ફક્ત જનતાની જ છે' એવું હિંમતપૂર્વક એક વાર કહી શક્યો નથી; કોઈ પણ જાહેર જનસમારંભમાં અનાજની



વીત્યું વર્ષ અને આવતું વર્ષ

('પ્રજાબંધુ'ના સૌજન્યથી)

તંગીના કારણો વિષે ચર્ચા કરી નથી; 'આપણે હવે કામે વળગી જવું જોઈએ' એવું ભાષણ કર્યું નથી, ને બીજાની જગ્યાએ હું હોત તો શું કરત એ પણ કોઈને કહ્યું નથી.

પ્રગતિનો હિસાબ કાઢવો હોય તો બસને તો ભૂલવી ન જ જોઈએ, કારણ સૌથી વધુ ઝડપી પ્રગતિ આપણે બસમાં જ કરી શકીએ છીએ. બસમાં મેં નહિ કરેલાં કાર્યો છે તો ઘણાં, પણ યાદ તો એક જ છે: બસમાં કોઈ ઓળખીતાને ચડતા જોઈ બારી બહારનાં દૃશ્યો જોવામાં ગુંથાઇ જવાની રીત તો મેં અજમાવી છે, પણ પેલો ટિકિટ લઈ લે પછી 'ઓહો, તમને તો જોયા જ નહિ હો' એમ હસતાંહસતાં મેં એકાદ વાર પણ નથી કહ્યું.

આત્મસુધારણાના સરવૈયામાં શારીરિક પ્રગતિને તો હમેશાં સ્થાન હોય જ છે. મારી તબિયતની બાબતમાં ગયે વર્ષે નહિ બોલાએલી એક મહાન ઉક્તિ તે આ: 'આપણે તો કોઇ દિવસ માંદા પડતા જ નથી!' અને ગયા વૈશાખમાં ડૉકટરની દવા લીધા પછી, 'ડૉકટર, સાચું કહું? મને ઍલૉપૅથિક દવાઓમાં જરા પણ શ્રદ્ધા નથી' એવું મેં નહોતું કહ્યું; કઇ દવાની જરૂર છે એ વિષે ડૉકટરને સલાહ નથી આપી; તેમજ 'એકલા દૂધ સિવાય કશું જ ખાવું નહિ' એમ ડૉકટર કહેતા હોય ત્યારે, 'હેં ડૉકટર સાહેબ, કોળાનાં ભજિયાં ખવાય કે કે નહિ' એવો સવાલ મેં પૂછ્યો નથી.

મેં દયાનંદ સરસ્વતી બનવાની, જ્યૉર્જ વૉશિંગ્ટન થવાની અને આઇઝૅક ન્યૂટન થવાની તકો આ વર્ષે ગુમાવી. મહર્ષિ દયાનંદ સરસ્વતી જ્યારે સંન્યાસી નહોતા થયા ત્યારે કુમાર વયે એમણે એક મંદિરમાં શિવરાત્રીએ મહાદેવજી પર એક ઉંદર ફરતો જોયો હતો. એ જોઈને એમની સનાતન ધર્મ પરની શ્રદ્ધા ઊઠી ગઈ અને એ 'મૂળશંકર'-માંથી 'દયાનંદ' થયા. મેં પણ એક મંદિરમાં કૂતરું પેસી જતું જોયું હતું, પણ એ કૂતરાને હાંકી કાઢવા માટે પૂજારીને બોલાવવા જવા સિવાય મેં કંઇ જ ન કર્યું. પિતાનું પ્રિય ફૂલઝાડ કાપી એ બહાદુરીથી કબૂલ કરી દેનાર સત્યપ્રિય જ્યૉર્જ વૉશિંગ્ટન થવાની તક પણ મને હતી: મેં એક જણનું ખાનગી કવર (અલબત્ત ભૂલમાં) ફોડેલું, પણ કબૂલ કરવાને બદલે પેલા પાસે 'ટપાલ નથી મળતી'નો ગરમાગરમ પત્ર પોસ્ટ માસ્તર પર લખાવ્યો. અને ઝાડ ઉપરથી સફરજન તો નહિ, પણ હાથમાંથી બરણી પડી જતી જોવા છતાં ગુરુત્વાકર્ષણનો નિયમ હું ફરીથી શોધી ન શકયો. મહાપુરુષ થવાની આવી સરસ તકો મેં ગુમાવી, પણ 'આપણે હવે સુધરી રહ્યા' એમ મેં કોઈને કહ્યું નથી.

આ ઉપરાંત, સંસ્કારપ્રવૃત્તિમાં અને વિજ્ઞાનમાં, સમાજસેવામાં ને જ્ઞાનોપાર્જનમાં મેં નહિ કરેલાં કાર્યો અસંખ્ય છે. એ બધાં ગણાવવા બેસું તો સરવૈયું કદાચ ચૂંટણીના ઉમેદવારના જાહેરનામા જેવું થઈ જાય. ટૂંકમાં એટલું ચોક્કસ કે ગયું વર્ષ મારા પૂરતું તો ખૂબ સફળ ગયું છે, ને તે મારાં 'કરેલાં' કાર્યોથી નહિ પણ 'નહિ કરેલાં' કાર્યોથી જ!

વિદ્યામૂર્તિ પંડિત સુખલાલજી

કેટલીક વાર હાથમાં રહેલા હીરા કરતાં દૂર રહેલા હીરાનાં તેજોદર્શન ભવ્ય લાગ્યા કરે છે. આપણા જ—આપણી વચ્ચે જ રહેતા પંડિત સુખલાલજી વિષે કેટલેક અંશે આવું જ કહી શકાય.


પ્રખર પાંડિત્ય, પ્રશાન્ત પ્રતિભા અને પોતાની વિવેકપ્રજ્ઞાથી વિશ્રુત એવા શ્રદ્ધેય પંડિત શ્રી સુખલાલજી, ન કેવળ જૈન સમાજના સુપ્રસિદ્ધ સાક્ષરરત્ન છે, બલ્કે આર્યાવર્તનાં દર્શન અને ફિલસૂફીના મહાન વિદ્વાનોમાંના એક સન્માન્ય વિદ્વદ્‌રત્ન છે. છતાં ભારત અને ભારત બહારના વિદ્વાનોએ તેમની વિદ્વત્તાનું જેટલું મૂલ્યાંકન કર્યું છે, તેટલું આપણે સમીપવાસીઓ કરી શક્યા નથી.”

શ્રીમદ્‌ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી, આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, પંડિત ભગવાનલાલ ઇંદ્રજી આદિ જેવી કોટિના જે પ્રતિભાવાન પુત્રો વિવિધ ક્ષેત્રે ગુજરાતે ભારતને ભેટ ધર્યા છે તેમની હરોળમાં પંડિતજીને મૂકી શકાય.

“શીલભરી મેધા, સમદર્શી વિદ્વત્તા અને ભવ્ય સામંજસ્યવાળી જીવનસાધના ધરાવનાર” પંડિત શ્રી સુખલાલજીનો જન્મ ક્યારે થયો એનો વિચાર સરખો યે કરવાની સ્પૃહા કે ફુરસદ તેમને પોતાને તો છ નહિ. પણ જ્યારે ૫૫ વર્ષની ઉંમરે બનારસ હિંદુ યુનિવર્સિટીને જરૂર પડતાં તેના તરફથી તેમને તારીખ પૂછવામાં આવી, ત્યારે તેમણે તે યાદ કરવા નિષ્ફળ પ્રયત્ન કર્યો; અને છેવટે તેમના નાનાભાઈએ તેમની મદદે આવીને જૂના ચોપડામાં જોઈને લખ્યું કે તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૩૭ના માગશર સુદી પાંચમને તદનુસાર તારીખ ૮મી ડિસેમ્બર ૧૮૮૦ના રોજ, ‘માનવ રત્નોની ખાણ’ સમા ગણાતા સૌરાષ્ટ્રમાં, વઢવાણ પ.સેના એક અતિ નાના ગામડા લીમલીના વીશાશ્રીમાળી જૈન વણિક વેપારી પિતાને ત્યાં થયો હતો. જન્મ એ લીમલીમાં થયો કે તેમના મોસાળ કોંઢ(ધ્રાંગધ્રા)માં થએલો તે જાણવાનું યે સાધન હવે તો રહ્યું નથી. પંડિતજીના પિતાનું નામ સંઘજી અને દાદાનું નામ તળશી. તેઓ કહેવાય છે ‘સંઘવી’, પણ તેમનું ગોત્ર ધાકડ (ધર્કટ) છે. એ પણ એક અકસ્માત જ ગણાવો જોઈએ કે પ્રાચીન કાળમાં થઇ ગએલ સુપ્રસિદ્ધ કવિ ધનપાળ પણ ધર્કટ વંશના જ હતા. ભગવાન મહાવીર પછીના જૈન ગૃહસ્થ વિદ્વાનોમાં આ ધર્કટોની જોડી અજોડ ગણાય છે.

ચાર વર્ષની બાળવયમાં માતાનો દેહાંત થયો અને તેનું સ્થાન સ્નેહશીલ નવી માતાએ લીધું. પણ પંડિતજીનો ઉછેર મુખ્યત: એ નવી માતાને આભારી નથી, પણ એક ‘પુરુષ માતા’ને આભારી છે. એમનું નામ શ્રી મૂળજીભાઇ. તેમના કુટુંબમાં તે હતા તો નોકર, પણ પોતાની ખાનદાની અને કુશળતાને કારણે આખા કુટુંબના તે કાકા કહેવાતા. એ હિતૈષી પ્રેમાળ કાકાનાં મીઠાં સ્મરણો પંડિતજી-એ મહામૂલી થાપણ જેમ સંઘરી રાખ્યાં છે.

“જાતમહેનત, કહ્યાગરાપણું, રમત-ગમત માટેનો પ્રેમ, સાહસ-પ્રિયતા, તેમજ જિજ્ઞાસા અને બૌદ્ધિક ભૂખ, આ બધી વૃત્તિઓ”



પ્રજ્ઞાચક્ષુ પંડિતજી

પંડિતજીનું જીવન લખવાનું ‘કુમાર’ના તંત્રીશ્રીએ મને લખ્યું તે નિમિત્તે મેં મારી નોંધપોથીમાં ફરી પંડિતજીની જન્મતારીખ જોઈ તો આશ્ચર્ય થયું, કે આ લખવું શરૂ કરતી વખતે—આજે જ, તા. ૮-૧૨-૫૦ના રોજ પંડિતજીએ ૭૦ વર્ષ પૂરાં કરીને ૭૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે! એ આશ્ચર્ય ક્ષણવારમાં દુઃખમાં પરિણત થયું. પંડિતજી પોતે પોતાના જીવનની આવી ઘટનાઓને કશું જ મહત્ત્વ આપતા નથી એ જાણું છું, છતાં તેમના ગાઢ સંપર્કમાં આવનાર અમે એમના શિષ્યો ૭૦મા વર્ષે તેમને યોગ્ય સન્માન આપવામાં પણ પોતાની ફરજ ચૂક્યા છીએ એના તીવ્ર ભાને ગ્લાનિ થઇ આવી. આવી ફરજ અમે ચૂકીએ એમાં પંડિતજીને તો તેમની પ્રકૃતિ પ્રમાણે આનંદ જ થાય. ઊલટું એવું જો કશુંક કરવાની તેમને ગંધ પણ આવે તો એ તો રોકે પણ ખરા. છતાં પણ મને લાગે છે કે અમે લોકો અવસર ચૂકી ગયા.

લેખક · પ્રો. દલસુખ માલવણિયા

તેમના જીવનમાં છેક બાળપણથી જ દેખાય છે. જાતમહેનતનો તેમને કદી કંટાળો હતો નહિ. સ્વપ્રેરણાથી અને મોટેરાંઓની આજ્ઞાથી ઘરનાં નાનાંમોટાં જાતમહેનતનાં કામો તે આનંદપૂર્વક કરતા. ગામડામાં પ્રચલિત એવી ગેડીદડાથી માંડીને હુતૂતૂ સુધીની મરદાનગીભરી રમતો કિશોરાવસ્થામાં તે રમતા. ને એમની આખી કિશોરવય સાહસભરી વીતી છે. દાખલા તરીકે તરવાનું શીખવા માટે જિંદગીને જોખમે પણ એક વાર ઊંડા પાણીમાં તેમણે ભૂસકો જ માર્યો, અને ગળકાં ખાતાં છેવટે તરવાનું શીખી લીધું; એટલું જ નહિ, પણ એ ગામડાના બધા કૂવા અને તળાવને સર કર્યાં. ઘોડે-સવારીનો પણ એવો જ શોખ હતો, અને તેમાં ઘોડા ઉપર બે પગે

તરુણાવસ્થાના ઉંબર પર ઊભેલો, મહોરતી મહત્ત્વાકાંક્ષાવાળો એક કુમાર અકસ્માતે અંધ બન્યો; પણ અડગ શ્રદ્ધા ને પુરુષાર્થથી એણે જીવનના એ અભિશાપમાંથી જીવનની અભિવ્યક્તિ સાધી.

ઊભા રહી ચલાવવા જેવા સરકસી પ્રયોગો કરીને પટકાયા પણ છે. મિત્રો સાથેની હરીફાઇમાં ગમે તે ભોગે આગળ આવવાની એવી સાહસભરી જ એક ભૂલનું ભયંકર પરિણામ પણ કિશોરાવસ્થામાં અનુભવ્યું છે. તળાવ વચ્ચે પાણીમાં ઊભા ઊભા ત્રણ મિત્રોએ શરત કરી કે અહીંથી પાછલે પગે ચાલીને પાળ ઉપર ચડીને બીજી બાજુ કોણ પહેલું ઊતરે. તેમાં પાછલે પગે ચાલતાં હાથલા થોરની વાડમાં જ જઈને પટકાયા, ને હરીફ મિત્રો બીકના માર્યાં ભાગી ગયા. અંતે એ ઝેરીલા કાંટા આખા શરીરે ભોંકાયાથી બેભાન બનેલી અવસ્થામાં પેલા કાકા ઘેર લઈ આવ્યા, ત્યારે ચારેક કલાક પછી ભાનમાં આવી જોયું કે શરીરે તેલના રેગાડા ઊતરી રહ્યા છે અને હજામ એકેક કરી કાંટા કાઢવામાં મશગૂલ છે.

આવા સાહસપ્રિય જીવન ઉપરાંત નિશાળનાભણતરમાં પણ પૂરો રસ હતો અને નવુંનવું શીખવાની જિજ્ઞાસા હતી, એટલે જે કાંઇ શીખતા તે યાદ રહી જતું. એ ઉપરાંત ગામડામાં આવતા જોગી–બાવા, ફકીર–ઓલિયા, ચારણ–ભાટ અને કથાકાર માણભટ્ટો તથા જૈન સાધુઓનો પણ સમાગમ કરવાનું તે ચૂકતા નહિ, ને આ બધાં ગ્રામસુલભ સાધનો દ્વારા બની શકે તેટલું સામાન્ય જ્ઞાન મેળવતા.

ગુજરાતી સાત ચોપડી પૂરી કર્યાં પછી મોટાભાઈના વાદે અંગ્રેજી ભણવાના કોડ હતા; પણ આવો કહ્યાગરો ને વ્યવહારકુશળ દીકરો ભણવા કરતાં વ્યાપારમાં વધુ ઉપયોગી થાય એમ સમજી વડિલોએ આગળ અભ્યાસ માટે પ્રોત્સાહન આપ્યું નહિ ને તે વિચાર નછૂટકે માંડી વાળવો પડ્યો. પણ વડિલોને વિધિની ક્યાં ખબર હતી એ દીકરો વ્યાપાર અર્થે નહિ પણ વિદ્યા અર્થે જ સર્જાયો હતો!

સગપણ નાનપણમાં જ થઈ ગએલું; અને વિ૦ સંવત ૧૯૫૨માં લગ્ન પણ થઇ ગયું હોત. પણ વિધિયોગે તેમના સસરાને તે વર્ષે લગ્ન કરવામાં કાંઈક પ્રતિકૂળતા હશે એટલે રહી ગયું તે રહી જ ગયું; અને આગળ જતાં વિદ્યાદેવી સાથે જ લગ્ન થયાં.

ચૌદ વર્ષની ઉમરે નવી માતાનો વિયોગ થયો અને ૧૬ વર્ષની વયે, સંવત્ ૧૯૫૩માં શીતળાના ભયંકર કોપના તેઓ ભોગ બન્યા.

નવલિકા-નાટિકા હરીફાઈનું પરિણામ

ગયા વર્ષના એપ્રિલથી ડિસેમ્બર સુધીના નવ માસ દરમ્યાન 'કુમાર'માં આવેલી વાર્તા-નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ કૃતિ માટેનું

રૂપિયા ત્રીસનું ઈનામ

શ્રી મોહનલાલ પટેલને

તેમની **ચક્રવત્પરિવર્તન્તે** વાર્તા માટે મળે છે. તેમને અમે અભિનંદન આપીએ છીએ, અને તેના નિર્ણાયક પ્રો. અનંતરાય રાવળનો, તેમણે લીધેલા શ્રમ માટે આભાર માનીએ છીએ. આ વર્ષ માટે એ જ હરીફાઇની જાહેરાત આ અંકમાં અન્યત્ર જોશો.

"એ રોગે એમના દેહની સુશ્રી તો હરી લીધી, પણ આંખનાં બે રત્નો પણ હરી લીધાં." ત્યારે તો ખરેખર એમ જ માન્યું કે 'શીતળા માતાએજ કોપ કર્યો છે'. કેમકે બે વર્ષ પહેલાં શીતળા સાતમને દિવસે ઘરમાં શીતળા માતાનો ઠંડો કરેલો ચૂલો સળગાવીને તેમના કોપની પરીક્ષા તેમણે કરી જોઈ હતી! ત્યારે તો કશું જ થયું નહિ, પણ જ્યારે બરાબર બે વર્ષ પછી આંખો ગઇ એટલે તેમને એ કોપ જણાયો. પરંતુ જ્યારે જ્ઞાનચક્ષુ ઊઘડી ગયાં ત્યારે જોયું કે એ અંધા- પાને શીતળા માતાના કોપ સાથે કશી જ લેવાદેવા ન હતી.

વડિલોએ આંખો પાછી લાવવા મંત્રતંત્ર, દવા-દારૂ કશું જ કરવામાં પાછું વાળી જોયું નહિ, પણ વિધિએ તો નક્કી જ કર્યું હતું કે તેમને જ્ઞાનચક્ષુ જ આપવાં છે, એટલે ચર્મચક્ષુ ગયાં તે ગયાં જ.

"તરુણાવસ્થાના ઉંબર ઉપર, અનેક ઉદાત્ત મનોરથોથી ઊભરાતા અંતરવાળો એ કુમાર એકાએક અંધ બન્યો. જીતની બાજી જાણે હારમાં પલટાઈ ગઇ. આશાની સૃષ્ટિ ડૂબતી લાગી. પણ પ્રયત્ન અને શ્રદ્ધામાં માનનાર સાહસિક બુદ્ધિના પંડિતજી જુદી જ માટીના બન્યા હતા. એ હારવાની પળ તેમણે જીતમાં પલટાવવા ભગીરથ પ્રયત્નો આરંભ્યા. અને ઉત્કટ જ્ઞાનપિપાસા તથા પુરુષાર્થની પરાકાષ્ઠા સમા પ્રયત્નો વડે જીવનના એ મહાન અભિશાપમાંથી જીવનની અભિવ્યક્તિ તેમણે હાથ કરી."

એમણે જ કહ્યું છે તેમ 'આંખો ગયા પછીના આ નવા જીવનની વાટ વસમી હતી અને તત્કાળ કોઇ માર્ગ સૂઝતો નહિ. છતાં જિજિવિષા અને જીવનશક્તિ વહારે ધાયાં. બાળક પડતાં-આખડતાં જ ચાલતાં શીખે છે, તેમ અથડામણો ને મુશ્કેલીઓમાંથી, આ નવા જન્મના તમોડહ્રૈતના નવા વેદાંતમાંથી, જ્યાં આનંદાનુભવને બદલે દુઃખાનુભવ જ શેષ હતો તેમાંથી નવો જ માર્ગ કાઢ્યો.'

કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગ જ તેમને માટે હવે સરલ હતો, એટલે સહજભાવે મન એ તરફ વળ્યું; અને નિશ્ચયપૂર્વક તે હવે વિદ્યાની આરાધનામાં જ એકાગ્ર થયા. નાના ગામડામાં બીજા કશાની તો સગવડ હતીજ નહિ; માત્ર ધાર્મિક જ્ઞાનમેળવવાની (અનુ૦ પૃ૦ ૨૯મે)

શરીર મન ને જ્ઞાનતંતુઓને એકીસાથે સ્વસ્થ રાખતી **યોગાસનો**ની વ્યાયામપદ્ધતિ



૧૦ વક્રાસન

જેને શરૂઆતમાં અર્ધ મત્સ્યેન્દ્રાસન ન ફાવે તેમણે આ વક્રાસન કરવું. આ આસનમાં શરીર વક્ર—વાંકું કરવામાં આવે છે તેથી તેને વક્રાસન કહે છે. પગ લાંબા કરીને બેસો. જમણો પગ ઢીંચણમાંથી વાળો. હવે ડાબા હાથને જમણા ઢીંચણ ઉપરથી લઈ, ડાબી હથેળીને જમીન ઉપર મૂકો. પછી ડાબા પગને વાળી આખી ક્રિયા એ રીતે કરો. આ આસનથી શરીર વળશે, અને પછી અર્ધ મત્સ્યેન્દ્રાસન ફાવી જશે.

દાસુભાઈ શુકલ



સરદાર: નડિયાદમાં ભણતા ત્યારે



ગોધરામાં વકીલાત કરતા હતા ત્યારે



ખેડા સત્યાગ્રહમાં આગેવાની લીધી ત્યારે

સરદાર

અવસાનને ચોથે દિવસે રજૂ થએલું રેડિયોરૂપક લેખક - ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

[મોટા કાગળો ફેરવાતા હોય, કોઈ ચોપડાનાં પાનાં ઉથલાવાતાં હોય તેવો અવાજ થાય છે. કોઈ ઘેરા અવાજે બોલતું હોય છે:]

અવાજ: કવિ; ચિત્રકાર; ન્યાયવિદ્; કલાકોવિદ; ભૂસ્તરશાસ્ત્રી; વૈજ્ઞાનિક; ફિલ્સૂફ;...હં અં અં–રાજા; રણચતુર; સેનાની; શસ્ત્રજ્ઞ; પંડિત; રાજપુરુષ; રાજકલાનિપુણ; ક્રાન્તિકાર—

વિધાત્રી: જરા ખમો ચિત્રગુપ્ત; ફરી બોલો તો–

ચિત્રગુપ્ત: રાજપુરુષ, રાજકલાનિપુણ, ક્રાન્તિકાર–

વિધાત્રી: હં? ઇતિહાસને આ ચોપડે એનું પાનું જ નથી!

ચિત્રગુપ્ત: ક્રાન્તિકાર, રાષ્ટ્રરૂપવિધાયક...

વિધાત્રી: સુવર્ણકાર! તમે બનાવેલું પેલું નવું કોરું પાનું લાવો ને આ વિભાગમાં મોખરે એને ગૂંથી દ્યો.

ચિત્રગુપ્ત: ક્રાન્તિકાર!–રાષ્ટ્રરૂપ વિધાયક!–

વિધાત્રી: બંનેનો સુભગ સમન્વય. કોઇ રાષ્ટ્ર ઘડે છે; પછી ઉચ્છેદે છે. કોઈ પરાઈ ધૂંસરી ઉચ્છેદવા ક્રાન્તિનો માર્ગ ગ્રહે છે; પછી રાષ્ટ્રવિધાન કરે છે.

ચિત્રગુપ્ત: વિધાત્રી!

વિધાત્રી: કહો! આમ ગળગળા અવાજે કેમ બોલો છો?

ચિત્રગુપ્ત: વિધાત્રી!

વિધાત્રી: (હસીને) ઇતિહાસને ચોપડે આ નવું સુવર્ણપૃષ્ઠ ઉમેરું છું એ નથી ગમતું?

ચિત્રગુપ્ત: શું બોલો છો, વિધાત્રી! પણ તમે કહ્યું કાંઈને કરો છો કાંઇ. આ શું લખ્યું છે? માત્ર ચાર જ અક્ષરનો એક શબ્દ! ઇતિહાસના ગ્રંથમાં મોખરાના સુવર્ણપૃષ્ઠ ઉપર માત્ર એક જ શબ્દ લખ્યો?

વિધાત્રી: કવિ, કલાકાર, વૈજ્ઞાનિક, પંડિત, ફિલ્સૂફ, રણચતુર, રાજા, શસ્ત્રજ્ઞ, શાસ્ત્રજ્ઞ, સૌ પોતપોતાનાં કાર્યો કરે છે—રાષ્ટ્રમાં. પરંતુ રાષ્ટ્ર જ વ્યવસ્થિત ન હોય તો એ સૌને પોતાનો પૂર્ણ વિકાસ સાંપડવાનો સંભવ ઓછો છે.

ચિત્રગુપ્ત: એટલે આ એક જ શબ્દે તમે સુવર્ણપાન શોભાવ્યું: 'સરદાર'.

વિધાત્રી: હા; 'સરદાર,'—દેશને માટે શિરનાં સાટાં કરે એ. ભક્તિક્ષેત્રે કહ્યું છે: 'શિરસાટે નટવરને વરીએ'; સમરક્ષેત્રે–રાષ્ટ્રક્ષેત્રે કહ્યું છે: 'મર્દ માથું આપે, નાક નહિ.'

ચિત્રગુપ્ત: કેમ, તમે જાઓ છો?

વિધાત્રી: જતાં જતાં (પગલાંનો અવાજ) હા, હવે જાઉં; પણ સાથે એ પણ યાદ રાખજો કે જે માથું આપવા તૈયાર થાય છે તેનું નાક તો જતું જ નથી, પરંતુ માથું પણ જતું નથી.

*

[સંગીત]

*

અવાજ: કરાળ કાળ પોતાની પાંખ વીંઝે છે. કાળી છે રાત; ઘોર છે સંગ્રામ; વિપરીત છે ઘડી. ચોમેર ગાઢ અંધાર છે.

પુરુષ: ઓ! શું થશે? ક્યાં જઇશું? પગમાં જોર નથી, હૈયામાં હામ નથી. આમાં શું કરીશું?

સ્ત્રી: ઓહ: મને ગભરામણ થાય છે; મારાથી કંઇ નહિ થાય, આપણાથી કંઈ નહિ થાય.

પુરુષ: કોઈનાથી યે કંઈ નહિ થાય. છિ: બળ્યું આ જીવવું. જીવ્યાનો શો સાર!

સ્ત્રી: ફદિયાનું ઝેર ફાકી લઈએ તો!


અવાજ: આશ નિરાશ ભયી. દિન પલટ્યો પલટી ઘડી. માયાનું પિંજર ને માંહે બેડી પડી. હરીભરી માસોમ હાલહવાલ થઈ. મ્લાન છે એનું મુખ; કંગાલ છે એની કાયા; દામણા છે એના દિદાર; કેવળ બની છે નિરાધાર! આશ નિરાશ ભયી...

સ્ત્રી: તમે શું જોયા કરો છો?

પુરુષ: કંઇ જ નથી જોતો હું. જીવવા જેવું ન હોય ત્યાં જોવા જેવું શું? શું જોઉં? ક્યાંય અજવાળું નથી, એક કિરણ સરખું નથી; કિરણનો સંચાર થશે એવી આશા પણ નથી.

અવાજ: આશ નિરાશ ભયી...

સ્ત્રી: ઓ ભગવાન! ક્યાં જઈશું? શું કરીશું? કેમ જીવીશું?



બારડોલીના લડતમાં સરકારને નમાવી વિજયી 'સરદાર' થયા ત્યારે (ફોટો ર. મ. રા.)

પુરુષ: જીવતર જ નથી ત્યાં જીવવાનો વિચાર શો? છે માત્ર દુઃખ!

અવાજ: દુઃખ પણ હોય તો તે પારખવાની શક્તિ નથી. મંદતા, જડતા, પામરતા.... ...

પુરુષ: આપણે કોણ? આપણે શું કરીએ? આપણાથી થાય શું? આપણો આધાર કોણ? આપણે નિરાધાર છીએ. હાય...

અવાજ: આશ નિરાશ ભયી...

[સંગીત]

દાસભાઇ: ઓ! પણે-પણે શું છે પેલું? કાળા ઓળા દેખાય છે. મારુ હૈયું કેવું ધડકે છે!

અવાજ: ડર-હજી ડર! હજી ડરશે? ડર્યાં કર-જેને લાગ્યો ભો, એને મોટી બો!

દાસભાઈ: પણ આ ખીણ કેટલી કરાળ છે; ને સામે પહાડ કેવડો ભીષણ છે! એ કેમ ઓળંગાશે? કેમ પાર જવાશે? દિલ ધડકે છે, કાયા કંપે છે, રૂંવે રૂંવે ધ્રુજારી વ્યાપે છે. ભયંકર-ભયંકર!

અવાજ: ભયનો ભૂલ્યો ભૂલે ભાન; ડરનો ડાગ્યો ખૂએ સાન.

દાસભાઇ: તમે કંઇ અવાજ સાંભળ્યો? કોઈ બોલ્યું?—કોઇ ગયું? કાલે અહીંથી કોઇ ગયું હતું? ના, ના; ત્યાં તો કેમ જવાય? ભાઇ જ કહેતા હતાને, કે ત્યાં ના જતા! કેવી ભયંકર ખીણ વિસ્તરેલી પડી છે. અરે-અરે-એઇ! તમે આગળ કયાં જાઓ છો? પાછા આવો—પાછા આવો!

અવાજ: ડર-હજી ડર? ડરીને કરવું; ડરીને ચાલવું. ડગ ભરવું, પણ જોઇને ભરવું, ને ડર હોય તો ન ભરવું!

દાસભાઈ: ઓ બાપ રે! આ શું? કેવો કાળો ઓળો! ઓ આવ્યો! કયાં જઇએ? કયાં સંતાઇએ? નાસો—નાસો મારા બાપ! જ્યાં નસાય ત્યાં નાસો!

[સંગીત]

પોચાલાલ: હું આ કરું કે ના કરું? કરું ખરો? કામ હાથ ધરું? કોઈને પૂછું? કોને પૂછું? પૂછું ખરો? મારાથી પુછાય? પૂછું તો શું કહેશે? કહેશે ને પછી એ પ્રમાણે કરવું પડશે તો? કરું કે ના કરું?

અવાજ: સંશયાત્મા વિનશ્યતિ!

પોચાલાલ: તો કરું? કયું કામ કરું? આ કે પેલું?

ડાહ્યાલાલ: મારી તો એવી સલાહ છે કે કંઇ જ ન કરવું. ભાઇ, વાત એમ છે કે દરેક કામમાં જોખમ તો ખરું જ ને? કરવા જઈએ કંઈ, ને થઇ જાય કંઈ. એટલે જે કરવું તે વિચારીને કરવું. અને બહેતર તો એ કે કાંઈ જ ન કરવું.

પોચાલાલ: પણ તમે મારી મુસીબત સમજતા નથી. મારે પેલા જોડે વાત કરવી છે.

ડાહ્યાલાલ: શાની વાત?

પોચાલાલ: બેત્રણ વાત છે. એમાંથી પહેલી કઈ કહું તેનો હું વિચાર કરું છું.

ડાહ્યાલાલ: કેટલા દિવસથી એ વિચાર કરો છો?

પોચાલાલ: આજ બેત્રણ મહિનાથી.

ડાહ્યાલાલ: અને છતાં તમે એ બેત્રણ વાત કહી નથી શકયા? ખરા છો તમે! હવે કહેવા માંડો.

પોચાલાલ: પણ મુસીબત એ છે કે એને કઇ વાત પહેલી કરું?

ડાહ્યાલાલ: તમને ઠીક લાગે તે.

પોચાલાલ: પણ ઠીક લાગવી જોઇએ ને? કોયડો એમ છે કે એને ઘર બાંધવું છે. મારી બાજુમાં જગ્યા છે. હવે જો એ ઘર બાંધે—

ડાહ્યાલાલ: એણે ઘર બાંધવાનું શરૂ પણ કરી દીધું. હવે બીજી વાત કરો.

પોચાલાલ: શું કહું? કહેવા જાઉં છું તો મન ના પાડે છે; નથી કહેતો તો બુદ્ધિ ધક્કેલે છે; ને આમ ચગડોળે ચડાવે છે. કહું કે ના કહું એ જ સવાલ છે.

અવાજ: કરું કે ના કરું? લડું કે ના લડું? અર્જુનને એવો જ વિષાદ થયો હતો. પછી એક રાજકુમારને પણ એવો સંશય થયો હતો. યુગેયુગે, દેશેદેશે, માનવમન વારંવાર એવા સંશયમાં અટવાયા કર્યું છે. પણ... સંશયાત્મા વિનશ્યતિ!

*

[સંગીત]

*

એક અવાજ: પણ એનું નામ માનવ...

બીજો અવાજ: જે સંશયને ખંખેરે...

પહેલો અવાજ: વિષાદને પરહરે...

બીજો અવાજ: ભયને કુચ્છેદે; ...અભયને ભેદે.

પહેલો: उत्तिष्ठत, પામર! जाग्रत! प्राप्य वरान्निबोधत!

બીજો: उत्तिष्ठत, રે કાયર! નિરાશા તો ચોમેર છે જ...

પહેલો: ...અંધકાર તો આવશે જ. પણ એને યે ઓસારવાનું સામર્થ્ય માનવીમાં છે.

બીજો: હઠો! કાળાં અંધારાં દૂર હઠો!...

પહેલો: પ્રકૃતિ ને પુરુષત્વ રૂઠો!...

બીજો: માનવીનું મનુષ્યત્વ ત્રાડી ઊઠો!

પહેલો: હઠો–નિરાશાનાં વાદળ, દૂર હઠો! અમે માનવી! અમને નિરાશા કેવી?

બીજો: હઠો–વિષાદના પડછાયા દૂર હઠો! અમે પૌરુષી! અમને નિર્માલ્યતા કેવી?

પહેલો: જમીન તો પડી જ છે, પણ ઉપર ખેડી જડી છે. ખેડૂત તો ખડો જ છે; પણ એનું હાડ ભુક્કો છે. ધરા તો છે જ પણ...

બીજો: 'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ.'

પહેલો: દુનિયા આખી એમ દવે બળે છે...

બીજો: ...અરે, દુનિયાની વાત પછી; મારી મામોમ ભડકે બળે છે.

પહેલો: આ એ જ ધરતી? આ એ જ ભારતી? જ્યાં–

ગાન: જ્યાં સિંહણ નિજ સંતાન ધવરાવે જાળે,
જ્યાં સિંધુ મોતીની છોળ કછાળે પાળે;
જ્યા પ્રેમભક્તિનાં ગાન ભક્તજને ગાયાં,
જ્યાં સ્થળસ્થળમાં ઇતિહાસ શૂરના સોહાયા.

*

[સંગીત]

*

એક સ્ત્રી: વિષાદ, ભય અને સંશય ટળ્યાં...

બીજી સ્ત્રી: માનવે માનવનાં હૃદય પ્રજાળ્યાં.

પહેલી સ્ત્રી: મામોમ, માતૃભૂમિ, જન્મભૂમિનો જયનાદ ગાજ્યો.

બીજી સ્ત્રી: જનની-જન્મભૂમિ સ્વર્ગથી પણ ગરીયસી.


પહેલી: ભરીભરી ભારતભોમની દિશાએ દિશામાંથી, એના અમર કીર્તિવંતા કૈંક પ્યારે દુલારે એ, માતૃભિની મુક્તિ માટે હાકલ પાડી...

બીજી: કૈંક રણસંગ્રામ ખેલાયા, કૈંક શોણિત રેડાયાં.

પહેલી: દેશના ખૂણેખૂણેથી કૈંક સપૂતોએ નિજની ન્યોછાવરી કરી...

બીજી: કૈંકે જાનની ફેસાની કરી.

પહેલી: સૌનાં દિલમાં તમન્ના તરવરતી. કોઇ વિહ્વલ હતા–આંખમાંથી આંસુ સારતા; કોઈ પ્રાચીન ઇતિહાસની ભવ્યતા સંભારતા;



સ્વરાજ્યપ્રાપ્તિ પછી ભારતના નાયબ વડા પ્રધાન પદેથી કુનેહ ને મક્કમતાથી હિંદનાં સવા છસ્સો જેટલાં રજવાડાંને ગાળી નાખી એક અને અખંડ ભારતનું વિધાન કર્યું ત્યારે

કોઇ કવિતા લલકારતા ને પાનો ચડાવતા; કોઇ હાકલ દેતા ને પ્રજાના પ્રાણ સંકોરાતા; કોઇ ઊર્મિલ લાગણીવશ 'મા, મા'ના પોકાર કરતા. પણ સૌનાં દિલમાં એક જ તમન્ના તરવરતી: માતૃભૂમિની મુક્તિ! વિષાદ, ભય અને સંશય ટળ્યાં.

બીજી: વિષાદ, ભય અને સંશય ટળ્યાં; નિરાશા, આળસ અને મંદતા ટળ્યાં; વિશાદ ભય અને સંશય ટળ્યાં...

*

[સંગીત]

એક અવાજ: ત્યાં ખડો છે એક માનવી—મહામાનવ. એણે આળસ કે મંદતા જાણી નથી, નિરાશા ને વિષાદ ખંખેરી નાખ્યાં છે; ભયને ફગાવી સંશયને ટાળવા એ કમ્મર કસે છે.

બીજો અવાજ: એ કહે છે; જાગો રે પામર! ભોંય શું પડયા છો? હિંમત રાખો; નિર્ભય થાઓ; ખડક જેવા અડગ બનો!

પહેલો અવાજ: એ કહે છે: ધરતી પર માટી પડી છે.

બીજો અવાજ: પણ એ માટીમાંથી માનવી ઘડી શકાય છે.

પહેલો: અને એ મહામાનવી માટીને ઘડે છે; માટીમાંથી માનવ

બીજો: ના, માનવ-પરંપરા પેદા કરે છે...

પહેલો: અને માનવીનો ઇતિહાસ ઘડે છે...

બીજો: માનવીનું ભાવિ ઘડે છે.

પહેલો: એ ખડો છે ત્યાં—ખેડામાં.

બીજો: એ જન્મ્યો છે કર્મસદનમાં.

પહેલો: અને 'કર્મણ્યેવ અધિકાર' જ એણે માન્યો છે.

બીજો: અને એ રીતે કર્મ કરી પોતાના વતનને શોભાવ્યું છે.

પહેલો: એ કહે છે જાગો!...

બીજો : —ઊઠે

પહેલો : —સાબદા થાઓ.

બીજો : —ઘડી આવી પહોંચી છે.

પહેલો : —અવસર ચૂકશો મા.

બીજો : —ઘડી આપણી છે.

*

[સંગીત]

*

પુરુષ : આપણે કેવા નમાલા હતા !

સ્ત્રી : તમે એવું માનતા હતા.

પુરુષ : બસ કે ? આજે હવે બોલે છે ? ત્યારે તો બોલવાની શક્તિ પણ કયાં હતી ? એ તો બધા એના પ્રતાપ.

સ્ત્રી : એના પ્રતાપની કોણ ના પાડે છે ? માટીમાંથી માનવી બનાવ્યા.

પુરુષ : માટીમાંથી મર્દ બનાવ્યા.

સ્ત્રી : આજે હવે ? રાસમાં રસ જામ્યો ત્યારે તો રાસ રમવા ભાગી ગયા હતા !

પુરુષ : અને બારડોલીએ વિલાયતમાં બાવન લાખ ડોલી ગયા ત્યારે તું કયાં ભરાઇ ગઈ હતી :

સ્ત્રી : અને નાગપુરમાં ફુંફાડો નાખ્યો ત્યારે તમે કયા દરમાં દબાઇ ગયા હતા ?

પુરુષ : એ તો ધીમેધીમે આગળ ધપાય; ગઇ ગુજરી ભૂલી જવી જોઈએ; નબળી પળો વિસરી જવી જોઈએ.

સ્ત્રી : અને શક્તિને સંભાળી રાખવી જોઇએ. નહિતો મેળવેલી છે તે પણ ગુમાવશો.

પુરુષ : તારું તેજ આજે જુદું લાગે છે; રૂપ જ અનોખું લાગે છે.

સ્ત્રી : અબળા સબળા થાય ત્યારે એવું જ થાય. શક્તિ પરચો બતાવે ત્યારે શું બાકી રહે ? અમે હિંમતનું હથિયાર ધારણ કર્યું છે.

પુરુષ : અને ટેકની ઢાલ ધરી છે.. (અનુસંધાન પૃ. ૨૩મે)



તા. ૨૮-૧-૪૯ના રોજ બારડોલીમાં સમૂહકાંતણ પ્રસંગે સરદાર (ફોટો નરભેશકુમાર મિસ્ત્રી)

લસી પ્રવાહ

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

એ નામ કદાચ નવું લાગશે; પણ આપણા શરીરમાં લોહીની સાથેસાથે વહેતા એનો પ્રવાહ

- શરીરમાં પોલીસનું, સૈનિકનું અને રસ્તો સાફ કરવાનું કામ કરે છે.
- પૃથ્વી પરની માનવ-વસતિ કરતાં પણ અનેક ગણા એના કણો આપણા આ નાનકડા શરીરમાં સતત ઘૂમતા ફરતા રહે છે.
- આપણા કાકડા વધે છે તે એ જ પોલીસકામ કરતી એ લસીની ગ્રંથીઓ છે.
- ગૂમડું અને પરુ એ શરીરમાં પેઠેલી પરાયી વસ્તુઓને કાઢવા માટેનું એ લસીના જ કણોએ ખેડેલું યુદ્ધ છે.
- અને એપેન્ડિસાઇટિસ કે કંઠમાળના રોગ પણ લસી-ગ્રંથીઓએ શરીરરક્ષણ અર્થે ખેડેલા સંગ્રામનું કાર્ય છે.
- આપણને ઘા લાગે ત્યારે સોજો આવે છે, ને ગૂમડું થાય ત્યારે વેળ ઘાલે છે તે શાથી?
- મૅલેરિયા, ઍનીમિયા, ટાઇફૉઈડ વગેરે રોગોમાં બરોળ શાથી વધે છે?

આપણી કાયાની એ બધી કરામત વિગતવાર સમજાવતો આ લેખ રખે વાંચવો ચૂકતા.

ગયે મહીને આપણે જોઈ ગયા કે કેશવાહિનીઓની દીવાલોમાંથી વાયુઓ અને રક્તજલ બહાર આવે છે. કેશવાહિનીઓમાંથી સતત ટપકયા કરતું એ રક્ત જલ કોષોની વચ્ચેની જગ્યામાં જમા થાય છે. આ પ્રવાહીનું નામ લસી (Lymph).

કોષો એ કંઈ દીવાલની ઈંટોની જેમ એકબીજા સાથે સજ્જડ જોડાઇને ગોઠવાએલા નથી, પણ બે કોષ વચ્ચે અત્યંત બારીક જગ્યા હોય છે. આ જગ્યા થોડાથોડા અંતરે વિસ્તૃત થાય છે: જાણે કે લસીની ટાંકીઓ! પણ તે એટલી તો સૂક્ષ્મ છે કે સૂક્ષ્મદર્શક વિના દેખી ન શકાય. આમ, દરેક કોષ લસીમાં તરબોળ થએલી વાદળી જેવા છે. એ લસીમાંથી કોષો પ્રાણવાયુ અને પોષણ મેળવે છે અને તેમાં કાર્બન ડાયૉક્સાઈડ અને ઍમોનિયા જેવાં વ્યયદ્રવ્યો ઠાલવે છે. લસી, એ કોષો અને લોહી વચ્ચે વિનિમય કરવાના સાધનરૂપ છે.

કોષોની વચ્ચેની જગામાં ગીચ નળીઓ પથરાએલી છે, કે જે એકઠી મળી લસી-કેશવાહિનીઓ બને છે. રુધિરની કેશવાહિનીઓની જેમ લસી-કેશવાહિનીઓ છેવટે મોટી લસી-વાહિનીઓ બને છે. તે ઝીણા સુતરાઉ દોરા જેટલી પાતળી હોય છે. લસી-પ્રવાહ પાછો ન પડે તે માટે લસી-વાહિનીઓમાં પણ શિરાઓની જેમ પડદા છે.

લસી-વાહિનીઓ શિરાઓની પેઠે ચામડી અને આંતરત્વચાની નીચે પથરાએલી છે. ચામડી નીચેની શિરાઓ જેમ ભૂરી દેખાય છે, તેમ લસીવાહિનીઓમાં સોજો આવે ત્યારે તે ચામડી ઉપર લાલ તાંતણાઓના જેવી દેખાય છે. શિરાઓની પેઠે લસી-વાહિનીઓ પણ હૃદય ભણી જાય છે. માર્ગમાં બીજી લસી-વાહિનીઓ એકત્ર થઈ મોટી લસી-વાહિની બને છે, જેનું નામ થૅારૅસિક ડક્ટ. આમાં શરીરના નીચલા ભાગની અને આંતરડાંની લસી-વાહિનીઓ જોડાએલી છે. થૅારૅસિક ડક્ટ કરોડની બાજુએ રહી, છાતી ભણી ઊંચે જઇ, બે ભાગમાં ફંટાય છે અને છેવટે હૃદય પાસે આવેલી ડાબી અને જમણી શિરાઓમાં ઠલવાય છે. પોષણ દ્રવ્યોથી ભરપૂર અને આખા શરીરમાં અભિસરણ થએલી આ લસી પણ હૃદયમાં લોહી સાથે જાય છે. લસીનો રંગ પીળો છે. પણ થૅારૅસિક ડક્ટમાં તે દૂધરંગી છે, કારણ કે તેમાં ચરબીના કણો સમાએલા છે.


લસી-વાહિનીઓ આંતરત્વચાની નીચે, શરીરમાં ખૂબ ઊંડે અને આંતરડાંમાં સર્વત્ર પથરાએલી છે: જાણે કે કરોળિયાની જાળ જોઈ લો! તેની નાજુકતા અપ્રતિમ છે, તથા સંખ્યા અને કુલ લંબાઇ રુધિરવાહિનીઓ કરતાં અનેકગણું વધારે—ગણનાતીત છે.


ચામડીની લસી-વાહિનીઓ દરેક જાતના પ્રવાહી અને પદાર્થો શોષતી હોવાથી તેમાં જીવાણુઓ અને ધૂળના સૂક્ષ્મ રજકણો ભળે એ સ્વાભાવિક છે. એટલે કુદરત અશુદ્ધ લસીને શુદ્ધ કર્યા વિના લોહીમાં ભળવા દે ખરી કે? આથી તે શરીરમાં ભ્રમણ દરમિયાન ઘણી જગ્યાએ ગળાઇને શુદ્ધ બની આગળ વધે છે. લસી-પ્રવાહને આમ ગાળી શુદ્ધ કરનાર લસી-ગ્રંથીઓ (Lymph glands) હોય છે.

લસી-ગ્રંથીઓ

લસી-ગ્રંથીઓ એટલે માંસપેશીઓના તંતુઓની બનેલી કોથળીમાં કોષસમૂહનો જથ્થો. એની આસપાસ લસી-વાહિનીઓ જાળની જેમ પથરાએલી છે. શરીરમાં લાખો લસી-ગ્રંથીઓ ઠેરઠેર પથરાએલી છે; પણ શ્વાસનળી, શ્વાસનલિકાઓ, પેડુના ભાગ અને મહાધમની પાસે વધારે સંખ્યામાં ઠસોઠસ ગોઠવાએલી છે. શરીરની સપાટી ઉપર જાંઘ, બગલ, કોણી, ઘૂંટણ, બોચી, ગળાની બન્ને બાજુઓ ને જડબાં નીચે પણ પથરાએલી છે. આ સ્થળોએ લસી-ગ્રંથીઓ બે-ત્રણ કે વધુમાં વધુ પંદરની સંખ્યા સુધી સાથોસાથ આવેલી છે. તે નાનામાં નાની વટાણા જેવડી અને મોટામાં મોટી વાલ જેવડી હોય છે. મોઢામાં અન્નનળીના પ્રવેશદ્વારથી માંડી જઠર અને આંતરડાંઓની દીવાલ ઉપર તે હારબંધ આવેલી છે. કેટલીક જગ્યાએ તો તેમનો સમૂહ ખાસ અવયવ જેવો જ બને છે. આવા બે અવયવો જાણીતા છે: એક તો ગળાની બન્ને બાજુએ આવેલા ટૉન્સિલ્સ, અને બીજું એપેન્ડિક્સ, કે જે નાના અને મોટા આંતરડાનાં સંગમ આગળ આવેલું છે. એમનું કાર્ય છે સરહદ ઉપરની સદા જાગ્રત અને ખડા ચોકિયાતો જેવું—અંગનું રક્ષણ કરવાનું.

દરેક લસી-ગ્રંથી પ્રયોગશાળા જેવી છે. બીજી દૃષ્ટિએ ચેપી રોગના દરદીઓને પ્રવાસમાં આગળ વધતાં અટકાવનાર 'ક્વૉરૅન્ટાઈન' મથક જેવી છે. અહીં લસી-પ્રવાહ એકઠો થઈ વિસ્તૃત બને છે, તેમાં





ઉપર : રોગના જીવાણુને ગળી જતો લસી-કણ: શરીરમાં કોઈ પરાયું દ્રવ્ય, મરેલા કણ કે રોગના જીવાણુઓ હોય કે થાય, તો તરત જ લસી-કણો ત્યાં સત્વર દોડી જઈ એવા કણોને એક એક કરીને પકડીને ગળી જઈ હજમ કરવાનું કામ કરે છે. ઉપરની ચિત્રમાળામાં ક્રમશઃ એ ક્રિયા થતી દર્શાવી છે. પહેલા ચિત્રમાં, સફેદ બિંદુથી બતાવેલા એ દુશ્મન પાસે કણ જાય છે, બીજામાં મોઢું ફાડવા જેમ પહોળો થઈ તેને પકડે છે, ત્રીજામાં ગળી જાય છે, ને ચોથા–પાંચમામાં તેનેહજમ કરી દે છે. **ડાબી બાજુ :** લસી-ગ્રંથીઓ : શરીરમાં લસીનો પ્રવાહ વહેવડાવતી મુખ્યમુખ્ય લસી-વાહિનીઓ, લોહીની શિરાઓની પેઠે જ કરોળિયાની બારીક જાળની જેમ આખા શરીરને આવરીને પડેલી છે. તેનો માત્ર મુખ્ય ખ્યાલ જ બાજુના ચિત્રમાં આપ્યો છે. એ ઉપરાંત, ખાસ તો, આપણા શરીરમાં જુદેજુદે સ્થળે આવેલી લસી-ગ્રંથીઓ એ ચિત્રમાં કાળા ટપકાં રૂપે બતાવી છે. એ શરીરમાં ઠેરઠેર લાખોની સંખ્યામાં પથરાએલી છે, પણ શ્વાસનળી, હોજરી, ગળાની બંને બાજુઓ, જડબાં, બગલ, કોણી, ઘૂંટણ જાંઘ તથા પેડુમાં વધારે સંખ્યામાં ને ઠસોઠસ ગોઠવાએલી પડી છે, તેમાંની મુખ્ય અહીં બતાવી છે. આ ગ્રંથીઓ પ્રયોગશાળાનું, કવૉરેન્ટાઇનનું અને પોલીસ ચોકીનું એમ ત્રેવડાં કાર્યો કરે છે. લસીનો પ્રવાહ અહીં જ એકઠો થઈ તેમાંનાં દ્રવ્યોની ચકાસણી થાય છે; એમાં રોગવાળા કણોને ત્યાં રોકી તેમાંના જીવાણુઓ નાશ પામે એવી ક્રિયાઓ તેના પર થાય છે; અને શરીરમાં કોઈ સ્થળે એવા રોગના કણો કે પારકાં દ્રવ્યોનો મોટો ઉપદ્રવ થઈ ગૂમડું કે બીજો દરદો થાય ત્યારે તેની સામે લડનારાં કણોને ધમધોકાર ઉત્પન્ન કરી ત્યાં મોકલવા માંડે છે. આ ક્રિયા કરતી વખતે તે ફૂલે છે અને તેથી શરીરમાં વેદના થાય છે, તેને આપણે 'વેળ ઘાલી' કહીએ છીએ.

સમાએલા દ્રવ્યોની કડક ચકાસણી થાય છે, તેના ઉપર રાસાયનિક અને રોગ-જીવાણુઓ નાશ પામે એવી ક્રિયાઓ થાય છે. લસી-પ્રવાહમાં 'પરાયાં' દ્રવ્યો વહેતાં હોય ત્યારે લસી-ગ્રંથી ઉત્તેજાઈ (Irritated) ઝપાટાબંધ બહુસંખ્ય લસી-કણો પેદા કરે છે, કે જે લસી-પ્રવાહમાં વહી પરાયાં દ્રવ્યો ઉત્પન્ન થયાં હોય તે સ્થળે દોડી જઈ તેનો નાશ કરવાનું કાર્ય કરવા લાગે છે. (જુઓ તેનું ચિત્ર)

અન્નનળીના પ્રવેશદ્વાર આગળ આવેલા ટૉન્સિલ્સ શરીરના રક્ષણની પોલીસ-ચોકી છે. આપણી તંદુરસ્ત હાલતમાં પણ ગળામાં ન્યૂમોનિયાના અને ઈન્ફ્લુએન્ઝાના રોગ-જીવાણુઓ વસે છે. એમને શરીરની અંદર પ્રવેશતાં ટૉન્સિલ્સ અટકાવે છે. જો આમાંનો કોઈ રોગ-જીવાણુ પ્રબળ હોય તો એ ટૉન્સિલમાં સોજો આવે છે. એને 'કાકડા વધ્યા' (ટૉન્સિલાઇટિસ)નો વ્યાધિ કહે છે. કાકડા વધવાનો વ્યાધિ મુખ્યત્વે શહેરની ગીચ વસતિમાં નાની ઓલી-ઓમાં રહેનારાં ગરીબ બાળકોને તથા વારંવાર શરદીના રોગી બનતાં અને સ્ટાર્ચ-પદાર્થો ખૂબ ખાનારાં બાળકોને થાય છે. આનો ચેપ કાનની અંદર જતાં કાનનાં દરદોની પીડા થાય છે. કાકડા ફૂલે ત્યારે જડબા આગળની લસી ગ્રંથીઓ ફૂલે છે. ટૉન્સિલમાં ક્ષયના જીવાણુઓ પણ વસતા હોય છે. કોઇક વાર જડબાની લસી-ગ્રંથીઓ ક્ષયના ચેપવાળી બને છે ને ગળાની લસી-ગ્રંથીઓમાં ક્ષય-રોગ શરૂ થાય છે. આ ગ્રંથીઓ મોટી થાય છે અને પાકે છે તેને આપણે 'કંઠમાળ'ના નામથી ઓળખીએ છીએ. કાકડાની જેમ ઍપેન્ડિક્સ પણ મોટા આંતરડાના રક્ષણાર્થે ઊભેલા દ્વારપાળ જેવું છે. તેમ ચેપી-રોગાણુઓથી કે ક્ષયના-જંતુઓથી સોજો આવે છે અને ઉગ્ર વ્યાધિ આવી પડે છે, જેને 'ઍપેન્ડિસાઈટિસ' કહેવામાં આવે છે. આના આરામ માટે શસ્ત્રોપચાર કરાવવો પડે છે.

પેટમાં ડાબી બાજુએ, જઠરની બાજુમાં અને પાંસળીઓના ઢાંકણ નીચે બરોળ આવેલી છે. તે પેટની રુધિર-વાહિનીઓ સાથે જોડાએલી છે. તેમાં પણ લસી-ગ્રંથીઓ આવેલી છે. બરોળ-માં લોહી લાવતી ધમનીઓ એ લસી-ગ્રંથીઓમાંથી પસાર થાય છે તે વખતે લોહીમાં લસી-કોષો ભળે છે. પરિણામે, બરોળમાંથી બહાર નીકળતા લોહીમાં, અંદર ગએલા લોહી કરતાં સાઠ ગણા વધારે લસી-કણો સમાએલા હોય છે.

બરોળનું કાર્ય ગૂઢ ને ગહન છે. જીવન-નિભાવમાં એના કાર્યનું રહસ્ય પૂર્ણપણે હજુ સમજાયું નથી. બાલ્યાવસ્થામાં તે લોહીની બનાવટમાં ભાગ લે છે. લોહી ને હાડકાંના વ્યાધિઓમાં તે અગત્યનો ભાગ ભજવે છે. આથી મૅલરિયા, ઍનીમિયા, સિફિલિસ અને ઉથલા ખાઈ આવતા તાવમાં તે મોટી થાય છે. મૅલરિયા અને ટાઇ-ફૉઈડ તાવમાં દરદીની બરોળ વધે છે તેનું કારણ હવે સમજાશે.

લસી-કણો

લસી-કણોનું બીજું નામ લીમ્ફોસાઈટ્સ છે. અસ્થિ-મજ્જા, લસી-ગ્રંથીઓ, નાનાં આંતરડાં, ટૉન્સિલ્સ અને બરોળમાં લસી-કણો પેદા થાય છે. તે લોહી અને લસી પ્રવાહમાં સ્વતંત્રરીતે સતત ફર્યા કરે છે. લસી-કણો રંગવિહીન હોવાથી લોહીના ધોળા કણોને મળતા આવે છે. આ લસી કણો લસી-પ્રવાહમાં અને લોહીમાં લાંબાંટૂંકા, પહોળા કે વિચિત્ર ઘાટ ધારણ કરે છે. શરીરમાં એક પણ જગ્યા એવી નહિ હોય કે જ્યાં આ લસી-કણો અને ધોળા-કણો નજરે ન પડે. પૃથ્વી ઉપરની સમસ્ત માનવ વસતિ કરતાં પણ સેંકડોગણાં વધારે કરોડો-અબજો લસી-કણો આપણા શરીરના નાનકડા ક્ષેત્રમાં સતત ઘૂમતા ફરે છે. આથી તેને 'ઘૂમતાં કણો' પણ કહે છે. એ ઘૂમતા કણો શરીરમાં પોલીસ, સૈનિક, રસ્તો સાફ કરનારા ને

અકસ્માત વખતે મદદ પહોંચાડનારાનાં જેવાં કાર્યો ઉપાડે છે. શરીરમાં કોઈ ઠેકાણે પરાયું દ્રવ્ય, કે ગરેલા કણ, કે રોગ-જીવાણુઓ હોય કે તરત જ ઘ્રાણેન્દ્રિય જેવી શક્તિના પ્રતાપે લસી-કણોને તેની ખબર પડી જાય છે, અને સત્વર રુધિરવાહિનીઓમાંથી, લસી-ગ્રંથીમાંથી ને શરીરના દૂરદૂરના ભાગોમાંથી લ્યુકોસાઈટ્સ ત્યાં દોડી જાય છે અને જીવાણુઓને હજમ કરવાનું કાર્ય કરે છે. (જુઓ ચિત્ર) આથી તેમને જંતુભક્ષકો (Phagocytes ફૅગોસાઈટ્સ) પણ કહે છે. લસી-કણોનું પ્રમાણ એક હજાર રાતાં કણે એકનું છે.

તાવ, ચેપી રોગો અને પરુ થતું હોય તે દરમિયાન લ્યુકોસાઇટ્સની સંખ્યા વધે-ઘટે છે. ટાઇફૉઇડ અને ઓરીમાં તેમની સંખ્યા ઘટે છે. બીજા વ્યાધિઓમાં તેમની સંખ્યા અને પ્રકારમાં વધારો થાય છે. વ્યાધિ દરમિયાન સૂક્ષ્મદર્શક દ્વારા લોહીના ટીપામાં તેમનું નિરીક્ષણ કરવાથી ઘણાં અનુમાન તારવી શકાય છે.


કોષોને પોષણ પૂરું પાડવાના કાર્ય ઉપરાંત લસી, દેહનું રક્ષણ કરવાનું અતિ અગત્યનું કાર્ય કરે છે. ચામડીમાં કાંટો વાગવાથી, ઘા પડવાથી કે રોગ-જીવાણુઓના પ્રવેશથી તંતુઓને ઇજા થાય ત્યારે ત્યાં લોહી ધસી આવે છે. એને સમાવવા આસપાસની કેશવાહિનીઓ પહોળી થાય છે. વધુ લોહી આવવાથી લસીનો સ્રાવ પણ વધે છે. લોહીનો પ્રવાહ વધવાથી ઘા વાળી જગ્યા સૂઝેલી, લાલ ને ગરમ બને છે. તંતુઓની વચમાં લસીનો જથ્થો વધવાથી તાણ(Tension) થાય છે. આમ થવાથી ઘામાં વેદના અનુભવાય છે.


ઘા રૂઝાવવામાં લસીમાંનું પ્રોટીન ઘણું કામ આપે છે. વળી લસીમાં લોહીના ધોળા કણો પણ હોય છે. આ કણ ઘા અને સાજા તંતુઓની વચ્ચે ખડકાઇ જઈ રક્ષણાત્મક દીવાલ ખડી કરે છે. આથી ચેપ એ જ સ્થળે સ્થગિત થાય છે. એક જાતનાં ધોળા કણો અને લસીકણો જીવાણુઓને પકડી, તેમને નિર્વિષ અને સ્વાદિષ્ટ બનાવવા તેમના ઉપર રુચિકર દ્રવ્યો (Opsonins)નો સ્રાવ કરે છે. પછી તે જીવાણુઓને ઉંદરની જેમ કાતરીકાતરીને ખાઈ જાય છે.

પણ કદીક જીવાણુઓ પ્રબળ હોય ને ધોળા કણોનો નાશ કરે ત્યારે પણ રક્ષણાત્મક દીવાલને ઉલ્લંઘીને તે આગળ તો જઇ શકતા જ નથી, કારણ કે શરીરના કોઇ પણ ભાગમાં રોગના જીવાણુઓ અને ધોળા કણો વચ્ચે 'યુદ્ધ' જામ્યું હોય ત્યારે લસીગાંઠો, બરોળ અને હાડકાંનો ગર્ભ ઝડપથી નવા ધોળા કણો અને લસીકણો અનેકગણી સંખ્યામાં ઉત્પન્ન કરે છે અને તે બધાં 'સંગ્રામ'ના સ્થળે ધસી જઈ રોગ-જીવાણુઓનો નાશ કરે છે. અંતે ધોળા કણોને વિજય સાંપડે છે ને આપણે રોગમુક્ત બનીએ છીએ. યુદ્ધમાં નાશ પામેલા ધોળા કણોનો જથ્થો પરુ બને છે. કાંટા જેવી પરાયી ચીજને શરીરમાંથી દૂર કરવા, ધોળા કણો કાંટાની આસપાસના તંતુઓને ખાઈ જઈ પ્રવાહી બનાવે છે. આ પણ પરુ હોય છે. પરુ એકઠું થાય ત્યાં 'ગૂમડું' થયાનું આપણે કહીએ છીએ. ગૂમડું અને પરુ એ શરીરમાં પ્રવેશેલી પરાયી ચીજોને બહાર હડસેલી કાઢવાની કુદરતી કરામતના વિજયની એક નિશાની છે.

પણ જો પ્રબળ જીવાણુઓ ધોળા કણો ઉપર વિજય મેળવે તો જીવાણુઓ કે તેનું ઝેર લોહીમાં ભળી શરીરમાં (અનુ. પૃ. ૨૧મે)

લસી-કણની વિશિષ્ટ કામગીરી દર્શાવતો આલેખ:





શરીરમાં ઉત્પન્ન થતા કે પેસી જતા રોગના અણુ, પરાયા પદાર્થો, વગેરેને ગળી જઇ નાશ કરતા સફેદ કણો ઉત્પન્ન કરતી લસીગ્રંથી. આવી અસંખ્ય ગ્રંથીઓ આપણા શરીરમાં ઠેરઠેર આવેલી છે, જેનાં સ્થાન તથા વિગત બીજા ચિત્રમાં દર્શાવ્યાં છે. મથાળે (અ) આગળ દેખાડેલી શિરામાંથી લસીપ્રવાહ ગ્રંથીમાં દાખલ થાય છે અને ત્યાંથી નવા ધોળા કણોને લઇ નીચે બતાવેલા (બ) માર્ગે બહાર નીકળે છે.

ઉપર: નીચેના ચિત્રમાં હાથમાંના અંગૂઠા પાસે કાંટો વાગ્યો છે. એ વાગતાં તેમાં પરાયા જંતુ દાખલ થાય છે. તેને પકડીપકડીને લસીમાંના ચોકિયાત સફેદ કણો કોણી પાસે રહેલી લસી-ગ્રંથી (ગાંઠ)માં પહોંચાડે છે, તેનો માર્ગ ટપકાં વડે દર્શાવ્યો છે. અને એમ, એ માર્ગે તાજા ધોળા કણ રૂપી સૈનિકોની કૂચ, જ્યાં સુધી બધા પરાયા જીવાણુઓનો નાશ ન થાય ત્યાં સુધી, ચાલુ રહે છે. હાથની ઉપરની મોટી ગોળાકાર આકૃતિમાં, મથાળે એ કાંટો તથા તેની આસપાસ ચાલતી લસી-કણોની યુદ્ધક્રિયા ઘણા મોટા રૂપમાં બતાવ્યાં છે, જેમાં કાંટાની અણીની આસપાસ કાળા જીવાણુઓ છે તેને ધોળા કણો ઘેરી વળીને તેનો નાશ કરતા દર્શાવ્યા છે. બાકીના ભાગમાં લસીના કણો તથા તેના પ્રવાહની રચના દર્શાવી છે.

મકાનનાં ભૂત



અને અસહ્ય ગભરાટને લીધે મારી આંખ ઊઘડી ગઈ.

જ્યારે હું ઘરમાં પ્રવેશ્યો ત્યારે મોટા ભાઈ ઉચ્ચ સ્વરે કૈંક કહી રહ્યા હતા ને સૌ પથારી પર આડા પડ્યાપડ્યા 'મિયાં-ની મીંદડી' થઇને સ્તબ્ધતાથી સાંભળી રહ્યા હતા.

'પરોઢિયે પાંચ વાગ્યે મેં એ મકાન જોયું છે. બપોરે, સાંજે ને રાત્રે ૧૧ વાગે પણ મેં એ જ મકાન જોયું છે. છેલ્લાં છએક માસથી હું બરાબર નિરીક્ષણ કરતો આવ્યો છું. આટલા દિવસોમાં મેં હજુ એ મકાનમાં એક પણ કપડું સુકાતું જોયું નથી. રાત્રે એક પણ સળગતી બત્તી જોઇ નથી. આવા સરસ વિસ્તારમાં ને આ જમાનામાં આવું સરસ મકાન આમ ખાલી પડયું રહે એ જ આશ્ચર્યકારક છે.'

મેં વચમાં જ પૂછ્યું, 'કયા મકાનની વાત કરો છો?'

'મિશન રો ને સેંટ્રલ એવન્યુના ક્રોસિંગ આગળ જ મોટું મકાન નથી? સામે પેટ્રોલનો પંપ છે ને ડાબે હાથે ફોર્ડ કંપનીની ઑફિસ.'

મેં પૂછ્યું, 'પેલું પાંચ માળનું છે એ મકાન? કદાચ એને તો હજુ રંગ પણ કરાવ્યો નથી.'

મોટાભાઇએ ઉત્તર આપ્યો, 'હા એ જ.'

અવિનાશે પાસે ખસતાં મને બધી વાત સમજાવવા માંડી, 'એ જરા રહસ્યમય મકાન છે. કલકત્તાભરમાં મેં આવું વિચિત્ર મકાન જોયું નથી. મોટા ભાઈ કહે છે કે એમાં કોઈ રહેતું નથી. લોકવાયકા પ્રમાણે યુદ્ધ પૂર્વે ત્યાં નીચે બૂટની દુકાન હતી, અને તને યાદ હોય તો હજુ પણ એ દુકાનનું પાટિયું લટકે છે. એક રાત્રે કામ વધી જતાં એ દુકાનના ત્રણ માણસો રાત ત્યાં જ રોકાયા હતા. સવારે ત્રણેનાં મુડદાં મળી આવ્યાં. લોકો કહે છે કે યુદ્ધ દરમિયાન ગવર્મેન્ટે દસેક સૈનિક પણ એક વખત ત્યાં રાખ્યા હતા. બીજી સવારે દસેનાં શબ મળી આવ્યાં. ત્યારથી ત્યાં કોઈ રાત રહેતું નથી. નથી ત્યાં અવાજ સંભળાતા કે નથી કોઇ ભૂત દેખાતાં; પણ મકાનની બારીઓ હમેશાં ખુલ્લી હોય છે. હજુ ધોળાવેલું યે નથી. અંદર મેં હજુ સુધી એક પણ માણસ જોયો નથી. દરવાજા બહાર એક બિહારી દરવાન ખાટલા પર પડયો રહે છે. કહે છે કે સાંજ થતાં થતાં તો એ ય ચાલ્યો જાય છે. મુખ્ય દ્વારને તાળું મારેલું છે ને કોઇને અંદર જવા દેતા નથી.'

હું નિઃશબ્દ થઇને સાંભળી રહ્યો ને નાની વિશાખા તો જાણે તેની પાછળ જ ભૂત આવીને બેસી ગયું હોય તેમ એકદમ મોટાભાઈની સોડમાં આવીને બેસી ગઇ! શાંતિ તોડતાં મેં કહ્યું, 'તારી વાત તો બરાબર છે. મેં પણ કોઈ દિવસ એમાં સળગતી બત્તી જોઇ નથી. દરવાજાને હમેશાં તાળું મારેલું હોય છે એ યે સાચી વાત છે. મુંબઇ કે મદ્રાસમાં પણ રાજમાર્ગો પર આવું ભેદી મકાન મેં કદી જોયું નથી.'

રજાઇમાંથી મોઢું બહાર કાઢતાં સુરેશે કહ્યું, 'યાર, તપાસ તો કરવી જોઈએ. એવા મકાનનો અનુભવ પણ કરવા જેવો હોય છે.'

અવિનાશ બોલ્યો, 'રજાઈમાંથી જ, કેમ?' ને સૌ હસી પડયા.

'આજના મકાન માલિકો એવા મૂર્ખ નથી કે આવું સરસ મકાન તદ્દન ખાલી રહેવા દે. વિસ્તાર પણ સરસ છે. એવા બ્લૉકોની આજે પાઘડી પણ સારી આવે. કંઈક હોવું જોઇએ. કારણ વગર આટલું મોટું મકાન સાવ નિર્જન ન રહે,' મોટાભાઇએ કહ્યું.

મેં પૂર્તિ કરી, 'હા, નહીં તો સરકાર નિરાશ્રિતોને કેમ ન રાખે? અત્યારે તો સરકાર ફાજલ મકાનો પણ લઈ લે છે. મને તો એ મકાનમાં જ કંઈક વિચિત્રતા જણાય છે.'

મોટા ભાઇએ કહ્યું, 'આ મકાન ભેદી છે તે હું ઘણા વખતથી જાણું છું. ગઈ કાલે એક શીખ ટૅકસીવાળાએ મને કહ્યું કે એ મકાન કોઈ અશુભ ઘડીએ શરૂ થયું છે કે હવે તેમાં કોઇ માણસ રાતભર જીવતો રહી શકતો નથી. અંદરના ઓરડા પણ વર્ષોથી સાફ થયા વગરના પડયા છે. ભીંતો પર, બારીઓ પર સર્વત્ર ધૂળના થર જામી ગયા છે. ચામાચીડિયાં ધોળે દિવસે ત્યાં ઊડે છે.'

ભીંત પરના ઘડિયાળમાં ટકોરો પડયો. સાડા અગિયાર થયા હતા. બહાર સુસવાટા મારતો ઠંડો પવન ફૂંકાતો હતો અને છેલ્લી ટ્રામ પણ ક્યારનીય ડીપો તરફ ચાલી ગઈ હતી. બત્તી બંધ કરીને મોટા ભાઇના આદેશથી સૌએ સૂવાની તૈયારી કરી. મારા મગજમાં હજુ એ મકાન ઘોળાયા કરતું હતું. મને વિચાર થતો હતો કે આવું ભેદી મકાન કલકત્તામાં હોય અને કોઈ જવાંમર્દ ત્યાં રાત રહેવાની હિંમત ન કરે એવું બને નહિ. પણ તરત જ બીજો વિચાર આવ્યો. સૈનિકો પણ જો જીવતા બહાર ન નીકળી શક્યા હોય તો સામાન્ય માણસનું શું ગજું? વળી સૈનિકો પણ એક-બે ન હતા; દસ સુસજ્જ સૈનિકો! દરવાન પણ અંદર સૂતો ન હતો. દરવાજાની બહાર ખાટલા પર સૂતો હતો. કારણ વિના એ શા માટે બહાર સૂએ? અને આવા સરસ સ્થળે બંધાએલા મકાનમાં લોકો ન રહે એ પણ શક્ય નથી. કંઇક અદ્ભુત તત્ત્વ જરૂર હશે જે આ ભેદી મકાનની ભયંકરતા પાછળ ભાગ ભજવી રહ્યું છે. વિચારાધીન અવસ્થામાંથી નિદ્રાધીન ક્યારે થયો એ ખબર પડી નહીં પણ અરધી રાત્રે જ્યારે ઘડિયાળમાં બારના ડંકા પડતા હતા ત્યારે હું સહસા પથારીમાંથી બેઠો થઈ ગયો અને મેં જોયું તો મારા કપાળ પર પ્રસ્વેદનાં બુંદ બાઝી ગયાં હતાં!

મારું સ્વપ્ન મને યાદ આવવા માંડયું. આ અસામાન્ય ચમત્કારનો ઉકેલ શોધવા મેં ત્યાં રહેવું શરૂ કર્યું. (અનુ૦ પૃ. ૨૧મે)



બાંધ ગઠરિયાં...



આપકથા

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા

લેખક ઇ. ૧૯૧૬માં અમદાવાદમાં ગયા અંકમાં જેનું વર્ણન આવે છે તે ફાયરમૅન હિંમતલાલે પાડેલો ફોટો

હવે આપણે પાછા સુરત આવીએ. ધોરણ તો બે રહ્યાં: છઠ્ઠું અને સાતમું—એટલેકે મૅટ્રિક. ખાડી પાર! દાખલામાં અહીં તો ચાલતું હતું, પણ મૅટ્રિકમાં કેમ નીકળાશે, એ ચિંતા હમેશની રહેતી. પણ ભણતર ઉપરાંત સુરતમાં બીજી એવી નવાજૂની થતી રહી કે એ ચિંતાને ટોહલે ચડાવી દેતી.

જ્યાં વલંદાની કોઠી, તેનો આર્યસમાજ હૉલ થયો. બરાબર અમારી નિશાળની પાછળ, બે મિનિટને રસ્તે. ત્યાં મિ. મોહનદાસ ગાંધી તે અરસામાં આવી પહોંચ્યા! સફેદ ફેંટો, અંગરખો અને ખાસ્સું લાંબું ધોતિયું. સાંજે ભાષણ: 'જર્મન સામેની લડાઈમાં રંગરૂટ તરીકે નામ દાખલ કરાવો અને પૈસા ભરો; લડાઈમાં મદદ કરો.' પહેલી વાર મિ. ગાંધીને ત્યાં ભાષણ કરતા સાંભળ્યા. એ જ હૉલમાં પાછળથી હોમરૂલ લીગના સભ્યોએ વાક્ધારા વહેવડાવી હતી. તેમાં નગીનદાસ માસ્તર સાફ ઠાવકું ગુજરાતી બોલતા; જમનાદાસ દ્વારકાદાસમાં જરા આવેશ હતો; કનૈયાલાલ મુનશીમાં (મામાજીએ ત્યારે કહેલું કે 'ઘનશ્યામ વ્યાસ'ના નામથી 'ગુજરાતી'માં 'વેરની વસુલાત' ચાલુ વાર્તા લખે છે તે આ જ લેખક) થનગનતી જુવાની હતી. પણ એવા જ નાનકડા કદના નરસિંહ વિભાકર તો ભારે ઝનૂનભર્યું ભાષણ કરતા. ગુજરાતી ભાષામાં ફારસી શબ્દોનો આટલા ચાતુર્યથી ઉપયોગ થઈ શકે છે એ ત્યારે જાણ્યું. ચન્દ્રશંકર પંડ્યા વાક્યે વાક્યે તાળી પડાવતા, જોરદાર ભાષણ કરતા, અટપટી વાક્યરચના કરતા ને આખરે 'ક્લાઇમૅક્સ' લાવતા. તિલક મહારાજનો મંત્ર—'સ્વરાજ્ય એ મારો જન્મસિદ્ધ હક્ક છે, અને તે હું લઇશ જ' તો અમારા નિશાળિયાઓના મનમાં ગુંજતો થઇ ગયો હતો.

અને પછી ઍની બેસંટ. આવું અંગ્રેજી તો અમે કદી સાંભળેલું જ નહિ. પ્રૌઢ, પ્રેરણાદાયક, પ્રતિભાશાળી વ્યક્તિત્વ અને વેધક, સચોટ, સોંસરી ઊતરતી વાક્ધારા: અમે તો દિગ્મૂઢ જ થઇ જતા. લોકમાન્યનું નામ સાંભળ્યું હતું: મહારાષ્ટ્રનો વીરકેસરી. એના દર્શનનો લાભ એ જ અરસામાં રજામાં ગંગાપુર જતાં ગોધરે ઊતર્યો ત્યાં મળ્યો. ત્યારે ગોધરામાં ગુજરાત પ્રાંતની પહેલી રાજકીય પરિષદ ભરાઇ હતી. મિ. મોહનદાસ ગાંધી 'કર્મવીર ગાંધીજી' તરીકે ઓળખાઈ ચૂક્યા હતા. સવારે ઊપડતી લોકલમાં બેસવા જતાં ત્યાંના એક મિત્રે 'સાથે સી. આઈ. ડી. છે' કહીને ભડકાવ્યો અને ગોધરા જવાનું મોકૂફ રાખવા સમજાવ્યો. પણ સુરતથી જ નીકળતાં અગાઉ પાંચ રૂપિયા મોકલી વિઝિટરની ટિકિટ મંગાવી લીધી હતી, એટલે જરા મૂંઝાયા તો ખરા, છતાં ઊપડ્યા.

ઊતરવાનું તો સ્ટેશન યાર્ડમાં લક્ષ્મણરાવ કરીને હેડ કલાર્કને ત્યાં;—ગંગાપુરથી જ બદલી થઇ અહીં આવ્યા હતા. પરિષદમાં જવાને નવાં સીવડાવેલાં કોટપાટલૂન ભભકાથી પહેર્યાં, અને ઉપર સફાઇથી ચીપીચીપીને નેકટાઇ બાંધી. હૅટ સુધી હજી માગલો નહોતો પહોંચ્યો; ઊંચી દીવાલની કાળી બૅંગલોર કૅપ પહેરતો.

બીજી વાર ગાંધીજીને ફેંટા—અંગરખામાં જોયા, અને એ રીતે અહીં છેલ્લી વાર જ જોયા. લાલ ફેઝમાં વિઠ્ઠલભાઈ પટેલ ને મહમદઅલી જિન્હાને જોયા, બોલતાં સાંભળ્યા. ચન્દ્રશંકર પંડ્યા પણ ઘુરકેલા, વાણીવિલાસ ચલાવેલો, પણ મરાઠીમાં લોકમાન્ય તિલકે જે છાપ પાડી તે ઘણી ઊંડી હતી. ત્યારે વળી લાઉડ સ્પીકર કેવાં? છતાં દૂરથી પણ બધા બરાબર સાંભળી શકતા. તિલક મહારાજને જોઇને તો આંખમાં આંસુ આવી ગયાં હતાં.

ત્યાંથી જે દિવસે નીકળવાનું હતું તે દિવસે મેઈલમાં જગ્યા મળી નહિ, અને રહી જવું પડ્યું. રાતે બે વાગ્યે ટાઢમાં ગોધરાથી બેસવાનું હતું. અંતે બીજે દિવસે દોડતા—ભાગતા, છેલ્લી ઘડીએ એન્જિન પાસે કોરીડોર ડબ્બામાં જગ્યા મળી. અંધારામાં ચડી તો ગયા; પણ સવારે ઊઠીને રતલામમાં જોઈએ તો ફર્સ્ટ ક્લાસ; અને પડખે મિ. મહમદઅલી જિન્હા! આપણી તો છાતી ગજ ગજ ફૂલે. અને હવે બેઠા ત્યાંથી ઊતરે કોણ? રતલામથી તો વળી આપણો જ ડિસ્ટ્રિક્ટ. આખે રસ્તે, કંઈ બહાનું કાઢી જિન્હા સાહેબ સાથે વાત કરવા હજારો તરકીબ વિચારી, પણ બધી પડી ભાંગી; છેલ્લી ઘડીએ હિંમત જ ન ચાલે!

ગંગાપુર જઇ બાપુજી આગળ ગોધરાની આખી વાત ફુલાવી ફુલાવીને કહી. એ સાંભળતાં એમને ઘણો જ આનંદ થયો, એટલું જ નહિ, પણ તરત જ મદ્રાસ કાગળ લખી, નટેશન કંપનીએ બહાર પાડેલો 'ઇન્ડિયન નેશન બિલ્ડર્સ'નો નેતાઓનાં જીવનચરિત્રોનો આખો સેટ મને વાંચવા મંગાવી આપ્યો.

કૈસરે યુરોપ સળગાવ્યું ત્યારે હિંદ આળસ મરડી જાગ્રત થતું હતું. નિશાળના કૉમ્પાઉન્ડમાં અમારી નિશાળના એક છોકરાએ 'વન્દે માતરમ્'ની બૂમ પાડી, એમાં એણે પહેલે દિવસે દસ સોટીનો માર ખાધો; અને ફરીથી ક્લાસમાં બૂમ પાડી એટલે એને કંઈ બીજા બહાના હેઠળ ડિસમિસ કરવામાં આવ્યો. સુરતની સાર્વજનિક હાઇસ્કૂલના પિતા ને કૉલેજના સંસ્થાપક શ્રી ચુનીલાલ શાહ ગાંધીજીને પોતાની નિશાળમાં લઈ ગયા હતા, પણ સરકારી નિશાળમાં એમનો પડછાયો સરખો ન પડે એવી તકેદારી રાખવામાં આવી હતી.

ત્યારે નિશાળમાં બે લાયક માસ્તરો હતા. એમાંના એક માણેકજી પટેલ. તાજા જ મુંબાઇથી બદલી થઇને આવેલા, પણ આવતાં વાર જ સૌનો ચાહ જીતી લીધો હતો. કદાવર, ભારેખમ ને રમૂજના જાણકાર, એટલે એના કલાસમાં મજા આવતી. એ 'ડૉન કવીઝૉટ' શીખવે, અને એનો પારસી જબાનમાં તરજુમો કરે, ત્યારે તો પેટ પકડી હસાવે. સૅકો પાન્ઝા આવે ત્યારે તો એ ખૂબ જ ખીલે. અંગ્રેજી ઉપર સુંદર કાબૂ, અને અધરં વર્ડ્ઝ તો ચપોચપ લખાવે. ડૉનનાં વળી ઠેકાણા વગરનાં ચિત્રો એ બોર્ડ પર પાડે ત્યારે તો હદ જ થાય! એ ઇતિહાસ શીખવતાં ત્યાંનાં રાજારાણીઓની પાર વિનાની ઠેકડી કરતા. એમની નીતિને વગોવતા, એમની જીતોને લૂટફાટ કહેતા, એમની ચાલબાજીને ઉઘાડી પાડતા. અંગ્રેજો તરફ કોઇને પણ રહેજ-રહેજ માન હોય તો તે મોડી નાખતા.

આજ સુધી આવી રીતે અમને કોઈએ ભણાવ્યું ન હતું. અંગ્રેજોની ભૂલ કાઢવાના કોઈની હિંમત જ ચાલતી નહિ. માસ્તર છોકરાઓ સાથે ભળી જઈ, એમની સાથે ચાલુ કલાસે પણ માણસાઈથી વાત કરે, એવું આ અમે પહેલી વાર જ જોયું. પણ એને અને અમારા હેડ માસ્તર ફરદુનજી મહેતાને સામે જોતાં જ વેર. માણેકજી પટેલ કલાસ લેતા હોય અને ફરદુનજી કલાસમાં આવી ચડે તો અમે તો તરત રિવાજ મુજબ ઊભા થઇએ. પણ પટેલ માસ્તર કંઈ દાદ આપે નહિ, એટલું જ નહિ, પણ એવી રીતે ચડી આવવાથી પોતાને શીખવવામાં ખલેલ થાય છે એમ પણ રોકડું પકડાવી દેતાં ડરે નહિ.

પછી તો એમને વિષે જાતજાતની અફવાઓ આવવા માંડી. કોઈ કહે કે એ તો સી. આઈ. ડી.નો માણસ છે; અને કોઇ કહે કે સરકારે એને જાણી જોઈને અન્યાય કરી નીચે ને નીચે રાખવા નક્કી કર્યું છે. પણ એક વાત તો એવી આવી કે કલકત્તાની ૧૯૦૬ની કૉંગ્રેસમાં હિન્દના દાદા દાદાભાઇ નવરોજીએ સ્વરાજ માટેનો જે ઠરાવ મૂકયો એને ટેકો આપવા બોલનારામાંના એક આ માણેકજી પટેલ હતા. આ વાત ઘણા ન માનતા, પણ પાછળથી એના રીપોર્ટમાં જોઇને અમે ખાતરી કરી હતી, એટલે પછી સૌકોઈ માનતા થયા, એટલું જ નહિ પણ મને એમને માટે ઘણું માન વધી ગયું.

એટલામાં એમની બદલીની વાત આવી, ને સૌ વિદ્યાર્થીઓનાં દિલમાં ધ્રેરકો પડયો. અહીં એની લોકપ્રિયતા સરકારને ન ગમી, યા તો હેડમાસ્તરે એની સામે રિપોર્ટ કર્યો,—કોણ જાણે; પણ એને પાછા મુંબાઇ એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં જવાનું થયું. છઠ્ઠા ને સાતમાં ધોરણના છોકરાઓ એને વિદાયમાન આપવા તૈયાર થઈ ગયા. ઠાકોર અને હું હેડમાસ્તર પાસે ગયા. પણ એણે સ્કૂલમાં કંઇ પણ કરવા દેવાની ના પાડી. બસ; આથી ફરફેરાટ વધ્યો. પૈસા એકઠા કરવામાં આવ્યા, માનપત્ર સાટીનના કપડા પર છપાવવાનું કર્યું, એને મઢવા માટે ફ્રેમ નક્કી કરી, એનો ફોટો પડાવી એની સો બસો નામી નકલો કઢાવી, એ જ આર્યસમાજ હૉલ ભાડે ઠરાવી આવ્યા, શહેરના જાણીતા બૅરિસ્ટર મગનલાલ વિદ્યાર્થીને પ્રમુખસ્થાન માટે નક્કી કરી આવ્યા, દરેકે દરેક માસ્તરને નોતરાં આપી આવ્યા, અને ભરચક હૉલમાં સભા ભરી માનપત્ર આપ્યું.

દુર્લભરામ વખારિયા અને રણજીત રાયજીએ માનપત્ર છપાવવાની વેતરણ કરી, ઠાકોર એસ. ઠાકોરે એના લખાણ સંબંધી તજવીજ કરી, અને કોઈ પણ પ્રકારની બંધારણ કમિટી વિના એક પંચની માફક સૌએ પોતપોતાનું કામ કરી પ્રસંગ સફળતાથી પાર પાડયો.

ચન્દ્રશંકર, વિભાકર, મુનશી, જગનાદાસ વગેરેને સાંભળેલા, એટલે એ બધાની છટાનુસાર ભાષણો કર્યા, અને એ જ વરસ માટે આવેલા કૉંગ્રેસવાદી માસ્તરને અમારા સંજોગ પ્રમાણે, અમારી આવડત અને હિંમત પ્રમાણે, વિદાયમાન આપ્યું.

બધા તો નહિ, પણ થોડા માસ્તરો આવેલા. એમને માટે માન થયું બાકી બૂમ તો એવી પડી રહી કે બસ: હવે અમે બધા જ વિદ્યાર્થીઓ ડિસમિસ થવાના. આપણી પાસે તો રેલવેનો પરવાનો, એટલે માણેકજી પટેલને સુરતથી ઠેઠ મુંબાઈ સુધી, એમના ખેતવાડીમાંના ઘર સુધી મૂકવા ઊપડયા. સ્ટેશન પર તો ભારે અલગાર; ફૂલોના હારનો પાર નહિ. આ પ્રસંગને લઇને અમારામાં નવી શક્તિ, નવો ઉત્સાહ આવતો હોય એવું લાગ્યું, ને ભણતર, જે બીક, જે ભય મનમાંથી કાઢવા અશક્ત નીવડયું, તે કામ આ પ્રસંગે કરી બતાવ્યું. હું માનું છું કે આ પ્રસંગ ન આવત તો મારામાં જે કંઇ હિંમત આવી તે ન આવત;—નિશાળના ભણતરથી તો ન જ આવત.

માણેકજી પટેલ આવ્યા ને ગયા; અને ટોળ ઠઠ્ઠો, મજાક-મશ્કરી કરતાં-ઝીલતાં શીખવી રમૂજ તરફ પ્રેમ અને અંગ્રેજો તરફ સૂગ કેળવતા ગયા. અને આ કંઇ જેવીતેવી કેળવણી નહોતી. પણ હાઈસ્કૂલમાં એક બીજા માસ્તર હતા. એમણે જે છાપ પાડી તે અનેરી હતી. એમનું નામ ચન્દ્રવદનરાય મુનશી. અમે એમને સી. આર. મુનશી માસ્તરને નામે ઓળખીએ.

ગોરું મોં, ભવ્ય ' ··ળ, ખાસ્સી ઊંચાઈ અને સરસ બાંધાની



એ વ્યક્તિનો નિશાળમાં ચારે બાજુ ધાક પ્રવર્તતો. મુનશી માસ્તરના નામ માત્રથી સૌકાઈ બીએ. કોઇ માસ્તર ગેરહાજર હોય તો મુનશી માસ્તર કલાસ લે કોઇ પણ વિષય શીખવે. કાળો ડગલો, લાલ પાઘડી ને પાટલુનમાં એ હમેશાં નિશાળમાં અમે ત્યાંથી જઇએ ત્યારે નીકળી પડે. એ પહેલા આસિસ્ટંટ હતા, છતાં ખરું પૂછો તો નિશાળનો વહીવટ, નિશાળની સ્વચ્છતા, અને નિશાળનો વ્યવહાર એમને લઈને જ ચાલતાં.

નિશાળના વરન્ડામાં ફરવા નીકળે ત્યારે બાંયમાં નાની સોટી સંતાડેલી જ હોય. એનો ઉપયોગ જોકે બહુ જૂજ કરતા, પણ કરતા ત્યારે બરાબર કરતા. આ લખું છું તે હથેલીએ એમની સોટીનો સ્વાદ સારી રીતે ચાખ્યો હતો: એક કરતાં વધારે વાર. છતાં એ જ હાથે એમને માટે લખેલી કાવ્યપ્રશસ્તિ, ત્રણચાર સાલ પછી એમનું અવસાન થયું ત્યારે, નિશાળમાં યોજાએલી એમની શોકસભામાં, ખાસ મુંબાઇ જઈને છપાવી લાવેલી વાંચી હતી. એ અરસામાં કવિ નાનાલાલને તાજો મળેલો, એનું લખાણ વાંચતો, અને વગર મહેનતની 'ડોલનશૈલી' લખવી સરલ, એટલે એ ઢબે લખી નાખી હતી.

સ્વભાવ બહારથી કડક, પણ હૃદય ઘણું કોમળ રણજીત રાયજીને અને મને ઘાંટા પાડે. (ઠાકોર તો ઠરેલમાં ગણાય, એટલે એને તો કંઈ કહે નહિ) પણ મનમાં કંઈ જ નહિ.

એ અરસામાં એક કૉન્સર્ટ કરવાનું નક્કી થયું, અને અમારી નિશાળમાંથી પણ એકબે દેખાવો ભજવવાના આવ્યા. અમારા મિત્ર દુર્લભરામના ભાઈ છોટુ વખારિયા અને એની ટોળી માટે 'ખૂબસૂરત બલા'માંથી એક સીન નક્કી થયો. અમારો છોટુ તૌફિક બનતો અને 'કયું જી તૌફિક! કિસ હાલમેં હૈ?' પૂછે કે તરત મોઢું ફેરવી, ડોળા કકડાવી તે, 'શેર લોહે કી જાલમેં હૈ' કહી જે બેપરવાઈથી બોલતો એ જોઇ અમે તો આફરીન થઇ જતા. અમારે ભાગે મુનશી માસ્તરે નવાબનો પાઠ શોધી આપ્યો, અને મને અને રણજીત રાયજીને સાથે લીધા. અમને પાઠ ગોખાવે, અભિનય શીખવે અને રીહર્સલો સોટી બતાવી લે, તે પણ ચન્દ્રવદન મુનશી જ કરતા. અમે બે તો પછી અંદર ઘણું ઘરનું ઉમેરતા અને એ ખીજાતા! પણ નાટકને દિવસે ન રણજીતની જીભ હાથમાં રહી કે ન મારી કાબૂમાં રહી. અમે અમારી રીતે ઊપડયા, લોકો હસ્યા અને અમે થીએટરમાંથી બહાર નીકળતાં જ મુનશી માસ્તર મળ્યા. એમણે ઠપકાને બદલે શાબાશી આપી ત્યારે અમને નિરાંત થઈ. પણ રણજીત રાયજી ને હું સાથે રહ્યા તો ભણી તો નહિ જ શકીએ એમ એમના મનમાં વસી ગયું અને અમને બેને છૂટા પાડયા.

મૅટ્રિકમાં આવ્યા તે સાલ શીલ્ડ મૅચમાં ઠાકોર અને હું ઊતરવાના હતા. ઠાકોરલાલ ઠાકોર કૅપ્ટન, હું વિકેટ કીપર. રોજ સાંજે પ્રૅક્ટીસ વખતે ફીલ્ડ ઉપર મુનશી માસ્તર જાતે આવે. અમસ્થો પણ કૅચ ખોયો તો જીભના ચાબખા તો પડે જ, પણ કોઇ વાર તો સોટી પણ પડે! જે કરવું તે બરાબર કરવું એ એમનો સિદ્ધાંત. ને પોતે ક્રિકેટનું બૅટ ભાગ્યે જ પકડયું હશે, છતાં અરધો કલાક ફીલ્ડ પર ખરા. 'કમ્મર વાળો, બૉલ પાછળ દોરો, બરાબર અટકાવો' વગેરે સૂત્રો ઠસાવતા જ રહે.

કેટલાંક વર્ષોથી અમારી હાઇસ્કૂલમાં શીલ્ડ આવી નહોતી. અમારી ટીમમાં ભાઈબંધી સારી હતી અને વળી ઠાકોર ઠરેલ અને ઠાવકો કૅપ્ટન હતો, એટલે મૅચના છેલ્લા દિવસોમાં તો મુનશી માસ્તર અમારા પર ખૂબ જ ધ્યાન આપતા. અમારે મિશન હાઇસ્કૂલ સામે સ્ટેશન પાસે સિટી જિમખાનાના ગ્રાઉન્ડ પર રમવાનું હતું. અમે તો વખારિયાની ગાડીમાં નીકળી પડયા હતા, ત્યાં મુનશી માસ્તર ચાલતા જતા રસ્તામાં જ મળ્યા. અમે ગાડીમાંથી ઊતરી પડયા અને એમને બેસવા કહ્યું, તો કહે 'ના, તમારે રમવાનું છે; જાઓ ગાડીમાં.' ને અમને બેસાડયા ત્યારે જ રહ્યા. પાછળ ચાલતાં ચાલતાં પણ એમણે સંભાળથી રમવા માટે સૂચનાઓ આપ્યા કરી.

અમે ટૉસ હાર્યા અને દાવ લેવા જવું પડયું. રમતમાં આમ તો હું ઑટોગ્રાફ બૅટ વાપરતો, પણ 'ફોર્સ'નાં નવાં બૅટ આવ્યાં હતાં, તે લઇને આપણે પહેલા ઊપડયા, ને ત્રીજે જ બૉલે ડાંડિયું ગુલ! પાછા ફરતાં તો પગ જ ન ચાલે. તંબૂમાં જઇને મૅચ જોવાની પણ હિંમત ન રહી. એવામાં દસ રનમાં બીજી ત્રણ વિકેટ પડી! અમારા રામ રમી ગયા, અને મારી આંખમાંથી તો દડદડ આંસુ પડે. ત્યાં પાછા મુનશી માસ્તર હાજર: 'એવો કોઇ બૉલ પડી પણ જાય; એમાં હિંમત હાર્યે કંઈ ચાલે?' ઠાકોરે કૈંક સ્ટૅન્ડ આપ્યો, ને અમારા કેક બૉલર દોરાબ કૂપનાવાલાએ રંગ રાખી દીધો! જાતે ઠીંગુજી, દાબડીઓ, પણ 'દે ધડીમ!' એણે જે દેવા માંડી તે આંકડો ૭૮ પર પહોંચ્યો. પછી મિશન સ્કૂલ દાવમાં ગઈ. એની પહેલી જોડી ૩૦ કરી ગઇ ને અમારાં હાંજા ગગડવા માંડયાં. મિશનના હેડમાસ્તર ત્યારે મિ. બાસ કરીને હતા. જરા કંઈ થાય કે તરત બાઈબલ કાઢી પ્રેયર કરે! ફીલ્ડ ઉપર પણ જરાજરામાં બધાને એકઠા કરી ભાષણ કરે, અને બાઈબલ વાંચે. બત્રીસમે રને એક જણ શૉર્ટ રન લેવા ગયો અને બન્દાએ નેમ તાકી વિકેટ ખખડાવી નાખી. પછી તો અમારા કૅપ્ટને અને દોરાબે, બેયે જે માંડી છે તે, આવનજાવન કરાવી દીધી, અને ૪૮માં ટીમ લીધી! પણે પ્રેયર થાય અને અહીં વિકેટ પડે!

તે જ દિવસે કલાકેક બાકી હતો અને અમારે પાછા દાવ લેવા જવાનું થયું. જમે રન ત્રીસ ને બીજા જેટલા થાય તેટલા કરવાના. પણ આપણે જે આપણી અસલી રમત પર ઊતરી પડયા, ('બૅટ ઉપાડે સો બેટ્ટો') તે દસ રનનો 'કિંમતી ફાળો' નોંધાવી અમે બંને નૉટ આઉટ રહ્યા. તે સાંજે મુનશી માસ્તરે ખૂબ શાબાશી આપી, જીતો તો રજાનું પણ કહ્યું, ને સાંજે ગાડી કરાવી બધાને મોકલ્યા.

બીજે દિવસે તો અમે અરધો દિવસ રમી બહુ રન કર્યા. આઉટ ફીલ્ડ બહુ ખરાબ, છતાં બાઉન્ડરીઓ ફટકાવતા અમે સો ઉપર ફાળો લઈ ગયા. સામેની છાવણીમાં કલાકે કલાકે પ્રેયર થતી રહી, પણ ઇસુની દયા તો અમારી ઉપર જ વરસતી રહી! એમની આખી ટીમ ૩૫ રનમાં ખતમ થઇ ગઈ. સાંજનો પહોર હતો; અમારી ખુશાલીનો પાર નહોતો; એવામાં મુનશી માસ્તર મિ. બાસ પાસે ઊપડયા, અને આખી ટીમને ચાપાણી પીવા નોતરી લઈ આવ્યા.

બીજે દિવસે રજા તો પડી જ. પણ તે દિવસે મુનશી માસ્તરે અમને પોતાને ઘેર બોલાવ્યા. એ કડક માણસ પોતાને ઘેર આટલા કોમળ થઇ અમારું આટલું સારું સ્વાગત કરશે, એવો તો અમને ખ્યાલ પણ નહોતો. ત્યાં પાસે બેસાડી (અને એ જમાનામાં કોઇ માસ્તર વિદ્યાર્થીને પોતા સરસા ગણે એ જ અમારે મન સોનાનો દિવસ) હવે બૉલબૅટ પર મૂકો પૂળો; પરીક્ષા સામે આવી છે; તમે આટઆટલામાં કાચા છો; અને આ રીતે તૈયાર કરવા માંડો; એ બધું એટલી કાળજીથી અને લાગણીથી કહ્યું કે અમે તો છક જ થઇ ગયા.

પ્રિયંવદા જે કન્યાશાળામાં ભણતી ત્યાં જ વિલાસ ભણતી. વિલાસ એનાથી મોટી, એટલે આગલા ધોરણમાં હતી. પ્રિયંવદા આઠેકની હશે, વિલાસ બારેકની હશે, હું સોળ સત્તરનો હઈશ. અમારા કૅપ્ટન ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોરના વૃદ્ધ ને સજ્જન પિતા મોટા થીઓસોફિસ્ટ; અને પ્રિયંવદા ઠાકોરની ભત્રીજી થાય. એના મુંબાઇમાં રહેતા સૌથી મોટાભાઈ વૈકુંઠરાયની એ દીકરી, પણ રહે સુરતમાં. એ થીઓસોફીના મેળાવડાઓમાં જતી અને ત્યાં સુંદર ભજનો ગાતી. મારી અને ઠાકોરની દોસ્તી ઘણી ગાઢ થતી જતી હતી, અને મને એના વિના જરાય ચાલે નહિ એવું થઇ ગયું હતું. એને ઘેર પ્રિયંવદા વિલાસની વાતો કરે, એટલું જ; પણ એ સિવાય વિલાસ વિષે મારું અજ્ઞાન હતું તેવું ને તેવું જ રહ્યું. વિવાહ પહેલાં તો મેં એને અલપઝલપ જોઈ હશે, પણ વિવાહ થયા પછી અમે મળ્યાં નહોતાં, ત્યાં વાત કરવાનો તો પ્રસંગ જ ક્યાં? ન્યાતના મેળાવડાઓમાં એ મને જુએ,—નાટક કરતાં કે આમતેમ, પણ એ સિવાય એણે પણ મને નિરાંતે ભાગ્યે જ જોયો હશે.

વિલાસ, મારી વહુ. ના, વિલાસના પિતાએ ચૂંટી કાઢેલો હું એનો વર. અમારા મહોલ્લામાંથી એ પસાર થતી હોય તો નીચે મોઢે એ સડસડાટ ચાલી જાય. કોઇના લગ્ન-જમણમાં એ આવી ને આવી રહે. એના પિતા અમારી ન્યાતની 'બુક લોન કમિટી'ના સેક્રેટરી તે એને ત્યાં ચોપડી લેવા મારે જવાનું થતું ત્યારે મને જોતાં જ પોતાના ઘરમાંથી ત્રીજે ઘેર દૂર નાસે. અમારે ત્યાં જમવા આવતી ત્યારે પણ અમે આઘાં ને આઘાં. મારે સાસરે જમવા જવું પડતું ત્યારે તો મને ટાઢીઓ તાવ આવતો. પચાસ બહાનાં કાઢતો, પણ મામાજીની ધાકે જવું તો પડતું જ. અને જતો ત્યારે ભૂલેચૂકે એ મને જોઈ જાય તો

ધડાક દઇને ગાળે ચડી જતી. એની મા પાણી કે એવું કંઇ મોકલાવે તો તે બીજી બહેન આપી જતી, અને જો વિલાસ આવે તો દોઢ ગાઉ દૂર લોટો મૂકી અલોપ થઈ જતી.



ટૂંકમાં એના મનમાં વરને માટે એવો ભય યા ભ્રમ ઊભો કરી મૂકયોહતો કે એનાથી સકોચાતા રહેવું, લજ્જાશીલ રહેવું, મર્યાદા ને વિવેક જાળવવો એ બધાંને પરિણામે આવું કૃત્રિમ વર્તન એ આચરતી.

બીજી બાજુ સસરાજી મને જ્યારે પણ તક મળે કે તરત જ સલાહ આપતા. આમ તો એ મને ચન્દ્રવદનલાલ કહેતા, પણ શિખામણ આપવામાં જરાયે બાકી ન રાખતા તેમજ કોણ જાણે કેમ પરંતુ કોઇ પણ ઉપાય યોજી કોઇને ત્યાં, કોઈની મારફત, કોઇના દેખતાં, ખાનગીમાં કે જાહેરમાં વિલાસને મળવાનું મને પણ મન થતું નહિ. મન નહિ થવાનું મુખ્ય કારણ આસપાસનું વાતાવરણ અને એમ મળવા માટે પ્રયાસ પણ કરવો એ ખોટું છે એવો કઢંગો ખ્યાલ.

નાના બાળકને પણ રમકડું પોતાને હાથે રમવું ગમે છે. બાલપણની હઠ અને આડાઈ ઘણીવાર મોટી ઉમર સુધી સ્વભાવમાં વળગી રહે છે. વિવાહ થયા ત્યારે રોતલ અને રિસાળ સ્વભાવ તો મારો હતો જ, અને ઉપરાંત મારી જાણ બહાર વિવાહ નોંધ્યા. પછીથી એક બીજાને મળતાં રખેને વધારે ઓળખી લેશે, યા છૂટ લઈ પડશે, કે એવા ભયને લઇને એકબીજાથી દૂરના દૂર રાખવાના સંજોગ, એ બધાને લઈને મારા મનમાં એક પ્રકારનો ખટરાગ બંધાયો.

અહોહો! એ જ વહુ જો મેં જાતે પસંદ કરી હોત; છાનાંમાનાં અમે મળ્યાં હોત; એકબીજાનાં થવા વચન અપાયાં હોત; પરીક્ષા વખતે મારી પડખે રહી એણે થોડું નજીવું મારું કંઈ કામકાજ કર્યું હોત; એની પરીક્ષા વખતે મેં એને વાંચવામાં ને અઘરું સમજાવવામાં મદદ કરી હોત; પેલી શીલ્ડ મૅચ વખતે એ મૅચ જોવા આવી હોત; રજાઓમાં એકાદવાર પણ એને મારી સાથે નહિ તો બીજાની સંગાથે મારી બા પાસે અમદાવાદ કે ગંગાપુર મોકલી હોત; આમાંનું થોડું પણ જો કંઇ થાત, તો ચન્દ્રવદન અને વિલાસનું વણસી ગએલું લગ્ન-પ્રકરણ જુદી જ રીતે લખાત.

વિવાહ બાદ સોના જેવાં બે વરસ સુરતમાં કાઢ્યાં, પણ તે દરમ્યાન મને પણ એને મળવાનો ઊમળકો ન જાગ્યો. એ મારા મનની વાત હતી. એના મનની વાત જાણવાનો મને તો અધિકાર નહોતો; મારી પાસે સીધો અને સૂતરો કોઈ ઉપાય પણ નહોતો. (ચાલુ)

ટિકિટ સંગ્રહ (અનુસંધાન પાછલા પાનાથી)

કેટલું આપવાનું તે પૂછ્યું. એ વખતે આજની જેમ પોસ્ટેજ અગાઉથી ચોડવાનું નહિ, પણ કાગળ મળે ત્યારે રોકડું આપવાનું હતું. ટપાલીએ કહ્યું કે પોસ્ટેજનો એક શિલિંગ આપવાનો છે, ત્યારે છોકરીએ કાગળ તેને પાછો આપ્યો અને કહ્યું કે હું ગરીબ હોવાથી એટલા બધા પૈસા ભરવાનું મારું ગજું નથી. ટપાલીના ગયા પછી હિલે પૂછપરછ કરતાં છોકરીએ સાચી હકીકત કબૂલી દીધી કે એ પરબીડિયાની અંદર કાગળ-બાગળ કશું બીડેલું હતું નહિ, પણ પરબીડિયાની બહારની બાજુએ નાનાં મીંડાંના સંજ્ઞામાં સંદેશો લખેલો હતો, તે મેં જોઈ લઈને કાગળ પાછો આપી દીધો! હું ને મારો ભાઈ એટલાં ગરીબ છીએ કે એક શિલિંગ જેટલું પોસ્ટેજ ખર્ચી શકીએ તેમ નથી, તેથી અમે પરસ્પરને ખબરઅંતર મોકલવા આ યુક્તિ શોધી કાઢી છે. આ પરથી હિલે વિચાર કર્યો કે જે મોંઘી ટપાલ-પદ્ધતિ મારા દેશનાં માણસોને આવી લુચ્ચાઇ અને અનીતિ કરવા પ્રેરે તે જવી જ જોઇએ. ત્યારથી તેણે ટપાલ સુધારણાની પોતાની જાણીતી ઝુંબેશ ઉપાડી અને કટ્ટર વિરોધનો સામનો કરીને પણ સસ્તામાં સસ્તા પોસ્ટેજના દર નિર્માણ કરાવ્યા, જે અગાઉથી જ ભરવાના. અને તેની સાબિતી દર્શાવતી નાની ટિકિટ ચોડવાની પદ્ધતિ યોજી. આજે જગતવ્યાપી સસ્તા દરના પોસ્ટેજની પદ્ધતિ અને તેની સંજ્ઞા રૂપ 'ટિકિટ'ના જન્મની આ કથા છે.

ઇ.૧૮૪૦ના મે માસમાં એનો જન્મ થયો. ત્યાર પછી દેશદેશમાં તે ક્યારે ક્યારે દાખલ થઈ તેની સમયાનુક્રમણી નીચે આપી છે:

૧૮૪૦ ઇંગ્લંડ-ગ્રેઈટ બ્રિટન (મે).

૧૮૪૩ ઝૂરીચ (માર્ચ), બ્રાઝિલ (જુલાઇ). જીનીવા (ઑકટોબર).

૧૮૪૫ બાલ-સ્વીટ્ઝર્લંડ (જુલાઇ).

૧૮૪૭ યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકા (ઑગસ્ટ), મૉરિશ્યસ (સપ્ટેમ્બર).

૧૮૪૯ ફ્રાન્સ (જાન્યુઆરી), બેલ્જિયમ (જુલાઈ). બવેરિયા (નવેમ્બર).


૧૮૫૦ ન્યૂ સાઉથ વેલ્સ, સ્પેઇન, વિક્ટોરિયા (જાન્યુઆરી); સ્વિટ્ઝર્લૅંડ (એપ્રિલ); ઑસ્ટ્રિયા, ઑસ્ટ્રિયન ઇટલી (જૂન); બ્રિટિશ ગયાના, સૅક્સની (જુલાઇ); પ્રુશિયા, શ્લેસ્વિગ હૉલ્સ્ટાઇન (નવેમ્બર); હેનોવર (ડિસેમ્બર).

૧૮૫૧ સાર્ડિનિયા (જાન્યુઆરી); ડેન્માર્ક, ટસ્કની, ટ્રિનિડાડ, કૅનૅડા (એપ્રિલ); બાડન (મે); ન્યૂ બ્રન્સ્વિક, નોવાસ્કોશિયા (સપ્ટેમ્બર); હાવાઇ ટાપુ, વુર્ટેમ્બર્ગ (ઑકટોબર).

૧૮૫૨ બ્રન્સ્વિક, હૉલંડ, પેપલ સ્ટેટ્સ, થર્ન ને ટૅક્સિસ, ઓલ્ડનબર્ગ (જાન્યુઆરી); બાબૅડોઝ (એપ્રિલ); મૉડેના, પારમા (જૂન); સિન્ડે (જુલાઇ); લક્સમ્બર્ગ, રીયૂનિયન (સપ્ટેમ્બર). [બાકીના આવતે મહીને]



નવાબી રાજ્ય વખતની જૂનાગઢની 'સોરઠ સરકાર'ની જે ચાર ટિકિટો એ વેળા ત્યાં ચાલતી તે પૈકી ૦॥ આનાવાળી સિંહની ટિકિટ ગયા નવેમ્બર અંકમાં આપી હતી. એ સમૂહમાંની ૦। આનાની કિંમતની જૂનાગઢ શહેરના ચિત્રવાળી ટિકિટ ડાબી બાજુ અને બે આનાવાળી ઘોડાના ચિત્રની ટિકિટ જમણી બાજુ આપી છે.




ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ગયે વખતે આપણે ટિકિટ-સંગ્રહ-માં ઉપયોગી એવાં કેટલાંક સાધનોનો વિચાર કર્યો. તે પૈકી મુખ્ય જે 'આલ્બમ' તેની વાત વિસ્તારથી વિચારી હતી. એની પછીનાં ઉપયોગી સાધનોમાં એક સસ્તી લાગતી વસ્તુ પણ ખાસ અગત્યની છે; એ છે ટિકિટોને હેરવવા-ફેરવવા માટેનો નાનકડો ચીપિયો.

ટિકિટોને સાફ કરવાની હોય. એ સિવાય એને બનતાં સુધી હાથ ન લગાડશો. તેને પકડવા માટે હમેશાં એક નાજુક ચીપિયો જ વાપરવો. દાક્તરો કે ઘડિયાળીઓ વાપરે છે તેવો અણીવાળો નહિ. એથી તો ઊલટું ટિકિટને નુકસાન પહોંચે. આ નીચેના ચિત્રમાં બતાવ્યા મુજબના ચપ્પટ છેડાવાળા નાના ચીપિયા બજારમાં મળે છે. અને તે



ન કટાય તેવી ધાતુના લેવા; નહિતર કટાએલો ચીપિયો પણ ટિકિટને ડાઘ પાડશે.

કોઇને કદાચ આમાં ચાંપલાઈ લાગે. પણ એની પરવા ન કરશો. જેને ટિકિટની અખંડિતતાની કિંમત છે તે સમજુ, અનુભવી ને નિષ્ણાત સંગ્રાહકો તો જાણે છે કે હાથનો ઘસારો પણ ટિકિટને કેવું નુકસાન પહોંચાડે છે. બધા માણસોના હાથ એકસરખા નથી હોતા. ઘણાનાં આંગળાં બરછટ કે ખરબચડાં હોય છે. એથી ટિકિટની સપાટીને કે તેની છાપના રંગને, નરી આંખે ન દેખાય તેવો પણ ઘસારો પહોંચે જ છે. કોઇ વાર તેના પરફોરેશનની એકાદ કાંગરી પણ ખંડિત થઈ જાય છે. વળી, આપણા હાથ ગમે તેટલા મુલાયમ ને સ્વચ્છ હોય તોપણ તેમાં અંશતઃ ભેજ તો હોય જ છે. સૂકી બરછટ આંગળીઓનો જેમ ઘસારો લાગે છે તેમ ભેજવાળાં આંગળાંનો ભેજ પણ ટિકિટોના રંગની તાજપને હણે છે. એટલે, ટિકિટની સલામતીને ખાતર ચીપિયો રાખવો જરૂરી છે.

અને તમને જાણીને નવાઇ લાગશે કે ટિકિટોની હેરવફેરવ હાથેથી કરવા કરતાં ચીપિયા વડે વધુ ઝડપી ને સલામતીથી થાય છે. શરૂમાં થોડો વખત લાગશે, પણ ફાવટ આવી ગયા પછી તે સરળ અને સત્વર બનશે.

આર્જેન્ટિનાએ તાજેતરમાં છ ટિકિટોનો એક સમૂહ બહાર પાડ્યો છે, જેના ઉપર ટિકિટો કેમ બને છે તેની ચિત્રમાળા આપેલી છે. ટિકિટોની બનાવટ કેમ થાય છે તે દર્શાવતી ટિકિટો દુનિયાના ઇતિહાસમાં આ પહેલી વાર બહાર પડે છે. એમાં પહેલી તપખીરિયા રંગની ટિકિટમાં કલાકારને ટિકિટનું આલેખન કરતો દર્શાવ્યો છે. બીજી (વાદળી) ટિકિટ પર એ આલેખનને પોલાદના બીબા પર ઉતારતો કારીગર છે; ત્રીજી (જાંબલી) ટિકિટ, મુદ્રક એ બીબા પરથી કાગળ પર ઉતારેલી ટિકિટની છાપ તપાસતો દર્શાવ્યો છે (જુઓ સાથેનું ચિત્ર). ચોથી (લીલી) ટિકિટ પર પોસ્ટલ ઈન્સ્પેક્ટર ૫૦ ટિકિટોનો આખો તાવ તપાસે છે; પાંચમી (લાલ) ટિકિટમાં એક બાઇને નવી ટિકિટ ચોડેલો કાગળ મળે છે તેનું ચિત્ર છે. અને છઠ્ઠી (ઘેરી લીલી) ટિકિટ ઉપર આર્જેન્ટિનાને સ્પેનની ઝૂંસરીમાંથી મુક્ત કરનાર ત્યાંના તારણહાર સ્વાતંત્ર્યવીર જોસ દ સાન માર્ટિનની છબિ છે. એ સાન માર્ટિનના અવસાનની શતાબ્દી ગયે વર્ષે (૧૯૫૦ માં આર્જેન્ટિનાએ ઊજવી. તેના માનમાં (ઉપર વર્ણવેલા સમૂહ ઉપરાંત બીજી) સાત સ્મરણટિકિટો પણ કાઢી છે.

ગયે મહિને (ડિસેમ્બરમાં) સ્વિટ્ઝર્લૅન્ડ ત્યાંનાં ત્રણ પતંગિયાં દર્શાવતી ટિકિટ



આર્જેન્ટિનાની નવી ટિકિટો: વર્ણન સામે વાંચો

બહાર પાડવાનું હતું. પોર્ટુગાલ પોતાનાં ત્રણ સંસ્થાનો માટે નવી ટિકિટો કાઢવાનું છેઃ ટિમોર માટે ૧૧ વિવિધ ફૂલો દર્શાવતી ટિકિટો; ઍન્ગોલા માટે ૨૪ વિવિધ ફળો દર્શાવતી, ને મોઝામ્બિક માટે ૨૮ પ્રાણીઓની. આઇસલૅન્ડ વળી એક નવા સમૂહ પર પર્વતો ઉપરથી ઊતરતું ઘેટાંનું ટોળું ચીતરવાનું છે.

આવતા માર્ચ માસમાં દિલ્હીમાં યોજનાર અખિલ-એશિયન રમતોત્સવ પ્રસંગે ભારતના બે આગળપડતા ખેલાડીઓ લેવી પિન્ટો અને ગુરમાનસિંગનું બહુમાન કરવા તેમની છબિવાળી ટિકિટો બહાર પાડવાનું ઠર્યું કહેવાય છે. મુંબઇનો લેવી પિન્ટો ભારતનો સૌથી ઝડપી દોડનાર છે; તેને દોડની વિજયરેખાને વટાવતો ટિકિટ પર દર્શાવાશે; જ્યારે પતિયાળાનો ગુરમાનસિંગ સર્વતોમુખી ખેલાડી છે, તેની છબિ અપાશે.

ટપાલની ટિકિટની શોધ કેમ થઈ?

એ વિષે આ વાત પ્રચલિત છે. ઇંગ્લંડમાં ટપાલના દર ઘટાડી પહેલવહેલી 'પેની પોસ્ટ' ને દાખલ કરાવનાર શ્રી રોલૅન્ડ હિલની લડતની વાત તો આપણે અગાઉ જાણી ગયા છીએ. તેને એ વિચાર એક છોકરી ઉપરથી સૂઝ્યો હતો. બનેલું એવું કે એ છોકરીને ટપાલીએ આવીને તેનો એક કાગળ આપ્યો. તે હાથમાં લઇને તેના તરફ ધ્યાનપૂર્વક ઘડીક જોઈ રહીને છોકરીએ તેનું પોસ્ટેજ (અનુ. સામે)



સંખ્યાબંધ અને અવનવી ટિકિટો બહાર પાડવામાં હમણાં હમણાં સોવિયેટ અસરવાળા દેશો અમેરિકાને પાછળ પાડી દેતા લાગે છે. થોડા સમય પર હંગેરીએ (આજે પોતે જેના વિરોધી જૂથમાં છે તે) અમેરિકાના સદ્‌ગત પ્રમુખ રૂઝવેલ્ટના સ્મરણમાં ચાર ટિકિટોનો સમૂહ બહાર પાડેલો તેની છબિ દરેકમાં આપી છે. તેમાં ગયા મહાયુદ્ધ દરમ્યાન ચાર મિત્ર-રાજ્યોએ યુદ્ધ અંગે જે ચાર સ્થળોએ મસલત-કરારો કરેલાં તે ચાર સ્થળોનાં ચિત્રો સાથે રૂઝવેલ્ટની છબિ બાજુએ આપી છે. ઉપરઃ કૅસા બ્લાંકા અને તેહરાનનાં ને નીચેઃ માલ્ટા અને હાઇડપાર્ક (અમેરિકા)નાં ચિત્રોવાળી ટિકિટો.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૨૫ મો : પોષ ૧૯૮૨

પચ્ચીસ વર્ષ પહેલાં પણ 'કુમાર' કેટલી પ્રેરક અને બોધક સામગ્રી આપતું તેની વાનગી તથા ખ્યાલ આપતી આ માળામાં આ વખતે એક અતિ સામર્થ્યવાન ભારતપુત્રની વાત મુખ્ય છે. પણ તેની વાત કરતાં અગાઉ, પચ્ચીસ વર્ષ પર બહાર પડેલા, ત્રીજા વરસના પહેલા અંકથી અમે એક નવો વિભાગ શરૂ કરેલો તેની વાનગી આપીએ. ગુજરાતના ભદ્ર પુરુષો આવતા યુગ વિષે શી આશાઓ ધરાવે છે તે જાણવાની ઊગતી પ્રજાને તક મળે તે માટે અમે એવા ભાવનાશાળી પુરુષોને વિજ્ઞપ્તિ કરેલી કે તેઓ કંઈ પ્રે સંદેશ આપે. એ પૈકી પ્રથમ મહાત્મા ગાંધીજીનો સંદેશ એ અંકે રજૂ કરેલો. પણ એ અંકના બધા વિભાગોમાં શિરમોર જેવું તો હતું, શ્રી હરિનારાયણ આચાર્યની પ્રોત્સાહક ને ઓજસ્વિની કલમે લખાએલું ભારતના અપૂર્વ બલ-વીર 'રામમૂર્તિ'નું ચરિત્ર-એમણે સ્વમુખે સંભળાવેલું તે. એમાંથી મુખ્ય તારવણી જ અહીં આપવી શક્ય છે:

"દક્ષિણમાં આન્ધ્રપ્રદેશમાં વીરઘટ્ટમ્ વીરોની નગરી નામનું એક નગર છે. ત્યાં એક પોલીસ કૉન્સ્ટેબલ રહેતો. અને ત્રણ છોકરા હતા.. મોટા બંને સારા સ્વાસ્થ્યવાળા અને રળતાકમાતા; નાનો તદ્દન માઇકાંગલો અને મરવાની આળસે જીવનાર હતો. વળી, દમના રોગથી પીડાતો અને ભણવામાં પણ 'ઢ'. એ વીરઘટ્ટમ્ પાસેના



પ્રો. રામમૂર્તિ : સ્કેચ : રવિશંકર રાવળ

વેલોર શહેરમાં અંગ્રેજોની છાવણી હતી. એ પલટણની કવાયત દેશી સિપાઇઓના અખાડા, અગર જ્યાં કંઇ પણ શારીરિકશક્તિનો પ્રભાવ જોવામાં આવતો ત્યાં એ પહોંચી જતો. રામાયણ-મહાભારતની કથાઓ સાંભળવાનો એને શૉખ હતો. એમાંના નાયકો ભીમ, હનુમાન, ભીષ્મ, લક્ષ્મણ વગેરેને એ પોતાના ગોઠિયા જેવા સમજતો.

પુરાણ ભારતનાં ભવ્ય વીરશ્રીવાળાં એ ચરિતોથી એનાં મન ને શરીરનું સૂક્ષ્મ કલેવર રચાતું અને એને પરિણામે પોતે પણ શા માટે એવો ન થઈ શકે એવી આતુરતા થતી. આખરે એક ઉજ્જવળ દિને એને 'રંગ' લાગી ગયો. ને પછી તો માત્ર પાંચ જ વરસના પરિશ્રમથી એણે આખા ભારતવર્ષમાં પોતાના નામને ઘરગથ્થુ બનાવી મૂકનાર અલૌકિક બળ મેળવ્યું. એ બાળક તે હું પોતે—રામમૂર્તિ. જુઓ મારા આ માંસલ શરીરમાં પેલા દમિયલ છોકરાની રજ પણ ઝાંખી તમને થાય છે? છતાં એ પણ મારા જ દિવસો હતા!

આ ગપ લાગે છે? મેં આમ શી રીતે વિજય મેળવ્યો? કેવળ 'નિશ્ચયબળ'થી. માત્ર 'મનોબળ'થી જ મેં મારો આદર્શ સિદ્ધ કરવા પ્રયત્ન કરેલો; અને પરિણામે અત્યારે હું ભારતભરનો પ્રેમપાત્ર છું. બળની વાત આવતાં તમને 'રામમૂર્તિ' નામ યાદ આવ્યા વિના નહિ રહે. સ્ત્રીઓનું વાત્સલ્ય પણ કેટલું? પંજાબમાં નવરાતરમાં મારા નામનાં ગીત ગવાતાં—અત્યારે ગાંધીજીનાં ગવાય છે તેમ.

મેં કસરત શરૂ કરી ત્યારે બહુ જ આકરું લાગતું. પણ તરત જ મારી મનોદેવતા મને જગાડતી! મારા આદર્શને સિદ્ધ કરવા હું ખૂબ મથ્યો છું. પરિણામ ન જણાતાં હું ઘણી વાર રડ્યો છું. આના કરતાં મરવું સારું એમ માની મરવાનો નિશ્ચય પણ મેં કરેલો! આખરે મેં મક્કમતાથી શરૂઆતની નિર્બળતા પર તો વિજય મેળવ્યો. ધીમેધીમે કસરત વધારી. એ વખતનો મારો ક્રમ આવો હતો: સવારે વહેલો ઊઠી હું છ માઈલ દોડતો દૂર એક છાવણીએ જતો, ત્યાંના લશ્કરીઓ સાથે કુસ્તી રમતો, ને વળી પાછો છ માઈલ દોડતો ઘેર આવી મારા શિષ્યો સાથે કુસ્તી કરતો. ત્યાર બાદ તરવા પડતો. અને પછી તો બહાર નીકળું એ વખતે મારામાં ઊભા રહેવાની પણ તાકાત ન રહેતી. પછી થાક ખાઇ હું જમતો અને સાંજ થતાં પાછો ૧૫૦૦થી ૩૦૦૦ દંડ તથા ૫૦૦૦થી ૧૦૦૦૦ જેટલી બેઠક કાઢી કુસ્તી કરી દૈનિક ક્રમ પૂરો કરતો. આનો પરિણામ એ આવ્યો કે સોળ વરસની ઉંમરે હું એટલો જોરાવર બન્યો કે નાળિયેરના ઝાડને જોરથી હું ખભો મારતો કે ઉપરથી ટપોટપ બેત્રણ નાળિયેર તૂટી પડતાં!"

સોળ વરસની ઉંમરે મારા અગાધ બળનો સૌ પહેલો પરચો આમ થયો: એક વખતે ગટરના ખાળિયામાં એક મોટી ભેંસ ભરાઈ ગએલી. વીસત્રીસ માણસો મહેનત કરતાં પણ એને કાઢી શક્યા નહોતા. એવામાં મારો ભાણેજ ત્યાં થઇને નીકળ્યો. એ દોડતો આવી મને બોલાવી ગયો. મેં ત્યાં જઈ લોકોને બાજુ કરી નીચા વળી ભેંસનાં બે શીંગડાં પકડ્યાં, અને એક જ આંચકાથી ભેંસને ઉઠાવી ખેંચી કાઢી બેત્રણ ગોઠીમડાં ખાતી રેડવી નાખી.

હવે જ મારા જીવનની ખરી શરૂઆત હતી. ભીષણ પ્રયત્નોથી

મેં અપ્રતિમ બળ તો મેળવ્યું, પણ મારી એ અમાનુષી શક્તિનો ઉપયોગ શો, એમ જ્યારે મને ઘણા પૂછતા ત્યારે હું હતાશ થતો. છતાં પણ મારું ભાવિ કંઈક અપૂર્વ છે એમ મને દૃઢ વિશ્વાસ હતો. એવામાં ૧૯૦૫ના મે માસમાં આખા યુરોપમાં લોકપ્રિય થએલો મલ્લ યૂજીન સૅન્ડો મદ્રાસ આવ્યો. મેં એને 'ચૅલેન્જ' આપી. પણ ખાનગી તપાસ કરતાં એને મારી શ્રેષ્ઠતાની ખાતરી થવાથી,'કાળા માણસ સાથે હું હરીફાઇ કરતો નથી' એમ કહી ના પાડી ! મને ઉમેદ હતી કે સૅન્ડો જેવા વીરની સામે ઊતરી એને હરાવવાથી મારા બળની કિંમત થશે. પણ એની 'ના'થી મારા મનોરથ પડી ભાંગ્યા.

સૅન્ડોની ખાસ વિશેષતા વજન ઉઠાવવાની હતી. હું એના કરતાં બમણું-ત્રણગણું વજન ઉઠાવતો. સૅન્ડો છાતી ઉપર ૪૦૦૦ રતલ ઉઠાવતો; હું ૬૦૦૦ રતલ ઉઠાવી શકતો. મેં મારી સરકસની જિંદગીમાં ત્રણ ટનનો હાથી તો દરરોજ ઉઠાવેલો એ જગજાહેર વાત છે. ૧૯૦૪માં દુનિયામાં સૌથી વધારે વજન ઉંચકનાર હું હતો.

૧૯૦૬થી મારા વ્યાવહારિક જીવનની શરૂઆત થઈ. શરૂઆતમાં હું છત્રેના સરકસમાં દાખલ થવાનો હતો, પણ લોકમાન્ય ટિળકે મને રોક્યો. એમની સહાય અને પ્રોત્સાહનથી મેં સ્વતંત્ર સરકસ ઊભું કર્યું. પછી તો મારી જાહોજલાલી જાગી. ત્યાર પછી અનેક પ્રકારનાં વાતાવરણ મેં વીતાવ્યાં છે. જીવન એ મુસીબતનો ભંડાર છે. મારી મુશ્કેલીઓ પણ મારી શક્તિ જેટલી જ પ્રૌઢ અને કદિકદિ તો દુઃસહ હતી. તમને સાંભળતાં પણ ત્રાસ થશે. અંગ્રેજ સરકાર કદી પણ હિંદીને આગળ આવવા દેતી નથી. મને પણ ખૂબ હેરાન કર્યો છે. જ્યાંજ્યાં હું ખેલ કરતો ત્યાંત્યાંના સ્થાનિક મુસલમાનોમાં મારી વિરુદ્ધ ઉશ્કેરણી કરવામાં સી. આઇ. ડી. ખાતું બાકી ન રાખતું છતાં પણ મર્દાનગીપ્રિય મુસ્લિમ પ્રજા મને ભાગ્યે જ કનડતી; એટલું જ નહિ પણ મારા બળના વિજયમાં હમેશાં આનંદ લેતી.

સૌથી ભયંકર વિઘ્નો તો મારે હિંદુસ્તાન બહાર જ ભોગવવાં પડેલાં. મલાકામાં સને ૧૯૧૦માં મને બે વખત સોમલ (ઝેર) આપવામાં આવેલો. પહેલી વખતે તો હું પચાવી જ ગયો; એટલે બીજી વખત તો ઘોડો મરી જાય એટલું ઝેર મારા પેટમાં નાખેલું! આથી મારું બચવું મુશ્કેલ હતું;છતાં પણ મેં તરતજ લંગોટ મારી પાંચ હજાર દંડ કાઢી નાખેલા! આથી પરસેવામાં તથા ગરમીથી ઘણું ખરું ઝેર તો નીકળી ગયું; પણ મારે દસ મહિના પથારીવશ રહેવું પડેલું

ફ્રાન્સમાં પણ મારો સિતારો પાધરો ન હતો. હાથીના મારા ખેલમાં હાથી ઊભો રાખવા માટે મારે છાતી ઉપર એક લાંબું પાટિયું મૂકવાનું હોય છે. આ પાટિયું મારા યુરોપિયન મૅનેજરની ફૂટથી એક બદમાશે અરધું કાપી રાખેલું. ખેલમાં જેવો હાથી એ પાટિયા પર ચડીને ચોથો પગ મૂકે છે તેવા જ પાટિયાના બે ટુકડા થઈ ગયા અને હાથીનો પગ મારી છાતી ઉપર પડ્યો! પરિણામે મારી ત્રણ પાંસળીઓ ભાંગી ગઇ અને હું બેભાન થયો. પરંતુ ફ્રાન્સના કુશળ દાક્તરોની દેખરેખથી હું બચી જવા પામ્યો. સ્પેનની 'બુલ ફાઇટર્સ એસોસીએશન' તરફથી મારા બળની પરીક્ષા કરવા માગણી થએલી. એક ભયંકર સાંઢને જો હું શીંગડાં પકડી જમીનમાં દબાવી દઉં અને ચસકવા ન દઉં તો પંદર હજાર પાઉન્ડ મને મળે, એવી મારી માગણી એ લોકો સ્વીકારી શક્યા નહિ, એટલે હું ત્યાં ન ગયો.

બહેરામપુરમાં હું એક વાર સરકસ લઇ ગએલો, ત્યારે એક દિવસ અમારો સૌથી ભયંકર વાઘ છૂટો થઇ ગએલો! ચારપાંચ બકરાં તેણે મારી નાખ્યાં. ત્યાં તો હું સન્ધ્યા કરતો હતો ત્યાં તે ડું આવ્યું. તત્કાળ મારી પાસે કંઈ હથિયાર ન હતું, એટલે એક જાડો ડંડો કઢાવી હું દોડ્યો. મને જોતાંવેંત જ વાઘ પીંજરામાં ભરાયો. મેં એને પાંચ છ ડંડા ચોડી કાઢ્યા! આથી ચીડાઇને એ જેવો ફર્યો કે મેં તરત જ એને બાથમાં પકડી જમીન ઉપર દબાવી દીધો!'

આ બધું હું શી રીતે કરી શક્યો? કેવળ આત્મબળથી જ; નિશ્ચયથી જ. શારીરિકબળ ઉપરાંત હું મારા પ્રયોગોમાં એકાગ્રતાનું અનુસંધાન કરું છું. એ વડે શરીરના કોઈ પણ એક જ સ્થાનમાં-એક જ સ્નાયુમાં મારી સંકલ્પશક્તિથી મહાભારત બળનો સંચાર એક નિમિષમાં હું કરું છું. એટલે એ સ્થળવિશેષમાં અજય્ય-અપરાજિત બનું છું. આ જ મારા વિજયની-મારી સહનશક્તિની-મારી વજ્રાંગતાની ચાવી છે. બાકી માણસનાં હાડકાં મજબૂત હોવા છતાં પણ જો એક હજાર પાઉન્ડનું એના ઉપર દબાણ થાય તો એનો આટો થઇ જાય એવું શરીરશાસ્ત્રીઓ માને છે. એટલે દરરોજ ૬૦૦૦ રતલનો હાથી ઉપાડનાર હું-એનાં હાડકાંનો કેટલો ઝીણો આટો છેલ્લાં ૨૫ વરસમાં થયો હોય એની કલ્પના તમે જ કરી લો.

નિષ્ફળતા? નિષ્ફળતા શું એ રામમૂર્તિ શીખ્યો નથી. એક જ દૃષ્ટાંત: હું એક વખત ધ્રાંગધ્રા ગએલો. મહારાજા સાહેબે પોતાની ખાનગી મોટર રોકવા મને કહ્યું. પેંતરો જમાવી તૈયાર થાઉં ત્યાર પહેલાં તો હાંકનારે મોટર હાંકી દીધી. આંચકો આવતાં જ મારી પીંડી સ્થાનભ્રષ્ટ થઈ અને સ્નાયુ ખસી જતાં જ હું બેભાન થઈ પડી ગયો. દાક્તરે મારો પગ ઠેકાણે તો કર્યો, પણ મને દરદ અસહ્ય થતું હતું પરંતુ રામમૂર્તિથી મોટર ન રોકાઇ એ ભાવિ કલંક મારે સહન કરવું ન હતું એટલે પગ ઉપર પાટો બાંધી હું લંગડાતો લગડાતો પાછો ખેલના સ્થાને આવ્યો. લોકો વેરાતા હતા ત્યાં તો મને જોઇ આભા જ બન્યા. છતાં પણ મારા અમાનુષી મનોબળથી મેં એકાગ્રતા સાધી, અને ૭૦ માઈલની ઝડપથી જનારી ૨૫ હૉર્સપાવરની એ જ મોટર એક બે નહિ પણ તેર વખત મેં રોકી! હા એનું ફળ કેટલાંક અઠવાડિયાં દવાખાનામાં રહી મારે ભોગવવું પડ્યું ખરું. બાકી તો મરી જાય પણ રામમૂર્તિ નિષ્ફળતા ભોગવવાનો નહિ."

સરકસમાં રામમૂર્તિના ખેલો તદ્દન નવા જ હતા. ૨૫ હૉર્સપાવરની બે મોટરકારોને સામસામી દિશામાં જતી એ રોકી રાખતા. છાતી ઉપર ૩૦૦૦થી ૪૦૦૦ રતલનો પથ્થર મુકાવી એના પર ઘણના ઘા કરાવતા, ને પછી એક જ આંચકાથી ત્રણચાર ગોઠીમડાં ખાતો કરીને હડસેલી દેતા. બે ગાડાંમાં ૪૦-૫૦ માણસો બેસાડી પોતાની છાતી અને પેટ કે સાથળો ઉપરથી એ ગાડાં ખેંચાવતા. ચાર મજબૂત માણસોને સાંકળના છેડા પકડાવી પોતાને પડખે બે બાજુ ઊભા રાખતા, ને પછી સાંકળને પોતાની છાતી પર વીંટી જોરથી છાતી ફુલાવતા એટલે સાંકળના ટુકડા થઇ જતા. એમની સામાન્ય છાતીનો ઘેરાવો ૪૮ ઇંચ હતો; જ્યારે ખાલી છાતી ૩૭ ઇંચ અને ફુલાવેલી ૫૬ ઇંચ થતી! અરધા ઇંચની જાડાઈની સાંકળ એક જ આંચકાથી તોડવી એ એમને મન રમત વાત હતી. આ તો એમના ખેલની વાનગી. બાકી એમણે વિવિધ પ્રસંગે જે બળ દેખાડેલું તેની તો ગણના જ કરાય નહિ, તેમજ તેની કિંમત નજરે જોયા વિના થાય પણ નહિ.


આટલા બળના સ્વામી છતાં રામમૂર્તિના મતે બળ કરતાં સ્વાસ્થ્ય-નીરોગીપણાને પ્રથમ સ્થાન મળવું જોઇએ. એ માટે યોગનાં આસનોમાં એને અપાર શ્રદ્ધા હતી. આસ્તે દોડ ને ઝડપથી ચાલવાની તથા તરવાની પણ એ ખૂબ ભલામણ કરતા. વીર્યરક્ષણ-કાયિક, વાચિક, માનસિક-તો શરીરનો પાયો છે, એટલે એ વિના કસરત કરવી નકામી છે. ટૂંકમાં: મિતાહાર, સરળ સાદું જીવન, નિર્મળ અંતઃકરણ, પાક લંગોટ ને નિયમિત મહેનત એ જ જીવનના ઉત્કર્ષની ચાવી છે.

આપણી વનસ્પતિ

કાજુ

લેખક
પ્રો. જયંતીલાલ ઓઝા
એમ. એસ.સી.

★



કાજુના ઝાડને સંસ્કૃતમાં 'અગ્નિકૃત', 'અરુશ્કર' ને 'ગુચ્છપુષ્પ', હિંદી તેમજ મરાઠીમાં 'કાજુ' ને અંગ્રેજીમાં 'કૅશ્યુનટટ્રી' ('Cashew nut tree') કહે છે.

કાજુ મૂળ તો અમેરિકાના ગરમ પ્રદેશનું વતની, પરંતુ લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે ફિરંગીઓ તેને બ્રાઝીલથી હિંદ લાવ્યા ત્યારથી તે આપણે ત્યાં પશ્ચિમ કિનારે કુદરતી બની ગયું છે. રત્નાગિરિ, ઉત્તર અને દક્ષિણ કાનડા, ગોવા, કોચીન અને ત્રાવણકોરમાં તે સારા પ્રમાણમાં થાય છે. બંગાળા, ઓરિસ્સા અને મ્હૈસુરમાં પણ તે વવાય છે. દક્ષિણ આફ્રિકા, માડાગાસ્કર, મોઝામ્બિક, વેસ્ટઈન્ડીઝ ટાપુઓ, લંકા ને ફિલિપ્પાઈન બેટોમાં દરિયાકાંઠે તેનું મોટા પ્રમાણમાં વાવેતર થાય છે.

કાજુનું ઝાડ ૨૦થી ૪૦ ફીટ ઊંચું સીધું ઊગે છે. તેની છાલ ખરબચડી હોય છે. પાન એકાંતરે આવેલાં, સાદાં, દાંડીવાળાં, ૪થી ૬ ઈંચ લાંબાં ને ૨થી ૩ ઈંચ પહોળાં, હોય છે.

કાજુને ડિસેમ્બરથી ફેબ્રુઆરી–માર્ચ સુધી શાખાઓને છેડે નાનાં ફૂલ આવે છે. તેનું ફળ લીલાશપડતું રાખોડી હોય છે. ૨થી ૩ ઇંચ લાંબી અને ૧½થી ૨ ઇંચ પહોળી, સોનેરી પીળી યા કીરમજી રંગની, જામફળ આકારની, માવાદાર ઉપસેલી ફૂલદાંડીના ઉપરના પહોળા ભાગ ને ફૂલઆસન (floral disc) પર તે આવેલું હોય છે. એ ઉપસેલા ભાગને અંગ્રેજીમાં 'કૅશ્યુ ઍપલ' (Cashew apple) કહે છે. ફળની છાલ જાડી, કઠણ, લીસી અને ચળકતી હોય છે ને તેમાં રાતાભૂરા પાતળા પડથી આચ્છાદિત એક બીજ હોય છે. માર્ચથી મે સુધીમાં તે પાકે છે ત્યારે તેને ઝાડ પરથી ઉતારવામાં આવે છે.

કાજુ આમ્રાદિ (આંબો, ચારોળી વગેરેના) વર્ગની વનસ્પતિ છે ને બીજ વડે ઉગાડાય છે. જોકે કલમથી પણ ઉગાડી શકાય છે. રેતાળ જમીન તેને વધારે માફક આવે છે.

કાજુનો સૂકા મેવા તરીકે થતો ઉપયોગ તો જાણીતો છે. હિંદમાં તેનો મોટો વેપાર ચાલે છે. જોકે પૂર્વ આફ્રિકા અને બ્રાઝીલમાં પણ તેની મોટા પ્રમાણમાં પેદાશ થાય છે, છતાં આખી દુનિયાની કાજુની વપરાશનો ૯૫ ટકા માલ એકલું હિંદ પૂરો પાડે છે. હિંદમાં થતી કાજુની પેદાશનો ૭૫ ટકા માલ બહાર નિકાશ થાય છે; ફક્ત ૨૫ ટકા હિંદમાં વપરાય છે. અમેરિકા, કૅનેડા, બ્રિટન, ઑસ્ટ્રેલિયા તેમજ બીજા દેશોમાં થતી મોટી નિકાસને લીધે છેલ્લા બે દસકામાં આપણે ત્યાં કાજુનું વાવેતર વધારવામાં આવ્યું છે. કાજુના આખા ફળને પહેલાં વૈજ્ઞાનિક પદ્ધતિથી શેકવામાં આવે છે. શેકયા પછી ફળને તોડી, અંદરથી બીજનું ફોતરું કાઢી નાખી તેમાંનું સફેદ મીંજ કાઢવામાં આવે છે. આ મીંજમાં આહ્લાદક સ્વાદ અને વાસ હોય છે. ફળને શેકવાથી મીંજના સ્વાદ ને વાસમાં ઉમેરો થાય છે. તે કાચાં અગર શેકીને તેમજ મીઠું ચડાવીને ખવાય છે. મીંજમાં ૪૦થી ૫૩ ટકા ચરબીવાળું તેલ હોય છે. તેમાં મુખ્યત્વે ઓલિક, લીનોલિક, સ્ટીઅરિક ને પામીટિક તેજાબોના ગ્લીસરાઇડ્ઝ હોય છે. આ તેલ ખાવા લાયક હોય છે.

કાજુના ફળને શેકતી વખતે તેની છાલમાંથી કાળુંભૂરું અને ચીકણું તેલ મળે છે. હિંદમાં તેનો ઉપયોગ હોડી, માછલાં પકડવાની જાળો અને લાકડાંની બનાવટોને, પાણીની અસર થતી અટકાવવા માટે રંગવામાં થાય છે. છેલ્લાં થોડાં વર્ષોમાં આ તેલની ઔદ્યોગિક અગત્ય વધી છે ને હાલમાં હિંદમાં ઉપર જણાવેલી રીતે મેળવાતાં તેલનો મોટો ભાગ અમેરિકા ખરીદે છે. આ તેલને આસવીને તેનો ઉપયોગ વાર્નિશો, ટાઇપ રાઈટરના રોલરો, સીમેન્ટ, રંગ અને મોટરનાં કેટલાંક સાધનો બનાવવામાં થાય છે. આ તેલનું રાસાયનિક પૃથક્કરણ કરતાં તેમાં 'કાર્ડોલ' નામનો તેલી પદાર્થ અને 'એનાકાર્ડિક' તેજાબ જણાયા છે. આ તેલ ચામડી પર પડે તો ફોલ્લા ઊઠે છે.

'કૅશ્યુ ઍપલ' નરમ અને રસદાર હોય છે. કાચું હોય છે ત્યારે તે ખાટું અને બાધક (કબજિયાતકરનાર) હોય છે, પણ પાકે ત્યારે સ્વાદિષ્ટ ને બાધકગુણ રહિત બની જાય છે. તે પણ ખાવાલાયક હોય છે.

કાજુના ઝાડમાંથી રતાશપડતો આછો પીળો ગુંદર મળે છે. તેમાં જંતુનાશક ગુણ હોવાથી પુસ્તકો બાંધવામાં અને વાર્નિશ બનાવવામાં તે વપરાય છે. છાલમાંથી બીજો એક દૂધીઓ રસ મળે છે. જે હવામાં રહેતાં કાળો થાય છે. ગુણપાટ તેમજ કાપડના તાકા ઉપર છાપ મારવાની શાહી તરીકે તેનો ઉપયોગ થાય છે. લાકડાં પર તે ચોપડવાથી તેને ઉધઈ લાગતી નથી.

કાજુનું લાકડું રાતુંભૂરું, સાધારણ કઠણ અને વજનમાં એક ઘનફૂટે ૩૦થી ૩૨ રતલ હોય છે. સીલોન અને બ્રહ્મદેશમાં તે માલ ભરવાનાં ખોખાં બનાવવા, હોડી બાંધવા તેમજ કોલસા માટે બાળવામાં વપરાય છે.

આયુર્વેદમાં કાજુનું ફળ તીક્ષ્ણ, સ્વાદિષ્ટ ને ગરમ કહ્યું છે. તે વાત, કફ, ગડગુમડ, તાવ, ચાંદાં, કોઢ, મરડો, અર્શ મટાડે છે ને કૃમિનાશક ગણાય છે. તેનું મૂળ રેચક ગણાય છે.

તેની છાલમાંથી મળતો રસ કોઢ, દાદર ને હઠીલાં ચાંદાં પર ચોપડવા માટે વપરાય છે. ગોલ્ડ કોસ્ટમાં કાજુની છાલ તેમજ પાનનો ઉપયોગ દાંતના દુખાવા પર થાય છે.

યુરોપમાં કાજુના ફળની છાલનું બનાવેલું 'ટિંચર' કૃમિનાશક ઔષધ તરીકે વપરાય છે. તેની છાલ તથા ફળ સર્પદંશના ઉપાય માટે બનાવાતાં ઔષધોમાં વપરાય છે; પરંતુ કાયસ અને મ્હસ્કરના સંશોધન અનુસાર સર્પદંશમાં તે બીનઅસરકારક છે.

મકાનનાં ભૂત (અનુ૦ પૃ. ૧૨ થી ચાલુ) પહેલી રાત હતી અને મારી બારી રસ્તા પર પડતી હતી. પથારીમાં લગભગ જાગતો જ પડયો હતો. પાસે ટોર્ચ અને ભરેલી પિસ્તોલ રાખી હતી અને બારી તરફ મારી નજર હતી. મેં જોયું કે સાંજે દૂધ પીધા પછી ટેબલ પર મૂકેલો કાચનો ગ્લાસ એકાએક નીચે પડયો અને ફૂટી ગયો. પાછળથી બેત્રણ ચામાચીડિયાં આવ્યાં અને બારીની બહાર ઝડપથી ઊડી ગયાં. ત્યાં બારીમાં હાડપિંજર જેવી એક આકૃતિ જણાઈ! મેં ટોર્ચનો પ્રકાશ બારી તરફ ફેંક્યો. મારી પિસ્તોલ છૂટી શકી જ નહિ—હાથમાં સ્થિર થઇ ગઈ! આગળથી, પાછળથી, ચારે દિશાઓમાંથી ભયંકર અટ્ટહાસ્ય સંભળાવા માંડયાં. હું રજાઇ ફેંકીને ઊભો થયો. ત્યાં તો હાડપિંજર બારીમાંથી અંદર પ્રવેશ્યું અને—અને અસહ્ય ગભરાટને કારણે મારી આંખ ખુલી ગઈ. હૃદય ખૂબ વેગથી ધબકતું હતું. સ્વપ્નની અસર દૂર કરવા મેં બત્તી ખોલી અને બે ગ્લાસ ઠંડું પાણી પીધું. ॐ तत्सवितुर्वरेण्यंના મહામંત્રનું રટણ કરતોકરતો રજાઇ ઓઢીને હું ફરી સૂઈ ગયો.

સવારે હું ઘણો મોડો ઊઠયો. તરત જ મને રાત્રે આવેલું દુ:સ્વપ્ન યાદ આવ્યું. મેં નિશ્ચય કર્યો કે એ મકાન વિષે તપાસ તો કરવી જ.

ભોજનાદિ પતાવીને હું બપોરે ઊપડયો. પંદરેક મિનિટમાં મકાનની નિકટ આવી પહોંચ્યો. સામેની હોટલમાં પ્રવેશીને લસ્સીનો ઑર્ડર આપ્યો ને અનેક વખત જોએલા મકાનનું હું ધ્યાનથી નિરીક્ષણ કરવા માંડયો. મોટા ભાઈની અને અવિનાશની વાત સાચી લાગતી હતી. એક દરવાન ખાટલા પર બહાર બેઠો હતો. મુખ્ય દ્વાર પર મોટું તાળું હતું. ઉપર મોટા ભાગની બારીઓ ખુલ્લી હતી, જ્યારે અમુક બંધ હતી. મકાન વિશાળ હતું પણ રંગ હજુ થયો ન હતો. મેં ધાર્યું કે છેલ્લો હાથ લગાવવાનો હશે અને કંઈક અશુભ પ્રસંગ બન્યો હશે એટલે રંગનું કામ અટકી પડયું હશે.

હૉટેલવાળાને પૈસા ચૂકવીને હું દરવાનની પાસે આવી પહોંચ્યો અને પૂછ્યું, 'યહાં કિરાયે પર કમરા મિલેગા ?'

વિશાળ પેટ પ્રસારીને બેઠેલા ભૈયાજીએ પ્રયત્નપૂર્વક માથું ઊંચું કરી મારી સામે જોયું, ને 'નાહીં' કહીને ફરી ડાબી હથેળીમાંની તમાકુમાં ચૂનો નાખીને જમણા હાથના અંગૂઠાથી ઘસવા માંડયો.

'ક્યોં ?' મેં પૂછ્યું.

મારા પ્રશ્નના ઉત્તરમાં ભયાજીએ જે ઇતિહાસ સંભળાવ્યો તેનો સારાંશ આ પ્રમાણે છે:

આ મકાન એક મારવાડી શેઠનું હતું. તેમણે પોતાની હયાતીમાં એ શરૂ કરાવ્યું હતું; પણ જ્યારે રંગ લગાવવાનો સમય આવ્યો ત્યારે શેઠજી એકાએક મરી ગયા. શેઠનો મોટો પુત્ર વ્યભિચારી હતો અને એક વેશ્યામાં ફસાએલો હતો. નાનામાં બુદ્ધિનું પ્રમાણ જરા ઓછું હતું. મકાન જે સ્થિતિમાં હતું તે જ સ્થિતિમાં અટકી ગયું અને સંપત્તિ વિભાજિત થઇ ગઇ. આ મકાન પર તકરાર ચાલી. મોટો પુત્ર એને પોતાની વેશ્યાને નામે કરવા માગતો હતો, નાનો આવા સરસ મકાનને છોડવા ઇચ્છતો ન હતો. બન્ને પાસે પુષ્કળ સંપત્તિ અને સાધનો હતાં. પ્રશ્ન કોર્ટે ચડયો. પાંચેક વર્ષથી કેસ ચાલે છે. નિર્ણય હજુ આવ્યો નથી અને નિકટના ભવિષ્યમાં આવશે પણ નહિ કારણકે બન્ને પક્ષોએ રુશવતો આપીઆપીને કેસ અત્યંત જટિલ બનાવી દીધો છે. જ્યાંસુધી મકાનની માલિકી ન્યાયાલય દ્વારા સ્વીકૃત થાય નહિ ત્યાંસુધી ભાડુઆતો રાખી શકાય નહિ. વૃદ્ધ શેઠજીએ તૈયાર થઈ ગએલી એક દુકાન બૂટવાળાને ભાડે આપી હતી પણ કેસ કોર્ટમાં જતાં તેણે પણ એ દુકાન ખાલી કરી નાખી. આજે તો તેની સ્મૃતિમાં તેનું વળેલું, ધૂળના થરમાં ઢંકાઈ ગએલું પતરાનું પાટિયું જ રહ્યું છે. કાયદાની રૂએ સરકાર આ મકાન જપ્ત કરી શકતી નથી. ભૂતોના ઉપદ્રવ વિષેની બધી વાતો બિનપાયાદાર હતી.

ભૈયાજીને નમસ્કાર કરીને જ્યારે હું પાછો વળ્યો ત્યારે મને બે કારણો પર હસવું આવતું હતું—એક તો ગઇ રાતના 'ભયંકર' સ્વપ્ન પર અને બીજું આ બે ભાઇઓની મૂર્ખાઈ પર.

ઘેર પહોંચતાં જ મેં બહાદુરીથી અને ઉત્સાહથી મોટાભાઇને કહ્યું. 'પેલા મકાનનો બધો જ ભેદ ઉકેલી લાવ્યો છું.'

'હા, હું પણ આજે ખરી વાત જાણી લાવ્યો છું. એ મકાન તો બે ભાઇઓના ઝગડાને કારણે નિર્જન પડયું છે, ને ભૂત-બૂતની વાતો સાવ ખોટી છે.' પુસ્તકમાંથી માથું ઊંચું કર્યા વગર જ સ્વસ્થતાથી તેમણે જવાબ આપ્યો.

અને હું યંત્રવત્ ઊભો જ રહી ગયો! **ચંદ્રકાન્ત કે. બક્ષી**

લસી-પ્રવાહ (અનુસંધાન પૃ. ૧૨થી ચાલુ)

આગળ વધે છે. પણ ઠેર ઠેર આવેલી લસી-ગ્રંથીઓ રૂપી પોલીસ-ચોકીઓ દુશ્મનને આગળ જતાં રોકે છે. આ ક્રિયા દરમિયાન લસી-ગ્રંથીઓ ફૂલે છે. તેમાંથી અનેકગણી સંખ્યામાં ધોળા કણો અને લસી-કણો ઝડપથી પેદા થાય છે અને ઘાવાળી જગ્યાએ ધસી જઇ જીવાણુઓનો સંહાર કરે છે ને તેમનાં ઝેરને નિર્મૂળ બનાવે છે. મોટી થએલી લસી-ગ્રંથી ખૂબ દરદ કરે છે. આંગળીનો ઘા પાકે ત્યારે કોણી અને બગલની લસી-ગ્રંથીઓ મોટી થઈ વ્યથા ઉપજાવે છે એને આપણે 'વેળ ઘાલી' કહીએ છીએ.

શરીરમાં ઊંડા ઘા પડયા હોય ત્યારે લસીકણો વિશિષ્ટ કામ કરે છે. માંસપેશીઓની કપાએલી ધારો ઉપર લોહી જામી જઇ જાણેકે ઊંચેથી પડતો જળધોધ બરફમય બની જામી ના ગયો હોય તેવું દૃશ્ય ઊભું કરે છે. ઘા સાથે પ્રવેશેલા રોગજીવાણુઓ ઝડપથી સંખ્યામાં વધે છે. લસીકણો અને ધોળા કણો ત્યાં દોડી જઈ જીવાણુઓનો સંહાર કરે છે. જીવાણુઓ અને ધોળા કણો વચ્ચે અવિશ્રાંત અને અડગ યુદ્ધ ચાલતું હોય તે દરમિયાન વિશિષ્ટ પ્રકારનાં લસી-કણો ઘાને પૂરવા માટે ત્યાં આવી પહોંચે છે ને માંસપેશીઓની તૂટેલી ધારો ઉપર પથરાઈ જાય છે અને વધવા માંડે છે. આને આપણે ઘાના 'અંકુર' આવતા કહીએ છીએ.

કરોડના પોલાણમાં પણ કરોડરજ્જુ ઉપરાંત આ લસી–પ્રવાહ રહેલો હોય છે. તેનું નામ સેરીબ્રો સ્પાઇનલ ફ્લ્યૂઈડ. મેનિનજાઇટિસ અને બીજાં દરદોમાં આ પ્રવાહીમાં વધારો થાય છે. આથી દરદીને મગજ ઉપર દબાણ થવાથી સખત માથું દુખવું, ઉબકાઉલટી, તાણ અને ઉન્માદ થાય છે. છેવટે મગજમાં મુખ્ય કેન્દ્રો ઉપર દબાણ વધવાથી મૃત્યુ થાય છે. આ વખતે ઉપચાર તરીકે કેડના ભાગમાં કરોડમાં સોય નાખી લસી–પ્રવાહ બહાર કાઢવામાં આવે છે.

આમ, લસી–પ્રવાહ એ પોષણ આપવાનું કાર્ય કરવા ઉપરાંત અંગના રક્ષણનું અતિ મહત્ત્વનું કાર્ય કરે છે. લસી-ગ્રંથીઓમાંથી પેદા થતા ધોળા કણો અને લસી-કણો સદા ખડે પગે જાગ્રત રહી શરીરને રોગજીવાણુઓના પ્રાણહર હુમલામાંથી રક્ષે છે. દેહના રક્ષણ માટે કુદરતે કેવી અજાયબીભરી અને અનુપમ કરામતો યોજી છે!



OUR FRIENDS ABROAD



[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

નિયમો

આ વિભાગ માટેના નિયમો દર વર્ષની માફક આ વર્ષે પણ નવા વાચકોની અનુકૂળતા માટે અહીં ફરીથી પ્રકટ કરીએ છીએ. એનું પાલન નહિ થએલા પત્રો રદ ગણાશે અને તે વિશે કશો પત્રવ્યવહાર કરવામાં નહિ આવે. (૧) પોતાનું નામ પ્રકટ કરાવવા ઇચ્છનારે પોતાના જ હસ્તાક્ષરમાં ને અંગ્રેજીમાં (પહેલી એ. બી. સી. ડી.માં જ) પોતાનું સંપૂર્ણ નામ, પોતાના ઘરનું (શાળા અગર દુકાનનું નહિ) પૂરું સરનામું, ઉમર અને શોખ જણાવવાં; (૨) પોતે ક્યાં સુધી ભણેલા છે અથવા ભણે છે તે જણાવવું. માત્ર અંગ્રેજી છઠ્ઠું કે મૅટ્રિક ભણતા કે ભણી ચૂકેલાઓનાં જ નામો પ્રકટ થશે, કારણ કે પરદેશમાં પત્રવ્યવહાર કરવા ઓછામાં ઓછું અંગ્રેજીનું એટલું જ્ઞાન હોવું આવશ્યક છે; [આ માહિતી નીચે પોતાના વાલી અગર શાળાશિક્ષકની સહી કરાવવી.] (૪) આ વિભાગમાં પ્રકટ કરવા માટેના પરદેશી પત્રમિત્રોના પત્રો ખાસ નવી માહિતી કે દૃષ્ટિવાળા હોય તે જ (બને ત્યાં સુધી ટૂંકા) પસંદ કરીને મોકલવા; સાથે ફોટો કે ચિત્ર હશે તો તે આવકારપાત્ર થશે; (૫) તેનો ગુજરાતી અનુવાદ પણ સાથે કરી મોકલવો જરૂરી છે; એમાં ઘટતા સુધારા અમે કરી લઈશું. (એ બધી સામગ્રી ન સ્વીકારાયે પાછી મેળવવા માટે પૂરતું પોસ્ટેજ પણ સાથે બીડવું. કીમતી સામગ્રી હોય તો વળતી વખતનું રજિસ્ટર્ડ કરવા સાથેનું પોસ્ટેજ મોકલવું.) (૭) પોસ્ટેજ બીડ્યા વિના આ વિભાગને લગતી કોઈ પણ પૃચ્છાનો ઉત્તર આપવામાં નહિ આવે. (૮) કેટલાક અમારી પાસેથી પોતાને મનફાવતા દેશોના પત્રમિત્રોની યાદી મંગાવે છે; પરંતુ અમારી પાસે તેવી કોઇ કાયમી યાદી રહેતી નથી. અમારી પાસે જે કાંઈ આવે છે તે અમે 'કુમાર'માં પ્રકટ કરી દઈએ છીએ. માટે સૌએ પોતપોતાની પસંદગીનાં સરનામાં 'કુમાર'ના અંકોમાંથી શોધી લેવાં: અમારી સાથે નાહક પત્રવ્યવહાર કરવો નહિ. (૯) પરદેશી પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરનારાઓએ, પોતે આ દેશનાં સંસ્કાર, ચારિત્ર્ય અને પ્રતિષ્ઠાનાં પ્રતિનિધિ છે એ ખ્યાલમાં રાખીને એવા ગૌરવપૂર્વક પત્રવ્યવહાર કરવો જોઈએ.

[શ્રી સુરેન્દ્ર ધોળકિયાના અમેરિકાના પત્રોમાંથી મોકલનાર હરસુખરાય ધોળકિયા; ૧૮ મંગળ નિવાસ, શિવાજી પાર્ક મુંબાઇ ૨૮.]

અહીં ઘર ભાડે લેવા-આપવાની પદ્ધતિ જરા વિચિત્ર છે. ત્યાં રહેવા જતી વખતે છ કે બાર માસનો કબાલો (કૉન્ટ્રૅક્ટ) કરવો પડે, ને એટલો જ સમય રહેવાય. વધારે રહેવું હોય, ને મકાન-માલિક સંમત હોય તો ફરીથી બીજો કબાલો થઇ શકે એ પદ્ધતિ સાથેનો અમારો પ્રયોગ ને પરિણામો રસપ્રદ છે. અમારી ઉપર રહેતા અમેરિકન ભાડુતનાં છોકરાં વગેરેની અમને બહુ ખલેલ હતી, ને અમે પણ વારંવાર મિત્રો ને પ્રોફેસરોને હિંદી ખાણાં આપીએ તેની રસોઈની વાસ એ ભાડુતોને ન ગમતી. ને તેથી ચકમક ઝર્યાં કરતી. તેથી અમારો કૉન્ટ્રૅક્ટ લંબાવવાનું અમે યોગ્ય ન ધાર્યું, ને એક ટ્રેલર (Trallor) ખરીદી એ ચિંતામાંથી મુક્ત થયા.

ટ્રેલર એટલે તમામ આધુનિક સગવડોવાળું લાકડાનું ઘર. મોટર બસ જેવડું ને રેલવેના ફર્સ્ટ ક્લાસના ડબ્બા જેવું અપ-ટુ ડેટ લાગે. નીચે પૈડાં પણ હોય, તેથી જ્યાં લઈ જવું હોય ત્યાં મોટરથી ખેંચી લઈ જઈ શકાય. નહિતર પૈડાં કાઢી નાખી રહેવાય. એમાં નાનાંમોટાં વિવિધ જાતનાં વર્ષવર્ષનાં મૉડેલો હોય છે, ને કિંમત ૨૨૦૦ ડૉલરથી ૪૦૦ ડૉલર સુધીની હોય છે. ઘણા પરદેશીઓ ને વિદ્યાર્થીઓ આવાં ટ્રેલરોમાં રહે છે, ને જ્યારે જવાનું થાય ત્યારે વેચી નાખે છે.

મારું ટ્રેલર ૨૭×૮ ફૂટ છે. આટલા નાના સ્થળમાં આઠ વીજળીની બત્તીઓ, એક ગૅસ-સ્ટવ, બરફની પેટી (રેફ્રીજરેટરને બદલે) થોડાં કબાટ, પુસ્તકોના ઘોડા. પલંગ-સોફા, રૂમ ગરમ રાખવાની ભઠ્ઠી, અરીસા, વાસણ ધોવાનું ટબ, (જેને અહીં સિંક Sink કહે છે) પાણીનો નળ, વાસણ રાખવાનો ઘોડો, તેનાં પર ઢાંકણ તરીકે આવી જતું ફોલ્ડિંગ ભોજન-ટેબલ—એમ પુષ્કળ સામાન છે ને સુવ્યવસ્થિત છે.

ટ્રેલરનું જીવન એટલે અમેરિકન સમાજની ઍરિસ્ટૉક્રસીનું પ્રદર્શન. વરસાદ, વાવાઝોડા કે બરફ સામે ટક્કર ઝીલવા માટે જાડી ને ઈન્સ્યુલેટેડ દીવાલો હોય, ને ઉપર રંગ લગાડેલો હોય: બહાર ગમે તેટલું તોફાન, બરફ, ગરમી, વરસાદ હોય પણ અંદર તદ્દન સહીસલામત હોય છે. આમ વારંવાર ઘર બદલવા ને શોધવાની મુશ્કેલીમાંથી બચવા મેં યુનિવર્સિટીની પાસેની જ જમીન ઉપર ટ્રેલર ખરીદ્યું છે. જમીનનું માસિક ભાડું ૨૦ ડૉલર; ઉપરાંત ગૅસ, વીજળી વીમો વગેરે મળીને વીસેક ડૉલર બીજા આવે. આ એક નવો પ્રયોગ છે, ને કંઇ નહિ તો પ્રયોગ તરીકે પણ તેનું મૂલ્ય ઘણું છે.

અહીંથી WBAA રેડિયોની ડીરેક્ટર, રૂથ વૉકર કરીને એક અમેરિકન બાઈ હિંદમાં ત્રણ માસના પ્રવાસ અર્થે આવે છે.-(જે ૧૧મી નવેમ્બરે આવી ગયાં, ને હાલ દિલ્હી આગ્રા વગેરે સ્થળોની મુલાકાત લે છે.) તેને હિંદીઓનાં જીવનમાં બહુ રસ છે ને હિંદ વિષેના પરસ્પર વિરોધી સમાચારોનું તારતમ્ય કાઢવા તેમજ હિંદી જીવનનો આસ્વાદ લેવાની અભિલાષા સંતોષવા આ પ્રવાસ યોજ્યો છે.

મેં તેમને જમવા આમંત્રેલાં, ને હિંદ વિષે વાતો કરી. તેને સમજાવ્યું કે ત્યાં કોમવાદ, ભેદભાવ, ગરીબાઈ, નિરક્ષરતા, ભિખારીઓ, લુંટારાઓ, ગંદકી વગેરે ઘણા અવગુણો જોઇ શકશો, પણ તે બધાંનું યોગ્ય મૂલ્યાંકન તેમની દાર્શનિક પરિસ્થિતિ પરથી જ નહિ કરતાં, બે સદીનાં વ્યવસ્થિત અને અમાનુષી બ્રિટિશ શોષણની પશ્ચાદ્ ભૂમિકા નજરમાં રાખીને કરશો. નહિતર તમને પ્રજા પ્રત્યે તિરસ્કાર જ થશે. તેને ગાંધીજી ને જવાહરલાલ પ્રત્યે માન છે, હિંદની કળા ને ભૂતકાળ પ્રત્યે પણ માન છે,-એમ માનનીય દરેક વસ્તુ વિષે તેને માન છે. તે એક અંગ્રેજને પરણેલી, પણ નોકરને 'થૅન્ક યૂ' કહેતાં, તેની સાસુએ, કુટુમ્બની આબરૂ ન સાચવવા બદલ ઠપકો આપ્યો, ને પરિણામે તેણે છુટાછેડા લીધા.

આપણા દેશનાં પ્રગતિવાદી બળોને વિશ્વનાં એવાં બળોના સહકારની જરૂર છે; નહિતર પ્રત્યાઘાતનું જે પ્રચંડ મોજું શરુ થાય તે સદીઓ લગી પ્રજાને ભયંકર અંધકારમાં ધકેલી દે તો નવાઈ નહિ.

પરદેશનાં પત્રમિત્રો

(1) Nanalal G. Tanna, P. O. Box 179, Kisumu (Kenya Colony), Br. E. Africa. (Man-24 years, Stamps, Photos, Coins Etc.); (2) Vinodray V. Badiani,

P. O. 179. Kisumu, (Kenya Colony), Br. E. Africa-(Boy–16, Art, Music, Philosophy, Games); (3) Babulal V. Karia, P. O. Box 40, Kisumu (Kenya Colony), Br. E. Africa (Boy–15, Music, View-Cards, F. D. Covers); (4) Dinker K. Joshi, P. O. Box 936, Kampala (Uganda), (Boy-18 years. Stamps, Match-lable, Post Cards); (5) Abdul Hallem Abdul Khaliq, C/o. Aden Treasury, Aden. (Boy-22, Stamps, Photography, Reading); (6) I. J. Shrimanker, 18/45 Esplanade Road, Aden. (Boy-19, Coins, Photography, Stamps); (7) A. Habeeb A. Khaliq, Section 'F', St. No. 12, Camp Aden. (Boy-13, Stamps, Photography); (8) Hamed M. Shamsuddin, The Secretariat, Aden (Man-25, Magazines, Autographs, Correspondence); (9) Adolphus Nzenuwa, St. Pauls School, Osu, Anquara P.O., C/o R. C. M. Umuezike, Via Okiqwi, N. B. W. A. Nigeria (Br. W. Africa); (10) Akira Isii, Hamanoiti, Ikusimati, Oita City, Oita Pref. (Japan). (ઉલ્લેખ: શ્રી ગિરધારીલાલ શ્રોફ, ૭૧૧/૩ સાકર બજાર, અમદાવાદ-૨.) (11) Nicky Laves, C/o. State School, Bunbury, West Australia-12, Stamps. (ઉલ્લેખ: શ્રી હસમુખ મોદી, મુંબાઈ.)

હિંદી પત્રમિત્રો

(1) Mansukhalal Harilal Vora, C/o Gulabshanker Somji, Near New Mint, Bhuj (Kutch)-22, Literature, Politics, Reading, Philosophy; (2) Shah Gunvantkumar E., Patwa Pole, Kadi (N. G.)—18, Stamps, Reading, Cooking, Tree-leaves; (3) Bhavsar Rajnikant Swaroopchand, Pir St., Navsari—17, Postal-covers, Photos, Coins; (4) Harold C. Christie, Christian Hill, Raikhad, Ahmedabad-1—20, Biology, Stamps; (5) Kelvin C. Master, 2102, Cristian Hill, Raikhad, Ahmedabad-1—21, Stamps, Insects, Politics (6) Shashikant J. Vakil, Near Jain Temple, Juna Bazzar, Amreli (Saur.)—18, Stamps. (ચાલુ)

(સરદાર અનુસંધાન પાછળના પાન ૮ થી ચાલુ)

સ્ત્રી : અને ખાંડાની ધારે ચાલતાં શીખ્યા છીએ...

પુરુષ : ભૂડામાંથી ભડ થઇ સુભટ બન્યા છીએ...

સ્ત્રી : માટીમાંથી માનવી થઇ મર્દ બન્યા છીએ...

પુરુષ : એ બધા એના પ્રતાપ.

સ્ત્રી : અને સુભટોમાં એ ભડવીરને સરદાર બનાવનાર પેલા મહાપ્રતાપી સત્યવીર સંતના પ્રતાપ !

[સંગીત]

એક અવાજ : એણે આંખમાંથી કદી આંસુ સાર્યું નથી.

બીજો અવાજ : આંસુ ? આંખમાંથી તો એની તણખા ઝર્યાં છે.

પહેલો અવાજ : કાળનો બાંધ્યો સડો એ વિના કેમ બળાય ?

બીજો અવાજ : અને પરદેશીઓનો પડેલો પંજો કેમ પ્રજળાય ?

પહેલો : એણે આંખમાંથી કદી આંસુ સાર્યું નથી; એણે જોઈએ એથી વધારે બોલ કદી ઉચ્ચાર્યાં નથી. એણે આંખમાંથી કદી આંસુ સાર્યું નથી.

બીજો : પણ આંખમાંથી તણખા ઝાર્યાં છે.

પહેલો : એ તણખે કૈંક દાઝ્યા છે.

બીજો : કૈંક ચંપાયા છે, કૈંક ડમાયા છે, કૈંકનાં હાડ બાળ્યાં છે.

પહેલો : કંઇક તો ઊભા ને ઊભા સળગ્યા છે.

બીજો : અરે સલ્તનત આખી ભડકે બળી છે.

પહેલો : એની આંખમાંથી ઝરતો હતો તો માત્ર નાનો તણખો.

બીજો : પણ હૈયામાં તો આગનો ભભૂકો હતો.

પહેલો : ના, ધીકતો જ્વાળામુખી હતો.

બીજો : દેશના દુ:ખે વલોવાતો એ ખદખદતો લાવા હતો.

પહેલો : અને એના તણખા આંખેથી ઝરતા.

બીજો : એના અંગારા જીભેથી વરસતા.

પહેલો : એ તણખાની ચીનગારીએ પ્રેર્યા ને પ્રજળ્યા.

બીજો : અને એ વાણીના અંગારાએ ડામ્યા ને દઝાડ્યા.

પહેલો : આજે ય હજી એ અંગારા દેશભરમાં પથરાયલા પડ્યા છે.

બીજો : બોરસદ જાઓ કે બારડોલી, રાસ જાઓ કે અમદાવાદ, કરાચી જાઓ કે કલકત્તા, એ અંગારાની આગ હજી આજે ય દઝાડવા સમર્થ છે. [સંગીત]

ક્રાન્તિ : મારું નામ ક્રાન્તિ. હું શક્તિ છું. સંહારક પણ છું; સંવર્ધક પણ છું. ઉચ્છેદક પણ છું, ને ઉદ્ધારક પણ છું. ગમે ત્યાં જઇ ગમે તેને બાળી મૂકું એવી ઉચ્છેદક હું નથી. જર્જરિતને જલાવું છું જરૂર, પણ ત્યાં સકલ કાલનું વેરાન કરતી સંહારક નથી. નિષ્પ્રાણ-નિર્જીવનો નિશ્ચે નાશ કરીશ, ભીરૂ કાયરને સર્વથા ડારીશ, પણ પુનર્જીવનની સંજીવની છાંટતી જઈશ. હું ચંડી બની ભીષણ તાંડવ ખેલી શકું છું, પણ બને ત્યાં સુધી લાસ્યમાં રાચું છું : હું હવે ચાલી..

બધા : ક્યાં ચાલી ?

ક્રાન્તિ : ક્રાન્તિ સદા ચલતી ભલી. હું ચાલી.

બધા : ક્યાં ચાલી ?

ક્રાન્તિ : જંજીરને તોડવા ચાલી, જુલ્મગારને મોડવા ચાલી, વીરોને ઢંઢોળવા ચાલી; હું ચાલી.

બધા : ક્યાં ચાલી ?

ક્રાન્તિ : યુગયુગથી હું ચાલતી જ છું. ડુંગરોને દાટતી ચાલી, શિખરો વધેરતી ચાલી, સાગરો ઉછાળતી ચાલી, વીજળીને રમાડતી ચાલી, હું ચાલી.

બધા : ક્યાં ચાલી ?

ક્રાન્તિ : કોઈ વીર વલ્લભને શોધવા ચાલી : શોણિતસરને તીરે ને ક્ષીરગંગાને નીરે, શહીદોની વાટે ને સતટેકીને ઘાટે, કોઇ સરદારને શોધવા ચાલી.

બધા : અમને સાથે લે ને, આલી.

ક્રાન્તિ : વીર હોય તે સાથે ચાલો, કાયર પાછળ રહેજો; શૂર હોય તે શકુનથાળ લઈ ક્રાન્તિકળશને રહાજો.

[સંગીત]

એક : ભારત હમારા દેશ હય—

બીજો : હિત ઉસકા નિશ્ચય ચાહેંગે;

એક : ઉનકી મુક્તિ કે કારન—

બંને : હમ કુછ ન કુછ કર જાયેંગે.

ઘેરો અવાજ : કેવો કર્મવાદ ઊછળે છે ! જિગર સાબૂત છે ને

પગ મજબૂત છે; હૈયામાં તમન્ના છે ને બાવડાંમાં તાકાત છે; પરાક્રમની પાંખે યૌવન અગ્રગામી છે.

બધા: કદમ કદમ ઉઠાયે જા!

અવાજ: આગ્રહ સત્યનો છે ને કામના સર્વના કલ્યાણની છે; સત્યવીરની રાહબરી છે ને ફળ હાથવેંતમાં છે.

બધા: કદમ કદમ ઉઠાયે જા!

અવાજ: ભારતના ભાગ્ય-ઘડતરનો જંગ જામ્યો છે; અવસર અણીનો છે ને ફેંસલો આખરનો છે.

બધા: કદમ કદમ ઉઠાયે જા!

અવાજ: હરિનો મારગ રહાયો છે ને લાજ નટવર વરને હાથ છે. પ્રેમના તંતમાં મ્હાલતો સંત સંચાલક છે.

બધા: કદમ કદમ ઉઠાયે જા! ખુશીકે ગીત ગાયે જા!

અવાજ: સાહસના સાગરમાં જુવાનીનો જુવાળ ચઢ્યો છે. પુણ્યશ્લોક પિતામહ પ્રેરણાદાતા છે ને મોખરે વિજયપંથી વીર સરદાર છે.

[સંગીત]

ક્રાન્તિ: હું ક્રાન્તિ! સૌને સાથમાં લઈને ચાલી, એક બાથમાં લઈને ચાલી!

ઘેરો અવાજ: ક્રાન્તિ! ક્રાન્તિ! એમ કેમ ચાલી?

ક્રાન્તિ: હું ક્રાન્તિ પણ છું ને શાન્તિ પણ છું. શાન્તિ છે મારું બીજું સ્વરૂપ.

બધા: સહવીર્યં કરવાવહૈ.

ક્રાન્તિ: ભારત એક છે, આપણે એક છીએ. એક લોક છીએ, એક પ્રજા છીએ.

બધા: સહવીર્યં કરવાવહૈ.

ક્રાન્તિ: આપણાં સુખદુ:ખ એક છે; આપણી ટેક એક છે, આપણો નિશ્ચય એક છે. આપણા ભેદ આપણે ભૂલવા જોઈએ.

બધા: સહવીર્યં કરવાવહૈ.

ક્રાન્તિ: કાળથી સાવચેત રહેજો. કરાળ કાળ એનાં પડખાં બદલતો રહેશે. ભરમાવશે ને ભોળવશે; ભ્રાન્તિ ઉત્પન્ન કરશે. પણ પ્રજા એક હશે તો તે નિર્ભય છે.

બધા: સહવીર્યં કરવાવહૈ.

ક્રાન્તિ: જંજીર તૂટી છે ને મુક્તિ ત્રૂઠી છે; અંધાર ઓગળ્યો છે ને પ્રભાત ઊગ્યું છે; પણ જેણે સુકાન સંભાળ્યું હતું એ સુકાની ચાલ્યો ગયો છે. એ સુકાનીના સુખન ધ્યાનમાં રાખજો.

બધા: સહવીર્યં કરવાવહૈ.

ક્રાન્તિ: કાળજું કોરે એવા એ શબ્દો હતા: મૃત્યુ એ હાર નથી, મરણ એ લ્હાવ છે. એ ખેલ છે, મોકો છે, ભડવીર થવાનો અવસર છે.

ઘેરો અવાજ: (ધીમેથી) તે દિવસે એ પુણ્યશ્લોકે હસ્તિનાપુરમાંથી માયા સંકેલી રાજઘાટ પ્રતિ પ્રયાણ કર્યું, ત્યારે એને પડખે બેઠેલા અણનમ અવધૂતની આંખમાંથી એક આંસુ પણ સર્યું ન હતું. આવ્યા અવસરને એણે અંતરમાં કેવો સમાવી લીધો હતો!

[સંગીત]

બરકત: આપણે એક છીએ.

ઘેરો અવાજ: એવું માનીએ છીએ.

રસિક: એની કસોટી શી?

અવાજ: તમારા આત્માને પૂછો. સાચી કસોટી એ.

બરકત: અમે એક છીએ.

અવાજ: હશે; પણ એમાં ઘણા રંગ પૂરવાની જરૂર છે.

બરકત: અમે આવેલી મુક્તિને મોડાવા નહિ દઈએ. ..

રસિક: અમે સાધેલી શક્તિને ઓસરવા નહિ દઈએ....

બરકત: અમે ભવ્ય પગલીઓ પાડનારને પગલે ચાલીશું.

અવાજ: તો તાકાત કેળવો. બોલો નહિ, પણ કામ કરો. તાકાત એવી કેળવો કે દુશ્મન ઊભો ન થાય: કામ એવું કરો કે બધે બરકત પથરાય. તો ભારતનું ભાવિ ઉજ્જવલ છે.

રસિક: અમે પડતી મશાલ ઝીલી લઈશું; ચાલતી કૂચ આગળ ચલાવીશું.

અવાજ: એમાં મુશ્કેલીથી ડરશો નહિ; મોત આવે તો ય ડગશો નહિ; આંતરકલહને ઓલવજો ને આત્મશ્રદ્ધા અવિચલ રાખજો. તો ભારતનું ભાવિ ઉજ્જવલ છે.

બરકત: પણ ગયા એવા તો નહિ થવાય; ગયા પાછા નહિ આવે.

અવાજ: બને; ન પણ બને. રામ ગયા, કૃષ્ણ ગયા; મહાવીર ને બુદ્ધ ગયા. એવા પણ પાછા નથી આવ્યા. છતાં ભારતનું ભાવિ ઉજ્જવલ રહ્યું; ભારતનું ભાવિ ઉજ્જવલ છે.

તું તું થા. તારા જ પગ પર ઊભો રહે, તારું કર્તવ્ય બજાવી રહે. અસીમ ભૂતકાળ પડ્યો છે, એમાંથી તાકાત મેળવ; વિરાટ ભાવિ પડ્યું છે, એમાંથી શક્તિ સારવ. તું તું થા, એટલે સૌ સૌ થશે; તું સૌનો થા, એટલે સૌ તારા થશે. શક્તિ એવી સજાવ કે અંદરના અંધકાર ઓગળી જાય; તાકાત એવી જમાવ કે પરાયાં વાદળ તને આવરે નહિ; આત્મજ્યોતિ એવી પ્રગટાવ કે સૌ એમાં શાતા પામે. ભારતનું ભાવિ ઉજ્જવલ છે.

[સંગીત]

એક અવાજ: અલૌકિક શક્તિઓના સંચારક ભગવાન! અમે પામર નથી. તારા જ સંદેશથી પ્રેરાઈ અમે દૈન્ય પરહર્યું છે. તારી જ શક્તિઓ ઝીલી અમે બન્યા છીએ આત્મવાન્.

બીજો અવાજ: ને છીએ શ્રદ્ધાવાન્! પૌરુષના અપેક્ષક, બલના ગ્રાહક, ઐક્યના ચાહક.

પહેલો અવાજ: અમે સૂર્ય શા તેજપ્રવર્તક છીએ...

બંને સાથે: કારણ અમે સંગઠિત શક્તિના એક પ્રજાજન છીએ.

બીજો: અમે ચન્દ્ર શા શાન્ત ને સૌમ્ય છીએ...

બંને સાથે: કારણ અમે સંપથી સોહતા એક પ્રજાજન છીએ.

પહેલો: અમે સાગર શા સમર્થ છીએ...

બંને સાથે: કારણ અમે તેની જેમ બિન્દુબિન્દુથી વિરાટ બનેલા એક પ્રજાજન છીએ.

બીજો: અમે તત્ રૂપ છીએ, સત્ રૂપ છીએ...

બંને સાથે: કારણ અમે પ્રજાપતિની પ્રજા છીએ.

પહેલો: એટલે અમે રાજન્ય એવા દેવ—દિક્કાલના દેવાદિદેવ વરુણને પ્રાર્થના કરીએ છીએ કે...

બીજો: તમે પૃથ્વીપટે અવતર્યા હતા—સુરાજ્યને અવતારવા,

બંને સાથે: અંતરીક્ષે વસો હવે—સુભારતને રક્ષવા.

[સંગીત]

[ઑલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી]





સરદારને

ગાંધીજીને શીર્ષ ઝીલાયલી જે
આઝાદી કેરી ગહા ધોધશાળી
ગંગા, તેને હિંદ કેરી ધરા પે
ઊતારી તેં તર્પિયાં લોક હૈયાં —અશોક હર્ષ

બર્ટ્રાન્ડ રસેલ : સાહિત્યના નોબેલ ઈનામના ૧૯૫૦ના વિજેતા

ગયા વરસની આખરે જાહેર થએલાં નોબેલ પારિતોષિકોમાં સાહિત્ય માટેનાં નોબેલ ઈનામો બે વરસનાં સામટાં જાહેર કરવામાં આવ્યાં હતાં. તેમાં ઇ. ૧૯૪૯નું ઇનામ અમેરિકન નવલકથાકાર વિલ્રિયમ ફૉકનેરને અને ૧૯૫૦નું ઇંગ્લંડના ૭૮ વર્ષના ઉમરાવ અને જાણીતા ફિલસૂફ તથા ગણિતી બર્ટ્રાન્ડ રસેલને મળ્યું છે અત્યારના જગતના તત્ત્વચિંતકોમાં મોખરાની હરોળમાં ગણાતા અર્લ રસેલે વિવિધ વિષયો પર અનેક ગ્રંથો લખ્યા છે, જેમાંના ૪૦ તો સામાજિક અને રાજકીય વિષયો ઉપર છે. એ તથા તત્ત્વચિંતનના એના ગ્રંથોના વાચનની ગુંજાયશ કે ઈચ્છા ન ધરાવનાર પણ સામાન્ય ઠીકઠીક અંગ્રેજી જાણનાર કુમાર-કિશોર-તરુણને એની વિચારસરણીનો પરિચય કરવા માટે 'કૉન્કવેસ્ટ ઑાવ હૅપીનેસ' નામનું એનું પુસ્તક વાંચવાની ભલામણ કરી શકાય.

બર્ટ્રાન્ડ, આર્થર, વિલિયમ રસેલનો જન્મ, ઇંગ્લંડમાં મન્માઉથ પાસે ટ્રેલ્લૉક મુકામે ઈ. ૧૮૭૨ના મે માસની ૧૮મી તારીખે વાઇકાઉન્ટ ઍમ્બરલી નામના ઉમરાવના બીજા પુત્ર તરીકે થયો હતો. ત્રણ વરસની ઉમરે માતાપિતા મરણ પામતાં અનાથ બનેલો એ બાળક દાદીના ઉછેરતળે, નિશાળે ગયા વિના ઘેર જ શિક્ષકોના સાન્નિધ્યમાં કેળવણી પામ્યો, જેને પરિણામે એમનું બાળપણનું જીવન અટૂલું વીત્યું.


[નીચે : બર્ટ્રાન્ડ રસેલ : છેલ્લી તસ્વીર]



ગણિતનો તેમને નાનપણથી જ શૅાખ હતો. ૧૧ વર્ષની વયે તેમણે યુકલીડની ભૂમિતિનો અભ્યાસ શરૂ કર્યો. પરંતુ યુકલીડ શરૂઆતથી જ અમુક સિદ્ધાન્તોનો વિના પુરાવે મૂંગે મોઢે સ્વીકાર કરીને પછી આગળ ચાલતો હોવાથી તેઓ નિરાશ થયા હતા. આ નિરાશા તેમના જીવનમાં નિર્ણયાત્મક નીવડી ને તેને જ પરિણામે તેઓ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાને પ્રેરાયા હતા.

ઈ. ૧૮૯૦માં ૧૮ વર્ષની વયે તે કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં દાખલ થયા. ત્યાં પણ તે અતિ શરમાળ વિદ્યાર્થી રહ્યા. ત્યાં તેમણે ગણિતશાસ્ત્ર તથા તત્ત્વજ્ઞાન બંનેનો સાથે

માસમાસનાં પંખી-૧૦
તેતર



સીમ-શેઢે જોવા કરતાં પાલકો પાસે જ આપણે જેને વધુ જોયું હોય છે એ તેતર માત્ર તેની વિશિષ્ટ વાણી કે લડાયકવૃત્તિથી જ નહિ. પણ તેના આજ્ઞાંકિતપણા ને પોતાના પાલક સાથે હળી જવાના સ્વભાવથી આકર્ષાઇને પણ પાળવામાં આવે છે.

એનો મુખ્ય વાન ઉપરથી રાખોડી-ઝાંયવાળો બદામી અને હેઠલે ભાગે મેલો ગટોડી જેવો. ભૂરી ગરદન પર માથું. ગાલ અને આંખ ઉપરનો ભાગ ઘેરો બદામી અને ગળું કંઈક કથ્થાઇ જેવું. પીઠે-પાંખે સફેદ ને પેટ-છાતીએ ભૂરી લહેરિયાં લેતા ચટાપટા. ચાંચ મેલી રાખોડી, નરમ, પાતળી અને જમીન પરથી કણ વીણી ખાવા પૂરતી સબળ. પગ લાલ, દૃઢ અને કઠોર તથા અહોરાત્ર તે જમીન પર જ રહેતું હોવાથી દોડવા માટે ખૂબ અનુકૂળ. પગની આવી શક્તિને લીધે જ આ અને આ વર્ગનાં બીજાં પંખીઓ પરસ્પર લડવામાં ચાંચ કે પાંખોને બદલે પગનો જ ઉપયોગ કરે છે. નરમાદામાં ફેર ફક્ત એટલો કે નરને પગે એક કાંટો હોય છે જેનો ઉપયોગ તે લડતી વખતે કરે છે. નાસવામાં યે પાંખ કરતાં પગનો ઉપયોગ તે વધુ કરે છે. જરૂર પડ્યે ઊડે ખરાં, પણ થોડે જ દૂર જઇ જમીન પર ઊતરી પડી દોડવા લાગે. લડાયકવૃત્તિનાં હોવા છતાં પાલક સાથે તે સહેલાઈથી હળી જાય છે ને કૂતરાં જેટલાં જ આજ્ઞાધારક બની રહે છે.

રંગલાવણ્યે અધિક સુંદર એવી કાળા-તેતર નામની તેની બીજી પણ એક જાત થાય છે, પણ તે ઝટ નજરે ચડતી નથી.

સ્થળાનુકૂળ, વિવિધ સમયે, ઝાડઝાંખરાંને ઓથે જમીન પર છીછરો ખાડો કરી ને ક્વચિત્ તેમાં સૂકાં ઘાસ-પાંદડાં પાથરી તે પર તે અણિયાળાં લંબગોળ બદામી ઝાંયવાળાં મેલા સફેદ રંગનાં છથી નવ ઇંડાં મૂકે છે.

અભ્યાસ કર્યો. વિદ્યાપીઠમાંની તેમની કારકીર્દી અત્યંત જ્વલંત હતી. ત્યારથી જ તેમણે તર્કશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્ર અંગેનાં પુસ્તકોનું લેખનકાર્ય શરૂ કરેલું અને તેને વિદ્વાનોમાં સારો આદર મળ્યો હતો.

૧૮૯૫માં કેમ્બ્રિજમાંથી ઘણા ઊંચા માન સાથે ગણિતમાં રૅંગલર અને ફિલ્સૂફીમાં પહેલા વર્ગમાં પાસ થવાથી એ જ વર્ષમાં તેમની કૉલેજના ફેલો નિમાયા. પણ તે અગાઉ એ તો ૧૮૯૪ના ઉનાળામાં કેમ્બ્રિજ છોડીને પારીસના બ્રિટિશ એલચીખાતામાં માનાર્હ ઍટૅશી તરીકે જોડાયા હતા. એ જ વર્ષના ડિસેમ્બરમાં મિસ એલીસ પી અરસૅાલ સ્મિથ સાથે તેમનું લગ્ન થયું. આ અરસામાં તેઓ ફૅબિયન સોસાએટીના પણ સભ્ય હતા, ને ત્યાર બાદ માત્ર ૩૬ વર્ષની નાની વયે તો તેમને રૉયલ સોસાએટીના સભ્ય બનાવવામાં આવ્યા.

ઇ. ૧૯૦૦ના વર્ષને રસેલ પોતાના બૌદ્ધિક જીવનના સૌથી મહત્ત્વના વર્ષ તરીકે ગણાવે છે. તે વર્ષમાં તે પોતાના મિત્ર આલ્ફ્રેડ વ્હાઈટહેડ સાથે પારીસમાં મળેલી આન્તરરાષ્ટ્રીય તત્ત્વજ્ઞાન પરિષદમાં ગએલા ત્યાં ઈટાલીના ગણિતશાસ્ત્રના વિખ્યાત અધ્યાપક ગિસેપ્પી પીઆનોના તે સંપર્કમાં આવ્યા અને તેમના વિચારોના અભ્યાસને અંતે પોતાનો પ્રખ્યાત ગ્રંથ 'પ્રિન્સિપલ્સ ઑાવ મૅથમેટિક્સ' લખવા પ્રેરાયા. ત્યાર પછી ઈ. ૧૯૧૦ થી ૧૯૧૩ સુધીના ગાળામાં તેમણે વ્હાઈટહેડની સાથે મળીને તે ગ્રંથનો વિસ્તાર કર્યો અને તેને 'પ્રિન્સિપિયા મૅથેમેટિકા' નામ આપ્યું.

આ કાળમાં રસેલ ઑાક્સફર્ડ પાસે એક નાના મકાનમાં પોતાની પત્ની સાથે બહુ જ સાદી રીતે રહેતા અને સખત કામ કરતા. થોડો વખત તેમણે ચેમ્બરલેઈનના ટેરીફ સુધારા સમયે રાજકારણમાં પણ કામ કરેલું. ઈ. ૧૯૧૦માં તેમની જ કૉલેજમાં તે લેકચરર તરીકે નિમાયા. એવામાં પહેલું મહાયુદ્ધ સળગી ઊઠતાં, તેમના યુદ્ધવિરોધી વિચારોને કારણે તથા ફરજિયાત લશ્કરી ભરતી અંગે જે દષ્ટિબિંદુ લીધું તેને પરિણામે તેમને સત્તાવાળાઓ સાથે અથડામણમાં આવવું પડ્યું. વળી 'મૅરેજ ઍન્ડ મૉરલ્સ' (લગ્ન અને નીતિ) નામના તેમના પુસ્તકે તો સનાતન રુઢિચુસ્ત મંડળોમાં ભારે ખળભળાટ મચાવેલો. એક ધર્મવિરોધી પત્રિકા પ્રકટ કરવા માટે તેમનો ૧૦૦ પૌંડ દંડ થયો, જે માટે તેમનું પુસ્તકાલય જપ્ત કરવામાં આવ્યું. એક મિત્રે તે ખરીદી તો લીધું, પણ એમાંના ઘણા મૂલ્યવાન ગ્રંથો ગુમ થઈ ગયા. એમની કૉલેજે એમની લેકચરરશિપ રદ કરી. હાવર્ડ યુનિવર્સિટી (અમેરિકા)માં એમને એક જગ્યા મળી, પણ ત્યાં જવા માટે સરકારે પાસપોર્ટ ન આપ્યો. 'રાજકીય આદર્શો' ઉપર એક વ્યાખ્યાનમાળા આપવા ઇચ્છતાં લશ્કરી સત્તાવાળાઓએ તેમને અટકાવ્યા; અને ૧૯૧૮માં એક લેખ લખવા માટે છ માસની જેલ પણ મળી ! 'ઇન્ટ્રોડક્શન ટુ મૅથમેટિકલ ફિલૅાસૅાફી' નામનું એમનું ઉત્કૃષ્ટ પુસ્તક જેલમાં જ લખાએલું.

૧૯૨૦માં પેકિંગ યુનિવર્સિટીમાં ફિલ્સૂફીનાં વ્યાખ્યાનો આપવા તે ચીન ગયા, જ્યાં તેમને ન્યૂમૉનિયા થયો અને ત્રણ અઠવાડિયાં સુધી તો જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાધાં. કેટલાંક અત્યુત્સાહી જાપાની છાપાંએ તો એમના મરણના સમાચાર પણ ફેલાવી દીધેલા ! પણ જર્મન ડૉક્ટરોની મહેનતથી એમનો જીવ બચ્યો. ૧૯૨૧માં લંડન આવીને મિસ ડોરા બ્લૅક સાથે એમણે બીજું લગ્ન કર્યું અને પત્રકારત્વ તથા વ્યાખ્યાનો આપીને તથા 'એ.બી.સી. ઑાવ ઍટમ', 'એ.બી.સી. ઑાવ રિલેટિવિટી' વગેરે લોકભોગ્ય પુસ્તકો લખીને ગુજારો કરવા માંડ્યો.

અત્યંત તેજસ્વી પ્રતિભા ધરાવતો આ મેધાવિન ફિલ્સૂફ તીક્ષ્ણ નર્મશક્તિ અને રસળતી ચોટદાર ભાષાનો સ્વામી છે અને સત્ય માટેનો ઉગ્ર પ્રેમ તથા નીડરપણે રજૂ કરવાનો આગ્રહી એ વિચારક પોતાના કાર્યના ઉદ્યમમાં પરિશ્રમ પણ એટલો જ ખેડી શકે છે.

ઈ. ૧૯૩૪ માં તેમને રૉયલ સોસાએટીનો સિલ્વેસ્ટર ચન્દ્રક તથા રોયલ મૅથમેટિકલ સોસાએટીનો દ મોર્ગન ચન્દ્રક, એમ બે ચન્દ્રકો એકીસાથે અર્પણ કરવામાં આવ્યા, અને ૧૯૪૯માં બ્રિટનના નાo રાજવીના જન્મદિનની માનચાંદની લહાણીમાં તેમના પર 'ઑાર્ડર ઑાવ મેરિટ' (ઇંગ્લંડની પ્રતિભાશાળી વ્યક્તિઓને અપાતા મોટામાં મોટા માન)ની નવાજેશ કરવામાં આવી. ૧૯૫૦નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક એ બહુમાનની અમૂલ્ય હારમાળાના છેલ્લામાં છેલ્લા મણકા સમાન છે.

એમના ગ્રંથો અને વિચારસરણીનો શ્રી અશોક હર્ષે લખેલો ટૂંકો પણ વિશદ પરિચય આ નીચે આપીએ છીએ.

વિક્ટોરિયન યુગની ચાલી આવતી પ્રણાલીમાં જ જીવી રહેલા ઇંગ્લંડને આ સદીના પ્રારંભે ત્રણ મહાન વિચારકોએ માનસિક ગુલામીમાંથી મુક્ત કર્યું. એ ત્રણ મહાન પ્રણાલીભંજકો તે બર્નાર્ડ શૉ, એચ. જી. વેલ્સ અને બર્ટ્રાન્ડ રસેલ. બર્નાર્ડ શૉએ વિક્ટોરિયન જમાનાના આચારવિચારોની હાંસી ઉડાવીને એના મૂળમાં જ ઘા કર્યો. એચ. જી. વેલ્સે આ રીતે નિર્ભ્રાન્ત બનેલી અંગ્રેજ પ્રજાને નવો સામાજિક આદર્શ પૂરો પાડ્યો. અને વેલ્સને પગલે પગલે જ બર્ટ્રાન્ડ રસેલ આવ્યો, એણે પ્રજાને સાચા વિચારસ્વાતંત્ર્યની દિશામાં વાળી. કોઇ પણ સમાજસુધારક કરતાં આ પ્રણાલીભંજક ત્રિપુટીની પ્રજામાનસ પર વધુમાં વધુ અસર રહેલી છે.

રસેલની સૌથી વધારે અસર તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં થવા પામી છે. તત્ત્વજ્ઞાન એ શું હોઈ શકે એના નવા જ ખયાલો રજૂ કરીને એણે જૂના સઘળા ખયાલો તોડી પાડ્યા છે. એક યુદ્ધવિરોધી તરીકે ૧૯૧૪-૧૮ના યુદ્ધના એણે કરેલા વિરોધની બહુ અસર નહોતી થએલી. બાળકોને ઉછેરવાની એણે રજૂ કરેલી પદ્ધતિનો પણ વ્યાપક સ્વીકાર થવા નથી પામ્યો. અને લગ્નસંબંધ વિષે એણે રજૂ કરેલાં મંતવ્યો પણ બહુ ઓછા લોકોને ગળે ઊતર્યાં છે. પરંતુ તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં એના મૌલિક દૃષ્ટિકોણનો સર્વથા સ્વીકાર થવા પામ્યો છે અને એણે તત્ત્વજ્ઞાનની આખી દિશા બદલી નાખી છે. એ જ રીતે મર્હૂમ ડૉ. એ. એન. વ્હાઈટહેડની સાથે એણે લખેલા 'પ્રિન્સિપિયા મૅથમૅટિકા'એ ગણિત અને પ્રમાણશાસ્ત્ર પર બહુ ઊંડી અસર કરેલી છે. એના છેલ્લા પુસ્તક 'માનવ જ્ઞાન—એની ગુંજાયશ અને મર્યાદાઓ'માં એણે ગણિત અને પ્રમાણશાસ્ત્ર સાથે સંબધ ન ધરાવતા તત્ત્વજ્ઞાનના અંગ પર પોતાના વિચારો રજૂ કર્યા છે. એમાં એણે માનવનો બહિર્જગત સાથેનો સંબંધ કેટલો ટૂંકો, અંગત અને મર્યાદિત હોય છે એની ચર્ચા કરી છે અને જ્ઞાનની ઇન્દ્રિય-ગમ્યતા તથા અતીન્દ્રિયતા ઉપર પ્રકાશ પાડ્યો છે.

રસેલના કાર્યને (અને તેના જીવનને પણ, કારણકે બંને એકબીજા સાથે સંકળાએલાં છે.) મુખ્યત્વે ત્રણ ગાળામાં વહેંચી શકાય. ઈ. સ. ૧૯૧૪-૧૮ના પ્રથમ મહાયુદ્ધના અંત સાથે એનો પહેલો ગાળો પૂરો થાય છે. એ ગાળામાં એના 'ધ પ્રિન્સિપલ્સ ઑાવ મૅથમૅટિક્સ'થી માંડીને 'ઍન ઈન્ટ્રોડક્શન ટુ મૅથમૅટિકલ ફિલૉસોફી (ઇ. સ. ૧૯૧૯) બહાર પડેલાં. ઈ. સ. ૧૯૨૦માં એણે પૂર્વ એશિયાના દેશોની કરેલી સફર અને એને વળતે વરસે એના પ્રથમ લગ્નના છૂટાછેડા સાથે એ ગાળાનો અંત આવે છે.

પ્રથમ વારના નિઃસંતાન લગ્ન પછી એણે બીજી વાર કરેલા લગ્ન-

થી એને જૉન નામનો પુત્ર (હાલના વાઈકાઉન્ટ ઍમ્બર્લી) થયો, જેનાં લગ્ન અમેરિકાના પ્રસિદ્ધ કવિ રૉબર્ટ ફ્રૉસ્ટની પુત્રી સાથે થએલાં છે. રસેલને ઉત્કટ સંતાનપ્રેમ રહેલો હોઇને જૉન તથા તેના પછીની પુત્રી કેઇટને શિક્ષણ આપવાનું કાર્ય એણે પોતાના હાથમાં જ લીધેલું. આ ગાળામાં એનાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં: 'ઑન એડ્યુકેશન', 'મૅરેજ ઍન્ડ મૉરલ્સ', 'ધ કૉન્કવેસ્ટ ઑવ હૅપીનેસ' તથા 'એડ્યુકેશન ઍન્ડ સોશ્યલ ઑર્ડર.' આ ગાળામાં જ એની બીજી વારની પત્ની ડોરા રસેલે બાળકો માટેની 'પ્રગતિશાળી શાળાઓ'ની ઝુંબેશ ઉપાડેલી.

ત્યાર પછીના હાલના ગાળામાં એનાં માનવજ્ઞાન વિષયક ઉપયુંક્ત પુસ્તક સિવાય બીજાં આ પુસ્તકો બહાર પડેલાં છે: 'ફ્રીડમ ઍન્ડ ઑર્ગેનિઝેશન ૧૮૧૪-૧૯૧૪', 'ઍન ઈન્કવાયરી ઈન્ટુ ધ મીનિંગ આવ ટ્રુથ' અને 'હિસ્ટરી ઑવ વેસ્ટર્ન ફિલૉસૉફી.'

અગિયાર વરસે યુકલીડના પ્રથમ પરિચય સમયથી જ ગણિત એ રસેલનો પ્રધાન રસવિષય બની રહ્યો છે. ઈ. સ. ૧૮૯૪માં કેમ્બ્રિજ છોડયા બાદ થોડો સમય પારીસના બ્રિટિશ એલચીખાતામાં માનાર્હ ઍટેશી તરીકે ગાળી, બર્લિન મુકામે અર્થશાસ્ત્રનો અભ્યાસ કરી તેમણે અમેરિકાની પહેલી મુલાકાત લીધી. અમેરિકાથી પાછા આવ્યા બાદ તે સસેક્સ મુકામે સ્થિર થઇને રહ્યા.

ઇ.સ. ૧૯૩૬માં એણે મિસ હેલન પૅટ્રિશિયા સ્પેન્સ સાથે ત્રીજી વારનું લગ્ન કર્યું. ડોરાએ આ પહેલાં એનાથી છૂટાછેડા લઇ લીધેલા. આ લગ્નથી એમને કૉનરાડ નામનો એક પુત્ર છે.

રસેલ સામાજિક નવરચનામાં માને છે, પરંતુ માર્ક્સના શ્રમજીવીઓની સરમુખત્યારીના સિદ્ધાંતમાં નથી માનતા. સઘળા લોકશાહી દેશોમાં અત્યારે પણ પ્રવર્તતી પોલીસ-પદ્ધતિનો એ વિરોધ કરે છે. એમના કહેવા પ્રમાણે પોલીસ અત્યારે આરોપીનો આરોપ પુરવાર કરવાના જ પુરાવા એકઠા કરે છે, તેને બદલે સઘળા દેશોમાં બે પ્રકારનાં પોલીસ-દળો હોવાં જોઈએ. એક આરોપી અપરાધી હોવાના પુરાવા એકઠા કરે, બીજું એ નિર્દોષ હોવાના!

રસેલ ગણિત દ્વારા તત્ત્વજ્ઞાનને હાથ ધરતા હોઇને પ્રમાણશાસ્ત્ર એની ફિલસૂફીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ગણિતશાસ્ત્ર અને પ્રમાણશાસ્ત્ર વચ્ચે, એમના કહેવા પ્રમાણે, 'કિશોર વયના ને પુખ્ત વયના માણસ જેટલો જ તફાવત છે: પ્રમાણશાસ્ત્ર એ ગણિતશાસ્ત્રની કિશોરાવસ્થા છે અને ગણિતશાસ્ત્ર એ પ્રમાણશાસ્ત્રની યુવાવસ્થા છે.'

મૂળભૂત સત્યની શોધ પાછળ પડેલા આ મહાન ગણિતિ-તત્ત્વવેત્તાએ પોતાનાં વિધાનો એવી સરળ ને સચોટ શૈલીમાં રજૂ કર્યાં છે કે એ સૌ કોઇને સહજગ્રાહ્ય લાગે. વ્હાઈટહેડ જેવી દુર્બોધતા એનામાં નથી. ધર્મની બાબતમાં એને પ્રચલિત કોઇ પણ ધર્મમાં શ્રદ્ધા નથી ને એના કહેવા પ્રમાણે તો 'સ્વતંત્ર વિચારશક્તિનો વિકાસ થવા સાથે હાલે આપણે ઓળખીએ છીએ એ પ્રકારના સઘળા જ ધર્મો મરી પરવારશે.'

રસેલનાં કેટલાંક મંતવ્યોએ જેમ અવનવા ક્ષોભ ઊપજાવ્યા છે તેમાં એનાં કેટલાંક મંતવ્યોએ સત્ય માટેની જિજ્ઞાસાને તીવ્રતર પણ કરી છે. એનું મગજ કોઈ અજબ કરામતખાનું છે. અંગત સંબંધોમાં એ ખૂબ ઉદાર અને નિખાલસ હોવા છતાં એનાં મંતવ્યોને કારણે એ બહુ વિચિત્ર આદમી મનાય છે. એટલે તો ચાલુ સાલનો સાહિત્યનો ૧૧,૭૫૦ પૌંડનો નોબેલ પુરસ્કાર એમને મળવાની વાત સાંભળી કેમ્બ્રિજમાંનો એમનો એક જૂનો સહાધ્યાયી બોલી ઊઠેલો: 'માત્ર સાહિત્ય માટે? એમણે એ વિચિત્રતા માટે તે આપવો જોઇતો હતો!

—અશોક હર્ષ

આંખનું આરોગ્ય [૧]

અમેરિકાના જાણીતા નેત્રનિષ્ણાત ડૉ. ડબ્લ્યુ. એચ. બેટ્સ, એમ. ડી.ને, પોતે ચાલી આવતી પ્રણાલીએ આંખોની સારવાર કરવા છતાં અને ચશ્માં આપતાં છતાં પણ દરદીઓને જોઈતી રાહત આપી શકતા ન હતા એમ જ્યારે લાગ્યું ત્યારે એ વિષયમાં ખૂબ અખતરા કરીકરીને તેમણે Perfect Sight Without Glasses (ચશ્માં વગર સંપૂર્ણ દૃષ્ટિ) નામની પોતાની જગવિખ્યાત પદ્ધતિ શોધી. આ વિષે ગયા અંકમાં પ્રાથમિક ભૂમિકા આવી ગઈ છે. આ અંકથી ક્રમશઃ એ પદ્ધતિનો પરિચય આપવાની યોજના છે.

ઇન્દ્રિયોને પોતાનાં જે સ્વાભાવિક કાર્યો કરવાનાં હોય છે તે બધાં તે ખૂબ પરોક્ષરીતે (Passively)—વિના પ્રયત્ને કરતી હોય છે, અને તેમાં જ તે સારામાં સારું કામ કરી શકે છે. પોતાની ફરજ એ જ્યારે પ્રયત્નપૂર્વક બજાવવા જાય છે ત્યારે આખી ક્રિયા ખોરવાઈ જાય છે, કેમકે પ્રયત્નમાં જે શ્રમ પડે છે તેને લીધે તે ક્રિયા બરોબર થતી નથી અને ઇન્દ્રિય ઉપર અકુદરતી દબાણ આવે છે.

આંખને પણ, શ્રમ ન પડે તેમ જુઓ તો જ સારામાં સારું દેખાય છે. સાચી જોવાની રીત પલકારો મારીને જોવાની છે. આપણને જરા ઝાંખું દેખાય એટલે આપણે તાકીને સારું જોવા મથીએ છીએ, પરંતુ એથી તો ઝાંખું દેખાતું યે બંધ થઇ બિલકુલ દેખાતું નથી.

આ મુદ્દા ઉપર ડૉ. બેટ્સે આંખનુંઆરોગ્ય જાળવવા તથા પાછું લાવવા માટે જે પદ્ધતિ યોજી છે તેના પ્રયોગો નીચે મુજબ છે:

(૧) પલકારીને જુઓ (Blinking): જેમ શ્વાસ લેવો એ આપણો સ્વભાવ છે, ને તેને રોકી દેવાથી જીવન થંભી જતું લાગે છે, તેમ પલકારો મારવો એ આંખનો સ્વભાવ છે. અને જ્યારે પલકારો રોકાઈ જાય છે ત્યારે આંખની શક્તિ વેડફાઈ જાય છે, જોવાથી વસ્તુ ઝાંખી થવા લાગે છે, અને એમ જો ચાલુ જ રહે તો છેવટે જોવાની વસ્તુ દેખાતી બંધ થઇ આપણને કંઇ જ દેખાતું નથી. આ અસર એકીટશે અગર તાકીને જોવાથી પડેલા શ્રમનું પરિણામ છે.

બાળક, પશુ કે પંખી સૌ પોતાની સ્વાભાવિક અને આરામની દશામાં પલકારા મારતાં જોવામાં આવશે. આને બદલે જ્યારે પ્રયત્નપૂર્વક તાકવાની ટેવ પડે છે ત્યારે આંખની શક્તિ વધુ ખર્ચાવાથી આંખ દુઃખી આવે છે, અને છતાં દેખાતું તો નથી જ, બલ્કે ખોડ ઊભી થાય છે. પલકારા સાથે જોવાથી આંખને આરામ રહે છે, ઓછી શક્તિને ખર્ચે વધુ સારું દેખાય છે અને થાક અનુભવ્યા વિના તે અખંડિત રીતે કામ કરી શકે છે.

કેટલાક માને છે કે પલકારીને લખવામાં, વાંચવામાં કે જોવામાં મુશ્કેલી પડે છે. એ ભ્રમ છે. ઊલટું, તાકીને જોવાથી જ એ ક્રિયાઓ કરવામાં મુશ્કેલી પડે છે. પલકારો મારવાની ટેવ ન હોવાથી એમ લાગે છે. થોડા મહાવરાથી પલકારવાની ટેવ પડી જાય છે, અને ત્યારે જ સમજાય છે કે પલકારો તો આંખને માટે કુદરતી છે, —બલ્કે એક આશીર્વાદ રૂપ છે. (ચાલુ) —ડૉ. ગોવિંદભાઈ પટેલ

અમેરિકાનું કીર્તિ-મંદિર

ન્યૂ યૉર્ક યુનિવર્સિટીના મેદાનમાં એક અર્ધ-વર્તુળાકાર મકાન આવેલું છે. એની ભીંતો પર, અમેરિકન જનતા અને જગતને ઉપકારક કાર્ય કરી જનાર મહાન અમેરિકનોની પ્રતિમાઓ ને એમને વિષેનાં લખાણો રાખવામાં આવે છે.

અમેરિકાભરના શિક્ષણશાસ્ત્રીઓ, વૈજ્ઞાનિકો, પત્રકારો, સરકારી નોકરિયાતો અને અગ્રણી વેપારીઓના બનેલા એક મતદારમંડળ તરફથી આ કીર્તિ-મંદિર માટે દર વર્ષે ચૂંટણી યોજાય છે. એ માટે

—અગત્યનું—

કાગળના ભાવ બમણા ઉપર થઈ જવા સાથે શાહી તેમજ બ્લૉક બનાવવાનાં સાધનો તથા રસાયણોના ભાવમાં પણ વધારો થઇ ગયો છે. આ સંજોગોમાં 'કુમાર' ચાલુ લવાજમમાં કેમ આપી શકાય એ અમારી મૂંઝવણ છે. એને માટે લવાજમમાં વધારો યા પાનાંની સંખ્યામાં ઘટાડો એ બે વિકલ્પ છે. એક ત્રીજો સંભવિત માર્ગ છે, જે તમારા હાથમાં છે: ગ્રાહક સંખ્યા ઠીકઠીક વધે તો પ્રાથમિક ખર્ચ બહોળી સંખ્યામાં ફળવાઈ જઇને રાહત મળે. કદાચ ટૂંક મુદ્દતમાં જ અમારે આનો નિર્ણય લેવો પડશે, તેમાં તમારું પગલું સહાયભૂત થઈ પડશે. છે તે લવાજમમાં અને અત્યારના સ્વરૂપે 'કુમારે' ચાલુ રહેવું હોય તો તેની ગ્રાહકસંખ્યામાં સારો વધારો થવો જોઇએ. નહિતર લવાજમ-વધારો કે પાનાંનો ઘટાડો એ બેમાંથી એક માર્ગ નછુટકે અમારે લેવો પડશે. એ પહેલાં ગ્રાહક થઈ જવું એ બંને પક્ષે હિતકર છે. —સંચાલક

નિયમ એ છે કે જેના નામની ચૂંટણી કરવાની હોય એ વ્યક્તિના મૃત્યુને ૨૫ વર્ષ વીતી ગયાં હોવાં જોઈએ, ને એનું વતન અમેરિકા હોવું જોઇએ, અથવા અમેરિકાનું નાગરિકત્વ એણે મેળવેલું હોવું જોઇએ.

આ વર્ષે સૂચવાએલાં ૧૮૬ અગ્રણી અમેરિકનોમાંથી પસંદ કરવામાં આવેલાં છ નામોમાં અમેરિકાના બે માજી પ્રમુખો થીઓડોર રૂઝવેલ્ટ તથા વૂડ્રો વિલ્સનને સ્થાન મળ્યું છે. ૧૯૦૧માં શરૂ થએલા આ કીર્તિ-મંદિરમાં આજ સુધીમાં ૭૭ અમેરિકનોને સ્થાન મળ્યું છે.

આ વર્ષની પસંદગીમાં સ્ત્રીઓના અધિકારો માટે લડત લડનાર શ્રીમતી સુસાન ઍન્થનીનો પણ સમાવેશ થાય છે. તેઓ કીર્તિ-મંદિરમાં સ્થાન પામનાર આઠમાં મહિલા છે. બીજાં નામોમાં એક ડૉ. વિલિયમ ગૉર્ગાસનું છે, જેમણે ક્યૂબા દેશના હાવાના શહેર તથા પનામા નહેરના વિસ્તારોમાથી યેલો ફીવર નામનો ભયાનક તાવ દૂર કરેલો. ટેલીફોનની શોધ કરનાર ડૉ. ઍલેક્ઝાન્ડર ગ્રૅહામ બેલ, ને ગણિતી ભૌતિકશાસ્ત્રી ડૉ. જોશિયા ગિબ્ઝ પણ ત્યાં છે. (યુસિસ)

સમય-સાગરનાં છીપ-મોતી

[છાપાંમાંની હકીકતો, જરૂરી સમાચાર જાણી લીધા બાદ ઘણીખરી ભુલાઈ જાય છે. પણ કેટલીકવાર એમાં એવા નાના ખબર આવે છે જે આપણા મન પર મોટી અસર કરી જાય છે. કેટલાક ક્ષુલ્લક દેખાતા સમાચાર પાછળ પણ ઘણીવાર કંઈક મહત્ત્વ રહેલું હોય છે, પણ ઝડપથી છાપું વાંચીને ફેંકી દેનારનું મન એના પર સ્થિર થતું નથી. આ યુગમાં વિજ્ઞાન, રાજકારણ, સંશોધન આદિ અનેક ક્ષેત્રોમાં એટલા ઝપાટાથી પ્રગતિ થઈ રહી છે કે એની નોંધ તારવીને આપવામાં ન આવે ત્યાંસુધી એનો ખ્યાલ સામાન્ય વાચકને રહેતો નથી.

આ દૃષ્ટિ નજરમાં રાખીને આપણાં દૈનિક પત્રોમાંથી ઉપયુક્ત સમાચારોને વીણીને આપતો આ નવો વિભાગ વાચકોને ઉપયોગી તથા રસપ્રદ જણાશે એ હેતુથી અખતરા દાખલ શરૂ કરીએ છીએ. એમાં કેટલાંક જ્ઞાનકણિકા જેવાં મૂલ્યવાન મોતી હશે, તો રંગવૈવિધ્યથી આકર્ષે તેવાં છીપલાં પણ હશે. વૈજ્ઞાનિક શોધખોળની માહિતી હશે, તો સાથે સામાજિક વિષમતાના સમાચાર પણ હશે. આપણા સમાજના અને આપણા દેશના ગુણોનું ગૌરવ અને સંવર્ધન કરે એવા ખબરો હશે, તો સાથે આપણા દોષો પર વિદારક પ્રકાશ પાડતી હકીકતો પણ હશે. 'કુમાર'ના છેલ્લા પાના જેવી જ પણ જુદા જ પ્રકારની વૈવિધ્યતા ને જ્ઞાનદાયિતા એમાં આપવાનો પ્રયાસ થશે.]

આનું નામ સાહસ

કૅનેડાના બ્રિટિશ કોલંબિયાના રહેવાસી, ૧૧ વર્ષના એક ભારતીય કુમારે એક અજબ સાહસ ખેડ્યું છે. આખી દુનિયાનો પ્રવાસ એકલે પંડે ખેડવાનું ઠરાવીને ગયા જુલાઇની ૨૦મી તારીખે કૅનેડાથી તે નીકળ્યો અને ગયા માસમાં જ તે રોમથી મુંબાઈ આવી પહોંચ્યો. તેનો એક ભાઈ ભારતના નૌકાદળમાં નોકરી કરે છે. કૅનેડાની સેંટ જ્હૉન સ્કાઉટ ટુકડીનો તે સભ્ય હોઈ તે જ્યાં જાય છે ત્યાંની સ્કાઉટ ટુકડીની મદદથી તે પ્રવાસ કરે છે.

એશિયામાં 'ઊડતી રકાબી'

'ઊડતી રકાબીઓ' એ ઘણા વખતથી જગત આખામાં ચકચાર જગાડી છે. એ શું છે, તેને કોણ ઉડાડે છે, શા માટે ઉડાડે છે ઈત્યાદિ બાબતો હજુ અંધારામાં છે. કેટલાક કહે છે કે તે રશિયાનાં જેટ વિમાનો છે; કેટલાક કહે છે કે મંગળ કે એવા કોઈ બીજા ગ્રહ ઉપરથી ત્યાંના લોકો પૃથ્વી સાથે સંબંધ બાંધવા આવી વસ્તુ મોકલે છે; જ્યારે બીજાઓ કહે છે કે એ કેવળ જોનારનો ભ્રમ છે. વિજ્ઞાનીઓ આ 'રકાબી'નો કોયડો ઉકેલવાની મથામણ કરી રહ્યા છે.

આ ઊડતી રકાબીઓ સૌ પહેલાં અમેરિકામાં ને ત્યાર પછી બીજા દેશોમાં દેખાઇ, પણ એશિયામાં દેખાઇ નહોતી તે હવે બીજી નવેમ્બરે રંગૂનમાં બપોરે દેખાઈ. આકાશમાં રકાબી જેવી તેજસ્વી વસ્તુ જણાતાં રંગૂનની બજારમાં લોકોનાં ટોળેટોળાં ભેગાં થયા. આશ્ચર્ય એ છે કે તે જ રાત્રે ત્યાં એક જંગી ખરતો તારો દેખાયો હતો. સામાન્ય ખરતા તારા કરતાં ઘણા મોટા કદના એ તારા માટે ઘણાનું એમ કહેવું છે કે દિવસે જે રકાબી દેખાએલી તે જ રાત્રે આમ નવા રૂપમાં આવી હોય. (૨–૧૨–૫૦)

આ કેમ અટકે?

અનાજ સંઘરવાની અપૂરતી ને ખામીભરેલી વ્યવસ્થા તથા જીવજંતુને લીધે ભારતમાં દર વર્ષે ૨૦ લાખ ટન અનાજ બગડે છે એમ સરકારી અનાજ-સંરક્ષણ ખાતાના નિષ્ણાતે કહ્યું. (૩–૧૨–૫૦)

યંત્ર-નોકર

શોધખોળના ક્ષેત્રમાં ભારતનો વિદ્યાર્થી સાધારણતઃ પછાત ગણાય છે. પણ સ્વતંત્રતા પછી એ ક્ષેત્રમાં પણ વિદ્યાર્થીઓએ પ્રતિભા બતાવવા માંડી છે. બનારસ ઍન્જિનિયરિંગ કૉલેજના ૯ વિદ્યાર્થીઓએ એક એવું યંત્ર બનાવ્યું છે જે સવારે ઊઠતાંવેંત ચાનાસ્તો તૈયાર કરી આપે છે. ચાંપ દબાવો એટલી જ વાર: તરત એ કૉફી, ટોસ્ટ, પાંઉ તથા ઇંડાને બાફીને તૈયાર કરી ટેબલ પર બધી વસ્તુઓ ગોઠવી આપે છે, અને પછી ડાહ્યા નોકરની માફક આપમેળે જ ઈલેક્ટ્રિકનો પ્રવાહ બંધ કરી દે છે. કૉલેજના વાર્ષિકોત્સવ વખતે આ યંત્ર પ્રદર્શિત થએલું. (૪–૧૨–૫૦) (અનુ૦ પૃ૦ ૩૩મે)

નવલિકા – નાટિકા માટે ઈનામી હરીફાઈ

ગયાં બે વર્ષની માફક આ વર્ષે પણ આ હરીફાઈ ચાલુ રહે છે. તેમાં (૧) આ ફેબ્રુઆરીથી ડિસેમ્બર સુધીના ગાળા દરમ્યાન 'કુમાર'માં આવેલી મૌલિક ટૂંકી વાર્તાઓ તેમજ નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂપિયા ૩૦)નું ઇનામ અપાશે; (૨) આ પારિતોષિક 'કુમાર'ના ચાલુ પુરસ્કાર ઉપરાંત અપાશે; (૩) કૃતિ મોકલવાની છેલ્લી સમયમર્યાદા ૩૧મી ઑકટોબર સુધીની ગણાશે; પણ કૃતિઓ વહેલી આવશે તેટલી તેના પ્રકાશન માટે સમયના ગાળાની સવિશેષ તક રહેશે.

(અનુસંધાન પૃ૦ ૮ થી ચાલુ)

સગવડ હતી, કેમકે નવા-નવા જૈન સાધુઓ ત્યાં આવતા રહેતા. સાધુ કે સાધ્વી જે કોઇ આવે તેમની પાસેથી, તે જેટલા દિવસ રહે તેમાં જે કાંઇ શીખી શકાય તે શીખી લેવાનો એ પ્રયત્ન કરતા. આમ ક્રમશઃ ગુજરાતી, પ્રાકૃત ને સંસ્કૃત ભાષાનાં પદ્યો—સજ્ઝાયો, સ્તવનો વગેરે તેમણે મોટી સંખ્યામાં યાદ કરી લીધાં.

પણ જિજ્ઞાસા અતિ તીવ્ર અને યાદશક્તિ પણ ઘણી, એટલે એ નાના ગામડામાં આવું અલ્પ જે કાંઈ મળતું તે તેમને ઘણું અપર્યાપ્ત જણાયું. પણ બહાર જવાનો અને ભણવાનો માર્ગ મળતો નહિ. એવામાં તેમના મિત્ર પોપટલાલે ખબર આપ્યા કે મુનિરાજ ધર્મવિજયજી થોડા છાત્રોને લઈને સંસ્કૃત ભણાવવાના ઉદ્દેશથી બનારસ ગયા છે અને ત્યાં 'યશોવિજયજી પાઠશાળા' નામની સંસ્થા પણ સ્થાપી છે. વડિલોથી છાનોમાનો પત્રવ્યવહાર શરૂ થયો અને હા પણ આવી ગઈ. એટલે વડિલોને કહી દીધું કે 'તમે હવે કોઈ મને રોકી શકશો નહિ. જવું એ નક્કી જ છે. માટે મંગળ કામના હોય તો ખુશીથી રજા આપો.'

વીરમગામથી એક અજાણ્યા વિદ્યાર્થી સાથે બનારસ જવા નીકળ્યા. 'સાથી નાનાલાલ દેખતા તો હતા, પણ સ્વભાવે ખૂબ ગરીબડા તથા બીકણ, અને નવો રસ્તો કાઢવાની સૂઝ પણ નહિ, એટલે સાંખ્ય પરંપરાનાં પ્રકૃતિ-પુરુષની જેમ બન્નેનું પ્રવાસચક્ર અંધ-પંગુ ન્યાયે ગતિમાન થયું.' લોકલ ગાડીમાં પેશાબ-પાણીની સગવડ તો તે દિવસોમાં હતી નહિ, ને નીચે ઊતરતાં ગાડી ચાલી જવાનો ભય હતો, એટલે કલાકોના કલાકો સુધી એ હાજત રોકી રાખી. પણ જ્યારે અસહ્ય થયું ત્યારે બન્ને એક નાના સ્ટેશને ઊતરી પડ્યા. ઘણો લાંબો વખત થયાં હાજત દાબી રાખેલી એટલે પેશાબ પૂરો ઊતરી રહે તે પહેલાં તો ગાડી ચાલી ગઈ! આવાં અનેક કષ્ટો વેઠતા બન્ને જણા સંવત ૧૯૬૦માં બનારસ પહોંચ્યા ને મુનિરાજ શ્રી ધર્મવિજયજીના ભાવભીના સ્વાગતથી રસ્તાનાં દુઃખ ભૂલી ગયા.

ત્રેવીસ વર્ષના એ વિદ્યાર્થીએ હવે એકડે એકથી સંસ્કૃત વ્યાકરણ શરુ કર્યું ને સં૦ ૧૯૬૩માં ૧૮,૦૦૦ શ્લોકપ્રમાણ સિદ્ધહૈમ શબ્દાનુશાસન તેની બૃહદ્‌વૃત્તિ સાથે પૂરું કરી વૈયાકરણ બન્યા. એ આખું વ્યાકરણ આજે યે તેમની જીભને ટેરવે નાચે છે. ભણ્યા પછી છેક ૩૦ વર્ષે જ્યારે મને ભણાવવા બેઠા ત્યારે પણ તેનું અમુક સૂત્ર અમુક અધ્યાયના અમુક પાદના અમુક નંબરનું છે તે કહી શકતા હતા!

વ્યાકરણની સાથેસાથે દર્શન અને સાહિત્યનો પણ અભ્યાસ ચાલુ જ હતો. છતાં તેમને પાઠશાળામાં જે કાંઇ શીખવા મળતું તેથી સંતોષ થતો નહિ. વળી પાઠશાળામાં શરીર યોગ્ય ખોરાક તો રાજશાહી હતો, પણ બુદ્ધિને સંતોષે તેટલો ખોરાક મળતો નહિ; એટલે બાકીનો વખત અધ્યાપનમાં પણ વીતાવવા લાગ્યા, અને એને પરિણામે આગળ જતાં તે અંધ છતાં એક સફળ અધ્યાપક બની શક્યા.

સં. ૧૯૬૪માં પાઠશાળાના દૂષિત વાતાવરણને લીધે તે છોડીને શહેરમાં તે જુદા રહેવા લાગ્યા અને ત્યાં તેમને અનુભવ થયો કે બ્રાહ્મણ પંડિતો અબ્રાહ્મણને ભણાવવામાં કેટલો સંકોચ અને ધર્મનાશનો ભય રાખે છે. છતાં પણ હીંમત હાર્યા વિના બનારસના પંડિતોને ઘેરઘેર જઇને પણ જ્યાંથી જે ભણવાનું મળ્યું તે શીખી લીધું. તે દિવસોમાં આમ ભણવા ખાતર રખડવામાં જ તેમને લગભગ દસબાર માઈલ રોજ ચાલવું પડતું!

શરૂઆતમાં પરીક્ષા આપવાનું વિચારેલું જ નહિ; જ્ઞાનપ્રાપ્તિ એ જ લક્ષ્ય રાખ્યું હતું. એટલે, પરીક્ષાના પાઠ્યક્રમની દૃષ્ટિએ તો આચાર્ય સુધીની તૈયારી હોવા છતાં, જ્યારે પરીક્ષા આપવાનો વિચાર થયો ત્યારે સંપૂર્ણ મધ્યમાથી શરૂઆત કરીને ક્રમશઃ પરીક્ષા દેવી પડી. ને આમ સં૦ ૧૯૬૬ માં સંપૂર્ણ મધ્યમની પરીક્ષા આપવા ગયા. દુર્ભાગ્યે તેમને જે લહીઓ મળ્યો તે સંસ્કૃત લખતાં જાણે જ નહિ! તેની ગંધ આવતાં તેઓ પ્રિન્સિપલ વેનીસ સાહેબ પાસે પહોંચી ગયા અને મૌખિક પરીક્ષાની ગોઠવણ કરાવી. એ પરીક્ષા લેનાર કાશીના ધુરંધર વિદ્વાનોમાંના બેચાર હતા. તેઓ તેમના ઉત્તરો સાંભળીને ખૂબ આકર્ષાયા, અને પંડિત વામાચરણ ભટ્ટાચાર્ય તો એટલા બધા ખુશ થઇ ગયા કે તેમને પોતાને ઘેર આવી ભણી જવાનું પણ કહ્યું. આમ અનિષ્ટમાંથી ઈષ્ટ ફળ મળ્યું. એ પરીક્ષામાં તેઓ પ્રથમ વર્ગમાં આવ્યા અને ત્યાર પછી ક્રમેક્રમે ન્યાયના આચાર્યના ત્રણ ખંડોની પરીક્ષા પણ આપી. પણ સં. ૧૯૬૯ની પરીક્ષા વખતે પંડિતોનો એવો તો કટુ અનુભવ થયો કે પરીક્ષા નિમિત્તે એ ભવનમાં કદી પ્રવેશ ન કરવાનો નિશ્ચય કર્યો અને ફરી કદી કોઇ પરીક્ષા આપી જ નહિ. અંતે સં૦ ૧૯૯૨માં સંસ્કૃત પાઠ્યક્રમ સંશોધન કરનારી સમિતિના સભ્ય બનીને જવાનું આવ્યું ત્યારે જ માનપૂર્વક એ ભવનમાં તેમણે પુનઃ પ્રવેશ કર્યો.

બનારસમાં જ્યારે જોયું કે જે લેવાનું હતું તે લઈ લીધુ છે અને જે બાકી છે તે માટે વખત ઘણો વેડફાય છે અને પ્રાપ્તિ થોડી થાય છે ત્યારે એમણે મિથિલા તરફ નજર દોડાવી.

શ્રી અને સરસ્વતીનો મેળ નથી એ ઉક્તિનો સાક્ષાત્કાર કરાવતો મિથિલા-પ્રદેશ વિદ્યાધન જ્ઞાનતપસ્વીઓનો દેશ છે. ત્યાંની સખ્ત ટાઢ, જીવ-જંતુનો ત્રાસ અને ઘાસ ફુસનાં ઝૂંપડાંમાં વરસતો વરસાદ,—એ બધાં પ્રાકૃતિક કષ્ટો તો વિદ્યાની લાલચમાં કોઠે પડી જાય તેવી પ્રકૃતિ પંડિતજીની ઘડાઈ જ ગઈ હતી. વળી અહીં તો જૈન પાઠશાળાના શેઠશાહી ભોજનને બદલે માત્ર ભાત મળતો; અને તેની સાથે ક્યારેક દહીં મળે ત્યારે તો મહાન જમણનો જ આનંદ માની લેવાનો હતો!

'અહીંજ તેમના જીવનનો એક નાનો, પણ સૂચક પ્રસંગ બનેલો. એકવાર તેમણે એક ગંજીફરાક લીધું. જે ગુરુને ઘેર રહી ભણતા તેમણે એ જોતાં એનાં ખૂબ વખાણ કર્યાં. પંડિતજીએ, મિથિલાના સખત શિયાળામાં પોતાનું શું થશે એનો કશો જ વિચાર કર્યા વિના એ ગંજીફરાક ગુરુને આપી દીધું અને પોતે ઘાસની પથારી બનાવી, ફાટ્યો તૂટ્યો કામળો ઓઢી આખો શિયાળો કાઢી નાખ્યો. વિદ્યાર્થી જીવનમાં પોતાના ભોજન માટે માસિક બે કે ત્રણ રૂપિયાથી વધુ ખર્ચ તેમણે કદી કર્યો નથી.'

આ બધું છતાં મિથિલામાં અનેક ગુરુ કર્યા પછી અને અનેક ઠેકાણે રખડ્યા પછી શ્રી બાલકૃષ્ણ મિશ્ર નામના વિદ્યાસંપન્ન ગુરુનો યોગ મળ્યો ત્યારે તેમણે મિથિલાયાત્રાને સફળ માની, અને

દુકાળિયાને પેટ ભરી ભોજન મળવાથી જેવો આનંદ થાય તેવો આનંદ તેમને નવ્ય ન્યાયના વિદ્યાભોજનમાં મળ્યો. એ જ મિશ્રજીની પ્રેરણાથી આચાર્ય શ્રી આનંદશંકર ધ્રુવે પંડિતજીને આગળ જતાં બનારસ યુનિવર્સિટીમાં બોલાવી લીધેલા.

મિથિલાનો અભ્યાસ પૂરો કર્યા બાદ સંવત ૧૯૭૩માં તેઓ એ વેળા શરૂ થએલા ગાંધીજીના આશ્રમમાં રહ્યા, અને ત્યાં ગાંધીજીની સામે બેસી ઘંટી દળવાનો આનંદ પણ લીધો. પરંતુ થોડા દિવસમાં જ જણાયું કે કર્મયોગીના આશ્રમમાં જ્ઞાનયોગ શોભા નહિ દે, એટલે ત્યાંથી પોતાના વતન લીમલી જઈને ફરી પાછા બનારસ પહોંચી ગયા, પણ સાથે ગાંધીજીની સાદાઈ તથા જાતમહેનતને લેતા ગયા. બનારસમાં પણ રોજ નિયમિત દળવાનું વાસણ માંજવાનું વગેરે અંધથી સહજસાધ્ય કાર્યો સાથે તેમણે પોતાનો જ્ઞાનયોગ ફરી ચાલુ કર્યો અને ગાંધીજીના આશ્રમના નિયમ પ્રમાણે ઘી અને દૂધ પણ લેવાં છોડી દીધાં. તેમનો આ ક્રમ બરાબર પાંચ વર્ષ ચાલ્યો અને જ્યારે શરીરે સાથ ન આપ્યો ત્યારે જ એમાં પરિવર્તન કર્યું.

સન્મિત્ર કર્પુરવિજયે તેમના મિત્ર શ્રી વ્રજલાલને કહ્યું કે પંડિતજી અંધ છે એટલે તે ભલે અધ્યાપનનું કામ કરે, પણ તમે તો લખી શકો; એટલે હવે હિન્દી જૈનસાહિત્યનું નિર્માણ કરો. આ જાણીને પંડિતજીને ચાનક ચડી કે હું ભલેને હાથે ન લખી શકું, પણ લખાવી શા માટે ન શકું? આ રીતે સં. ૧૯૭૪માં 'કર્મગ્રન્થો'ના હિન્દી અનુવાદોથી માંડીને છેલ્લે છેલ્લે 'પ્રમાણ-મીમાંસા' અને 'જ્ઞાનબિન્દુ' સુધીનું હિન્દીમાં જે તેમણે આપ્યું છે તેની બરાબરી કરનાર જૈન સાહિત્યમાં તો શું પણ ઈતર સાહિત્યમાં પણ દુર્લભ છે.

સં. ૧૯૭૭માં એમણે આગ્રામાં 'સન્મતિ-તર્ક'નું સંપાદન શરૂ કર્યું. એવામાં અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં સ્થપાએલા 'પુરાતત્ત્વમંદિર'માં ભારતીય દર્શનશાસ્ત્રી તરીકે તેમની નિમણૂક થતાં તે કામ સાથે લઇ તેઓ સં. ૧૯૭૮માં ત્યાં જોડાયા. સાથે એ પણ લાલચ ખરી કે વિદ્યાપીઠમાં બૌદ્ધ વિદ્વાન આચાર્ય ધર્માનંદ કોસાંબી પાસેથી બૌદ્ધ દર્શનના પાલી ગ્રન્થો ભણવાનો સુયોગ મળશે. વિદ્યાપીઠમાં તેઓ ૧૯૮૭ સુધી રહ્યા અને તેમાં પંડિત બહેચરદાસજીના સહકારથી તેમણે સન્મતિ–તર્કનું સંપાદન પૂરું કર્યું. એ એક એવું કાર્ય થયું છે જે ભારતીય સંસ્કૃત સાહિત્યના સંશોધનના અને હિંદની વિદ્વત્તાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

વિદ્યાપીઠમાં જ્યારે તે ભણાવતા ત્યારે તેમના શિષ્યોમાં કાકા કાલેલકર, શ્રી રસિકલાલ પરીખ, શ્રી ગોપાલદાસ પટેલ, પ્રો૦ આથવલે, શ્રી રામનારાયણ પાઠક જેવા વિદ્વાનોની મંડળી જામતી. પણ ઈ. ૧૯૩૦માં ગાંધીજીની દાંડીકૂચ સાથે વિદ્યાપીઠ બંધ થતાં આ બધું વિખરાઈ ગયું. એ દિવસોમાં એમને અંગ્રેજી ભણવાનો સંસ્કાર જાગ્યો અને તેમણે લગભગ બે વર્ષમાં અંગ્રેજી એવું તો તૈયાર કરી લીધું કે આજે હવે તત્ત્વજ્ઞાનના અંગ્રેજી ગ્રંથો સરલતાથી સમજી શકે છે.

સં. ૧૯૯૦માં આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ અને ભારતભૂષણ મહામના પંડિત માલવીયજીના આગ્રહથી બનારસ યુનિવર્સિટીની જૈન ચેર સંભાળવા તે ફરી કાશી ગયા. તે દરમિયાન ચેતન અને અચેતન અનેક ગ્રન્થો તૈયાર કર્યા. "તેમાં તત્ત્વાર્થ સૂત્રનું સંપાદન ને તેના હિંદી તથા ગુજરાતી અનુવાદોનું કરેલું કામ કેવી પૂરી જાગૃતિ અને પ્રચંડ પાંડિત્યથી સર્જાએલું છે, એનું જોનારને પહેલી જ તકે ભાન થાય છે. 'જૈન તર્કભાષા', 'જ્ઞાનબિંદુ' અને 'પ્રમાણ-મીમાંસા'નું સંપાદન કરીને તથા તેનાં ટિપ્પણો અને વિસ્તૃત પ્રસ્તાવના લખીને તેમણે સંસ્કૃત ન્યાયસાહિત્યમાં એક નવીન પ્રકાશનો ઉદય કર્યો છે. 'ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ'માં પં૦ જયરાશિકૃત 'તત્ત્વોપ્લવસિંહ'ના સંશોધને તેમની જૈનેતર દર્શનો વિષેની પ્રતિષ્ઠાને પ્રમાણપત્ર આપ્યું; ને બૌદ્ધ ન્યાયશાસ્ત્રના પં૦ ધર્મકીર્તિ રચિત 'હેતુબિંદુ'ના સંપાદને એમને ભારતભરના વિદ્વાનોમાં યશકલગી અપાવી.

સં. ૨૦૦૦ સુધી બનારસમાં અધ્યાપકપદે રહી તેઓ નિવૃત્ત થયા. છતાં વિદ્યાવૃત્તિથી તો નિવૃત્ત થઈ શકે તેમ હતું જ નહિ, એટલે થોડો સમય મુંબાઈના 'ભારતીય વિદ્યાભવન'માં અને ત્યાર પછી હમણાં અમદાવાદની 'ગુજરાત વિદ્યાસભા'માં તેઓ જોડાયા છે.

જ્યાં જ્યાં તેઓ રહ્યા છે અને કામ કર્યું છે ત્યાં વિદ્યાની દૃષ્ટિએ પોતાને કે બીજાને લાભ કેટલો એ જ મુખ્ય ગણતરી કરી છે. પૈસા કેટલા મળે છે તે પ્રશ્ન તદ્દન ગૌણ રાખ્યો છે. જીવનની જરૂરયાત ઓછામાં ઓછી, એટલે અધિક પૈસાની જરૂર પણ રહેતી નથી. બનારસમાં કર્મગ્રન્થોના અનુવાદના કાર્ય વખતે તેમનો પાંચ જણનો રસોડાનો અને તેમના લેખકવાચનનો સંમિલિત ખર્ચ માસિક ૪૦ રૂપિયાથી કદી વધ્યો નહતો. એ વાત તો પ્રથમ મહાયુદ્ધના સમયની. ઈ. ૧૯૩૩માં જ્યારે બનારસ યુનિવર્સિટીમાં જોડાયા ત્યારે તેમના માટે માસિક ૧૫૦ રૂપિયાની યુનિવર્સિટી તરફથી અને તેટલી જ મુંબાઇની કૉન્ફરન્સ તરફથી વ્યવસ્થા થઈ હતી; પરંતુ માસિક ૧૫૦માં જ નભે એવું અનુભવે જણાયું, એટલે કૉન્ફરંસના ૧૫૦ મંગાવવા બંધ કર્યા. આનો અર્થ એ નથી કે તેઓ પોતાના સાથીઓને પણ તપસ્યા કરાવે છે. ઉલટું તેમની સગવડનો પ્રથમ વિચાર કર્યા પછી જ પોતાની સગવડનો તેઓ વિચાર કરે છે. મિત્રોનો આગ્રહ છતાં તેમના નિયમિત સાદા ખોરાકમાં કશું જ પરિવર્તન કદી પણ તેમણે કર્યું નથી. અને મહેમાનની સરભરા કરવાના વખતે, પોતાના જીવનસર્વસ્વ જેવા દૂધ ઉપર કાપ મૂકીને પણ તેમાં એ તત્પર રહ્યા છે.

સામાજિક અન્યાયનો ભોગ થનાર વ્યક્તિ પ્રતિ તેમની સહાનુભૂતિ અખંડ વહે છે. તેને લઇને અનેક બહેનોના સંસર્ગમાં તેઓ આવ્યા છે અને તેમના જીવનને માર્ગ આપવામાં મદદગાર થયા છે. જૈન સમાજની ધાર્મિક રૂઢિઓ ઉપર પ્રહાર કરવામાં પાછું વાળી જોયું નથી, તેથી અનેક ધનિકો અને સાધુઓનો રોષ તેમણે વહોરી લીધો છે. કુટુંબ વિશાળ છતાં કુટુંબની મમતામાં તણાયા નથી, એટલે તેમનું વાસ્તવિક કુટુંબ વિશાળતર બની ગયું છે, અને તેથી તેમની સેવા કરવાનો લહાવો લેવા પરિચિતો તૈયાર જ રહે છે. પણ તે કોઇને વ્યક્તિગત સેવાનું કાર્ય ચાલે ત્યાં સુધી બતાવતા જ નથી.

"સ્વાશ્રયી જીવનના તેઓ હિમાયતી છેઃ સત્ય માટે એને જરૂરી ગણે છે. એથી કોઈના પણ આશ્રિત બન્યા વગર મસ્ત ફકીરીનું તેઓ જીવન જીવે છે. એમને ઘર નથી, બાર નથી; એમને કોઈ આશ્રમ કે સંસ્થા નથી, અનગારના ધર્મ ઉપાસી એ ચાલતા-ફરતા ગુરુકુળ સમા છે. પોતાની સાથે સદા વિદ્યાના જિજ્ઞાસુઓને રાખે છે અને વિદ્યા આપે છે. એટલે હતાશા અને નિરાશાભરી (જેમાં માણસને જીવન ફંગોળી દેવા મન થાય એવી) અપંગતાને અધિક યોગ્યતા મેળવવાનું વાહન બનાવનાર પંડિતજીને જીવનદર્શી–ક્રાન્તદર્શી નરવીરોની હરોળમાં મૂકતાં સહેજ પણ સંકોચ નથી થતો. 'જિતે તે જૈન' એ ન્યાયે એક આદર્શ જૈન તરીકે પણ પંડિતજી હરકોઈના અભિનંદનને યોગ્ય છે. શ્રદ્ધા ને પુરુષાર્થ દ્વારા જીવન ઘડનાર પુરુષોની પુણ્ય નામાવલિમાં પંડિતજી મોખરે છે."

ડૉ. નરસિંહ મૂ. શાહ દ્વારા અમને મળેલી શ્રી 'જયભિખ્ખુ' લિખિત જીવનરેખામાંના થોડા ફકરા બેવડાં અવતરણચિહ્નોમાં આ લેખમાં આમેજ કરવાની છૂટ અમે લીધી છે. —તંત્રી

આ માસ(જાન્યુઆરી)ઈતિહાસમાં:દિનવિશેષ - વ્યક્તિવિશેષ - પ્રસંગવિશેષ

આ માસના દિનવિશેષ

તા. ૧ અમદાવાદથી અજમેર સુધીની રેલવે ખુલ્લી મુકાઈ, ૧૮૮૧.
તા. ૪ સસ્તું સાહિત્ય પ્રચારવાનો પ્રશસ્ય પ્રયત્ન કરનાર ભિક્ષુ અખંડાનંદનું નિધન, ૧૯૪૨.
તા. ૬ મિલ્ડનહૉલ નામે અંગ્રેજ વેપારી ચાર વર્ષની સફર ખેડી હિંદ આવ્યો (૧૬૦૩), અને ત્રણ વરસ સુધી અકબરના દરબારમાં રહી અંગ્રેજોને માટે વેપારની છૂટનું વચન લઇને જ ગયો.
તા. ૭ બળવાના આરોપસર છેલ્લા મુઘલ સમ્રાટ બહાદુરશાહની દેશનિકાલી, ૧૮૫૮.
તા. ૧૦ સર ટૉમસ રો વેપારની મંજૂરી માટે જહાંગીરના દરબારમાં આવ્યો, ૧૬૧૬.
તા. ૧૪ અકબરના વિદ્વાન ઇતિહાસકાર અબુલ ફઝલનો જન્મ, ૧૫૫૧.
તા. ૧૭ કૅપ્ટન કૂકે અજાણ્યે જ દક્ષિણ ધ્રુવનું પ્રચંડ કુંડાળું ભેદ્યું, ૧૮૭૩.
તા. ૨૩ તાલીકોટના યુદ્ધમાં દક્ષિણના હિંદુ મહારાજ્ય વિજયનગરનો અસ્ત, ૧૫૬૫.
તા. ૨૮ મહેલની સીડી પરથી લપસીને પડી જતાં હુમાયૂંનું મરણ, ૧૫૫૬.
તા. ૩૦ શાહજહાંનાબાદ (ન્યૂ દિલ્હી)નો કિલ્લો અને મહેલનું કામ પૂરું થયું, ૧૬૫૮.
તા. ૩૧ શિવાજીએ સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની પ્રવૃત્તિ આદરી, ૧૬૪૭.

વ્યક્તિવિશેષ : સુભાષચંદ્ર બોઝ

ભારતની મુકમ્મિલ આઝાદીના ઉગ્ર પુરસ્કર્તા અને



આઝાદ હિન્દ ફોજના પ્રમુખ તથા સંઘટક તરીકે 'નેતાજી' નામથી ભારતપ્રિય થએલા સુભાષચંદ્ર બોઝનો જન્મ ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીએ બંગાળના પ્રસિદ્ધ પબ્લિક પ્રૉસિક્યૂટર જાનકીનાથ બસુને ત્યાં થયો હતો. નાનપણથી જ આર્દ્ર હૃદયના હોઈ રામકૃષ્ણ અને વિવેકાનંદની ધર્મભાવનાની અસર નીચે તે એકવાર કૉલેજકાળમાં છાનામાના કોઈ 'ગુરુ'ની શોધમાં ચાલ્યા ગએલા. ૧૯૧૯માં બી.એ. થઇ આઈ.સી.એસ. થવા માટે ઇંગ્લંડ ગયા. પણ તે કાળના દેશના પ્રબલ રાજકારણથી પ્રેરાઇ, વહીવટી તાલીમના છેલ્લા વર્ષમાં સરકારી નોકર બનાવનાર એ આઈ.સી.એસ. છોડી દઇ કૅમ્બ્રિજની બી. એ.ની પરીક્ષા આપીને હિન્દ ચાલ્યા આવ્યા અને ગાંધીજી તથા દેશબંધુ દાસના નેતૃત્વ હેઠળ દેશસેવા હાથ ધરી, જેમાં વારંવાર જેલવાસ તો આવ્યા જ કર્યો. અને ૧૯૨૪માં સરકારે એમના ઉદ્દામ વિચારોને કારણે એમને દેશપાર કર્યા, પણ માંડલેની જેલમાં એમની તબિયત લથડી ને ક્ષયનાં ચિહ્નો જણાવા લાગતાં છોડવા પડયા.

તબિયત સુધરતાં ફરી તેઓ રાજકારણમાં પડયા, પણ ઉદ્દામ વિચારસરણીને લીધે એમને કૉંગ્રેસ સાથે મતભેદ રહ્યા જ કરતો; જેમાં છેલ્લે નહેરુ સમિતિએ ઘડેલા બંધારણના ખરડાની બાબતમાં ગાંધીજી સાથે મતભેદ થતાં છૂટા થઈ 'ઇન્ડીપેન્ડન્ટ લીગ' સ્થાપી, જેની પ્રવૃત્તિ દ્વારા તેમણે આખા દેશની યુવાનીનો ચાહ મેળવ્યો. ૧૯૩૭માં તે રાષ્ટ્રપતિ તરીકે ચુંટાયા; અને '૩૯માં ત્રિપુરી મહાસભામાં શ્રી પટ્ટાભી સામે વિજય મેળવી જે રીતે ફરી રાષ્ટ્રપતિ બન્યા, તે સામે ગાંધીજીએ અસંતોષ પ્રકટ કરતાં ૧૯૪૦માં કૉંગ્રેસથી ફરી ફારગ થઇ તેમણે 'ફૉરવર્ડ બ્લૉક'ની સ્થાપના કરી અને પોતાનો મતપ્રચાર જોરશોરથી આદર્યો. એમાં સરકારે એમને પકડયા, ને જેલમાં એમની તબિયત લથડી એટલે એમને ઘેર જ નજરકેદ રાખ્યા.

આ દરમિયાન તીવ્ર મનોમંથન બાદ એમને લાગ્યું કે કૉંગ્રેસની અહિંસક નીતિથી પરદેશી સરકાર કોઈ પણ રીતે નહિ હટે, એટલે સશસ્ત્ર ક્રાંતિ માટે કૃતનિશ્ચય થયા. એ માટે એ વખતે ચાલતા બીજા મહાયુદ્ધની આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાંથી મળે તે તકોનો લાભ લેવા હિંદ છોડવાનો એમણે નિર્ણય કર્યો, અને ૧૯૪૧ના જાન્યુઆરીની ૧૭મીએ નાસી છૂટયા. પઠાણ વેશે કાબૂલ થઈ મૉસ્કો પહોંચી તે બર્લિન ગયા. ત્યાં હિટલરે તેમને હિંદના સરનશીન તરીકે ઓળખાવી જાહેર સ્વાગત કર્યું. 'હિઝ એક્સેલેન્સી ડેપ્યુટી ફ્યુહરર ઑાવ ઇન્ડિયા' તરીકે ત્યાં રહી એમણે શરણે થએલા હિંદી સૈનિકોનું આઝાદ દળ રચ્યું અને ડ્રૅસડનમાં એનું તાલીમ-મથક સ્થાપ્યું.

૧૯૪૩ની બીજી જુલાઇએ આઝાદ હિંદ સંઘના આમંત્રણને માન આપી તે સીંગાપુર આવ્યા અને સંઘના પ્રમુખ થઈ, ૨૫મી ઑગસ્ટે આઝાદ ફોજના સરસેનાપતિ બન્યા. એ જ વર્ષની ૨૧મી ઑક્ટોબરે આઝાદ હિંદ સરકારની તેમણે જાહેરાત કરી, ૨૪મીએ બ્રિટન-અમેરિકા સામે યુદ્ધ પોકાર્યું. '૪૪ની ૪થી ફેબ્રુઆરીએ કૂચ કરી માર્ચમાં ઈમ્ફાલ મોરચે દસ હજાર સૈનિકોનું સૈન્ય ઉતાર્યું અને ૧૮મી માર્ચે હિંદી સરહદમાં વિજયી પ્રવેશ કર્યો. પણ જાપાનની મેલી રમત ને વર્ષાઋતુને કારણે ૨૧મી ઑગસ્ટે એમની યુદ્ધપ્રવૃત્તિ સ્થગિત થઇ. ૧૯૪૫ના જાન્યુઆરીમાં એમણે ફરી હુમલો કર્યો જેને પરિણામે ભયંકર ભૂખમરો વેઠી પીછેહઠ કરવી પડી ને ફોજ શરણે થઈ. સુભાષ પણ શરણે થવા માગતા હતા, પરંતુ આઝાદ સરકારના પ્રધાનોએ એમને વારી ટોકિયો જવા વિમાનમાં રવાના કર્યા, ને કમનસીબે, ઑગસ્ટની ૧૯મીએ આપણે સાંભળ્યું કે એ વિમાનને અકસ્માત નડતાં તેઓ અવસાન પામ્યા.

આ માસનો પ્રસંગવિશેષ : શિવાજીની સુરતની લૂટ

શિવાજીની કારકિર્દીમાં સૂરતની લૂટ એક ડાઘ જેવી છે. એની તૈયારી યોજનાપૂર્વક એણે કરી હતી. બહિર્જી નાયક નામના જાસૂસ મારફત ત્યાંની બધી ગુપ્ત બાતમી મેળવી લઇને જંજીરા પાસે રાજપુરી નજીક એક અને કલ્યાણ પાસે બીજી, એમ બે ફોજો તૈયાર કરીને 'મુઘલો પર ધાક બેસાડવા'ના નિમિત્તે એણે ઇ. ૧૬૬૪ના જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે (શકે ૧૫૮૫ના પોષ વદ ૪ના રોજ), ચાર હજાર સૈનિકો લઈ, ઓચિંતો છાપો માર્યો. સુરતનો મુઘલ સૂબો ઈનાયતખાં ગભરાટમાં પડી ગયો. અને એ ગભરાટ તથા લોકોની અસહાયતાનો લાભ લઇ શિવાજીએ લાગટ ત્રણ દિવસ સુધી મનમાની લૂટ ચલાવી, જેમાં એ સોનું ચાંદી, મોતી જવાહરાત, વગેરે મળીને દોઢેક કરોડની મત્તા લૂટી ગયો. અંગ્રેજ અને ડચ કોઠીઓએ એ વખતે પોતાનો બચાવ કરવા ઉપરાંત શહેરનો પણ થોડો ભાગ બચાવવામાં મદદ કરી. જેને માત્ર 'મુઘલો પર ધાક બેસાડવા માટે કરેલી' હોવાનો બચાવ મરાઠા ગ્રંથકારો કરે છે તે આ લૂટમાં આમ 'આકડે મધ જોઇ ગએલા' શિવાજીએ, ફરી પાંચ વર્ષ પછી ૧૬૬૯માં સૂરત લૂટ્યું ને પછી તો દર વર્ષે હલ્લા થતા જ રહ્યા. યુરોપિયનો આવે પ્રસંગે પોતાની કોઠીઓમાં ભરાઈ જતા અને મરાઠાઓને યેનકેન પ્રકારે સંતોષતા.

મારમાર કરતી ધસી આવતી શત્રુઓની સેનાને રોકવાનો, પૂલ તોડયા વગર બીજો ઉપાય નહોતો. પૂલ પાછળથી તૂટતો આવતો હતો, પણ વખત પૂરો નહોતો. નેવું હજારની એ સેના સામે હૉરેશિયસ પૂલને સામે છેડે જઈ એકલો હુમલાખોરોને પડકારતો ઊભો. એની મર્દાઈ જોઈ સૌ થંભી ગયા ને કારમી શાંતિ વ્યાપી ગઇ. ત્યાં તો કકડભુસ કરતો પૂલ તૂટ્યો કે દુશ્મનો ભાનમાં આવ્યા, ને હૉરેશિયસ પર ધસ્યા. હૉરેશિયસને કેડમાં એક ભાલો વાગ્યો. તે જીવની પરવા કર્યા વગર નદીમાં કૂદી પડ્યો ને સલામત સામે કાંઠે પહોંચી ગયો. પેલા ભાલાના ઘાએ એને જીવનભર લંગડો રાખ્યો, પણ એ તો એની શોભા હતી. એકલે હાથે એણે રોમ શહેરને બચાવ્યું હતું.

અનેકાર્થી શબ્દ : **દાળ** = કઠોળનું એક દળ; એની પ્રવાહી કે ભભરા રૂપમાં બનાવેલી ખાવાની વાની; ઈંડાની અંદરનો પીળો ભાગ -જરદી; ગડગૂમડ ઉપર વળતું પડ-છોડું.



આ તમને બેઠેલું જણાય છે કે માખી? ઉલટાવીને જુઓ : એ તો હૈદરાબાદના નામદાર નિઝામની તસ્વીર છે. ('તરંગ')

નારિયેળનાં ઝાડ જુદીજુદી ૬૦ રીતે ઉપયોગમાં આવે છે.

કહેવતોના અર્થ: 'ફઇની ખારેક આંખ કાઢે'–ફઈ, બહેન કે દીકરીના ઘરનું ખાવા કે લેવામાં હિંદુ સમાજમાં પાપ મનાય છે, અને તેમના તરફથી કાંઇ પણ આવે ત્યારે તેથી વધતું કરીને જ આપવું પડે છે. આથી, ફઇને ઘેર લગ્ન હોય તે નિમિત્તે ખારેક મોકલે તેના બદલામાં તો ઘણું આપવું પડે, અને તે ભારે પણ પડી જ જાય. એટલે એવી ખારેક આવતાં મનને જે આંચકો લાગે તે દર્શાવતી આ કહેવત, એવા બોજા રૂપ ગણાતા બધા પ્રસંગો માટે વપરાય છે.

શિયાળામાં ટાઢથી ફાટેલા હાથપગ પર કોકમનું તેલ લગાડાય છે; તેમ ગ્લિસરીન અને ગુલાબજળ સરખે ભાગે મેળવીને લગાડવાથી પણ મટી જાય છે.

ગણિતગમ્મત: (અ) ઉત્તરોત્તર આવતી ગમે તેટલી એકી રકમો લ્યો ને તેમના સરવાળા વડે, તેમની વચ્ચે આવતી બેકી રકમોના સરવાળાને ભાગો તો જવાબ આવશે

$$\frac{\text{બેકી રકમોની સંખ્યા}}{\text{એકી રકમોની સંખ્યા}}.$$

એથી ઉલટું (બ) ઉત્તરોત્તર આવતી ગમે તેટલી બેકી રકમો લ્યો ને તેમના સરવાળા વડે, તેમની વચ્ચે આવતી એકી રકમોના સરવાળાને ભાગો તો જવાબ આવશે : $\frac{\text{એકી રકમોની સંખ્યા}}{\text{બેકી રકમોની સંખ્યા}}$ દાખલા તરીકે—

$$\text{અ}\ \frac{૧૬+૧૮+૨૦+૨૨+૨૪}{૧૫+૧૭+૧૯+૨૧+૨૩+૨૫}=\frac{૧૦૦}{૧૨૦}=\frac{૫}{૬}\ \frac{\text{બેકી રકમોની સંખ્યા}}{\text{એકી રકમોની સંખ્યા}}.$$

$$\text{બ}\ \frac{૧૭૧+૧૭૩+૧૭૫+૧૭૭}{૧૭૦+૧૭૨+૧૭૪+૧૭૬+૧૭૮}=\frac{૬૯૬}{૮૭૦}=\frac{૪}{૫}$$

(દારેસ્સલામ) —અરુણ એચ. નાયક

અદૃશ્ય શાહીના પ્રકાર તો જાણીતા છે. લીંબુનો રસ, ડુંગળીનો રસ, દૂધ, સરકો વગેરેથી સ્વચ્છ ટાંક વડે લખેલાં લખાણ નરી આંખે દેખાતાં નથી, પણ કાગળને જરા ગરમ કરવાથી સ્પષ્ટ વંચાય છે. એ જ રીતે અરધા કપ પાણીમાં એક ચમચો મીઠું ઓગાળીને તે વડે લખેલું લખાણ સુકાયા પછી તેના પર પોચી પેન્સિલ હળવે હાથે ઘસવાથી કાળા અક્ષરો ઊઠી આવશે.

શુકન-અપશુકન હિંદમાં જ મનાય છે તેમ નથી. પશ્ચિમના દેશોમાં નીચેની વસ્તુઓ અપશુકનિયાળ ગણાય છે: રવિવારે નખ કાપવા; મોરનું પીછું ઘરમાં રાખવું; સીડી નીચેથી પસાર થવું; તેરનો આંકડો; છત્રી ભેટ તરીકે આપવી, કે લાકડાનો સ્પર્શ કર્યા વગર તે ઘરમાં ઉઘાડવી; એક જ દિવાસળીથી ત્રણ સીગરેટો સળગાવવી; શુક્રવારે કોઈ વસ્તુ ખરીદવી (ભૂરી વસ્તુ લેવામાં હરકત નહિ); પગમાં પહેલાં ડાબો બૂટ પહેરવો; જમીન પર પડેલી ટાંકણી ન ઊંચકી લેવી વગેરે.



કલાકણિકા : જીવનના એકેએક ક્ષેત્રમાંની વસ્તુઓને કલાની 'શ્રી' વડે સુશોભિત કર્યા વિના માનવી રહી શક્યો નથી. ઈટાલીની આ યુદ્ધ-ઢાલ ઉપર ગેસ્સો (સરેસ ને પ્લાસ્ટરની બનાવેલી કાયમી રંગ-લુગદી વડે કરેલું ઉપસતું આલેખન વાર્નિશથી પાકું કરી લેવાની કારીગરી)થી કરેલું આ સિંહનું સુશોભન તેનું એક સવિશેષ ઉદાહરણ છે.

પીસેલું મીઠું સરસવના તેલમાં ભેળવીને દાંતે ઘસવાથી દાંત મજબૂત થશે ને સડવા લાગેલા-લોહી નીકળતા દાંતને ફાયદો થશે.

જેવાં લોખંડનાં પરનાળીદાર (કોરૂગેટેડ) પતરાં આવે છે એવાં, કાગળનાં પરનાળીદાર પૂંઠાં પૅકિંગ માટે આવે છે. ભરવા-ગૂંથવાના સોયા, એવા પૂઠાની પરનાળીઓમાં ભરાવીને વીંટાળી લઈ મૂકવાથી સોયા સચવાશે.

નીરમણિનાં બી ગાંધીને ત્યાં એક આનાનાં દસબાર લેખે મળે છે. તે ઘસીને વીંછીના ડંખ ઉપર લગાડવાથી ચોંટી જશે ને વીંછી ઊતર્યે ઊખડી જશે.

વાળ માથા પર હોય ત્યાં સુધી જ ભૂષણરૂપ હોય છે. સ્થાનભ્રષ્ટ થતાં તે ગંદકી બની જાય છે. માનભર્યા વ્યવહારથી નીચે ઊતરનારની પણ એ જ દશા થાય છે.

(અનુસંધાન પૃષ્ઠ ૨૮થી ચાલુ)

ગુપ્ત કાળના સિક્કા

આણંદમાં મ્યુનિસિપાલીટીનો એક રસ્તો પહોળો કરવા થતા ખોદકામમાં અચાનક લગભગ ૧૫૦૦ વર્ષ પહેલાંના ચાંદીના સિક્કા તથા એક બ્રહ્મદેવની મૂર્તિ મળી આવી. તે સિક્કા ગુપ્તવંશના રાજા કુમારગુપ્તના વખતના હોવાનું જણાય છે. વલ્લભવિદ્યાનગરના અધિકારીઓને સોંપવામાં આવેલા આ સિક્કાનું પુરાણ વસ્તુ સંશોધનની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. નિષ્ણાતોનું એમ માનવું છે કે તે કાળમાં ખંભાતથી ઉજ્જૈન જે વ્યવહારમાર્ગ હતો તેના પર આણંદ આવેલું હોઇ ત્યાં આ સિક્કા દટાએલા મળી આવ્યા છે.

ભારતમાં પણ...

વિદેશ જઇ આવેલાએ ત્યાંની કોઈ વસ્તુથી જો સૌથી વધુ આશ્ચર્યચકિત થયા હોય તો તે ત્યાંના લોકોની પ્રમાણિકતાથી. ત્યાં રસ્તા પર છાપાં વેચવા મૂકે છે પણ વેચનાર કોઈ હોતું નથી. લોકો છાપું લઇને પૈસા ત્યાં મૂકેલી પેટીમાં નાખે છે. ભારતમાં હમણાં જ આવું બની શક્યું છે. નાશિકમાં 'અપના ભંડાર' નામની સંસ્થાએ આવો પ્રયોગ કર્યો. છાપાં વેચનાર સિવાય ત્યાં ૧૫ રૂપિયા ૧૦ આનાનું છાપાંનું વેચાણ થયું. ૨૫૦ લોકોના આ ઉદાહરણનું અનુકરણ ભારતમાં બીજે પણ થાઓ. (૩૦-૧૨-૫૦)

આંગળાંની છાપ પરથી આરોગ્યનિર્દેશ

આંગળાંની છાપ પરથી ગુનેગારો પકડાય છે એ તો ઘણા જાણતા હશે. પણ હવે એ છાપ પરથી માણસનું આરોગ્ય પણ કહી શકાશે. સ્કૉટલૅન્ડ યાર્ડના મુખ્ય સુપરિન્ટેન્ડેન્ટે કહ્યું છે કે માણસના જીવનકાળ દરમ્યાન આંગળાંની છાપ જોકે એકસરખી જ રહે છે છતાં વચ્ચેવચ્ચે એ છાપની વચમાં 'ધોળી લીટીઓ' દેખાય છે. પોલિસ તે તરફ પૂરું ધ્યાન નથી આપતી કારણ તે અસ્થાયી હોય છે. આ ધોળી લીટીઓ પરથી જ માણસના આરોગ્યનું નિદાન થઇ શકે છે. એ લીટીઓના અસ્તિત્વમાં એકબે દિવસમાં પણ ફરક પડી શકે છે. ૧૬ થી ૧૭ વર્ષના દર દસ માણસે એક માણસના હાથમાં આ લીટીઓ દેખાય છે. આ વિષયમાં વધુ સંશોધન થતાં રોગનિદાનનું એક નવું શાસ્ત્ર અસ્તિત્વમાં આવે તો નવાઇ નહિ. (૨૬-૧૨-૫૦)

'ઍટમ' બારાખડી!

અમેરિકાની શાળાઓમાં જે બારાખડી અત્યાર સુધી શિખવવામાં આવતી તેમાં A for Apple એ જાતની ગોઠવણી હતી. પણ હવે તેમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે A for Atom, B for Bomb એ જાતની નવી બરાખડી શરૂ કરવામાં આવી છે! આનું કારણ આ રીતે બાળકોને નાગરિક સંરક્ષણમાં તૈયાર કરવાનું અપાયું છે, અને એ આખી બારાખડીમાં ઍટમ શક્તિ એટલે શું અને તેનો હુમલો થાય તો કેમ વર્તવું એની માહિતી છે. દા. ત. એના થોડા અક્ષરોની ઓળખ આમ અપાઇ છે:

A is for atom–that indivisible which has been split.
B is for bomb–an explosive package of which atom is the new brand.
C is for civil defence-our protection against attack.
Z is zero—the point of bomb explosion.(૨૪-૧૨-૫૦)

પંકચર-રોક રસાયન

મોટર ચલાવનારાઓ તેમના ટાયરમાં પંકચર પડવાથી કેટકેટલા હેરાન થાય છે! પણ હવે એક એવી જાતનું રસાયન શોધાયું છે જે ટાયરમાં દાખલ કર્યા બાદ ટાયર પંકચર-રોક(પંકચર-પ્રુફ) બની જાય છે. હિંદમાં પહેલવહેલી વાર આ રસાયન આયાત કરવામાં આવેલું હોઈ તેનું પ્રાત્યક્ષિક ગયે મહિને મુંબાઇમાં બતાવવામાં આવેલું. મોટરના ટાયરમાં આ રસાયન દાખલ કર્યા પછી તેને ૩ા ઇંચિયા ખીલા જડેલા લાકડા પર ફેરવવામાં આવી એટલું જ નહિ, એવો એક મોટો ખીલો ટાયરને ટ્યૂબમાં હથોડી વતી ઠોકવામાં આવ્યો. છતાં ટાયરમાંથી જરા પણ હવા નીકળી ગઈ નહોતી. (૮-૧૨-૫૦)

ગણિતી ચમત્કાર

હિંદુસ્તાનની એક શકુંતલાદેવી નામની કુમારિકાએ ઇંગ્લૅંડના મોટામોટા ગણિતશાસ્ત્રીઓને પોતાની ગણિતી બુદ્ધિમત્તાથી ચકિત કરી મૂકયા છે. જ્યારે તે છ વર્ષની હતી ત્યારથી જ મોટમોટી રકમોના ગુણાકાર મોઢેથી જ તરત કરી આપતી. ત્યાર બાદ મોટી સંખ્યાઓના વર્ગમૂળ કાઢવાની હોંસ પેદા થતાં એ બાબતમાં પણ તેણે લોકોને આશ્ચર્યચકિત કરી મૂકયા. થોડા વખત પહેલાં ઇંગ્લૅંડમાં રેડિયો-ટેલીવીઝન ઉપર તેની આ શક્તિનું પ્રાત્યક્ષિક બતાવવામાં આવેલું. હાલમાં શકુંતલાદેવી ઇંગ્લંડમાં બી.એ.નો અભ્યાસ કરી રહ્યાં છે.

આ પ્રકારના ગણિતી ચમત્કારો દુનિયાના બીજા માણસોએ પણ અમુકઅમુક કાળે કરી બતાવ્યા છે. ૧૮મા સદીમાં વર્જિનિયાનો એક ગુલામ ૯૯ આંકડાના ગુણાકાર સહેલાઇથી કરી શકતો. ઝારાહ નામના અમેરિકને ૮ના આંકને ૧૬ વાર ગુણી બતાવેલો. ટી. એચ. સ્ટૅફોર્ડ નામે બીજા અમેરિકને પંદર આંકડાવાળી સંખ્યાનો ગુણાકાર ૧૩૩,૪૯૧,૮૫૦,૨૦૮,૫૬૬,૯૨૫,૭૧૬,૬૫૮,૨૯૯,૯૪૧,૫૮૩,૨૨૫ હોવાનું એક મિનિટમાં જ કહી દીધેલું!

રોજ દહીં ખાઓ

સૌ૦ કમલ શેટચે નામની ભારતીય સ્ત્રીએ દહીં પર સંશોધન કરીને એક નવી વસ્તુ શોધી કાઢી છે. હિંદભરમાંથી દહીંના જુદાજુદા નમૂનાઓ મંગાવીને તેમણે પ્રયોગો કરેલા. તેમાં તેને જણાયું કે દહીંમાં એક એવી જાતનું યીસ્ટ છે જે બી-કૉમ્પ્લેક્સ જાતનું વિટામિન ઉત્પન્ન કરે છે. એટલે રોજ દહીં ખાનારને વિટામિન બીના અભાવે થતા રોગ થશે નહિ, અને જેમને એવા રોગ હોય તેઓ જો રોજ દહીં કે છાશ ખાશે તો તેમના રોગ દૂર થશે. સૌ૦ કમલબહેનને તેમના આ સંશોધન માટે એમ.એસસી.ની પદવી મળી છે.

'લોભ-મૂલાનિ પાપાનિ'

'થોડા દિવસ પહેલાં મોટાભાઈ સાંગલી ગયા હતા. ત્યાં કોઇ પડોશીને ઘેર લોટથી ભરેલા કેટલા ય થેલા પડેલા તેમણે જોયા. અછતના આવા વખતમાં આટલા બધા લોટના થેલા કયાંથી, એમ વિચારી એમણે પૂછપાછ કરી. ત્યારે તેમને એ થેલા લોટના ન હોઇ શંખજીરાના ભૂકાના છે એમ કહેવામાં આવ્યું! આનો શો ઉપયોગ એમ એમણે પૂછતાં મિત્રે કહ્યું, "આને ગોળમાં મેળવી ઝીણી ચાળણીથી ચાળીને ગુડિયા શક્કર (गुड-साखर) બનાવવામાં આવે છે. પછી એના નાનાંનાનાં ચોસલાં બનાવી એને શર્કરાવગુંત કરવામાં આવે છે અને બાળકો માટેની મિઠાઈ તરીકે તે વેચાય છે!"

શંખજીરૂં એટલે એક ધોળો કોમળ પથ્થર. એનો લોટ કરીને એ મિઠાઈમાં ભેળવવાના ને પછી નાના બાળકોને તે આપવાનો! શું વેંત જેટલો આ પેટનો ખાડો પૂરવા માટે કોઇ પ્રમાણિક ધંધા જ રહ્યા નથી? કાર્યકર્તાઓએ આવા અઘોરી લોભીઓને ઉઘાડા પાડવા જોઈએ ને સરકારે એમને રસ્તેરસ્તે ફેરવવા જોઇએ. એ વગર એ દુષ્ટ લોકોની સાન ઠેકાણે નહિ આવે.'—કુંદર દીવાન

(આ અંકના 'ટિકિટસંગ્રહ'ના લેખ સાથે આપેલી હંગેરીની ટિકિટો શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંની છે.)



વસંતશ્રી · ચિત્રકાર · રવિશંકર રાવળ

કુમાર કૅલેન્ડર · ૧૯૫૧

જાન્યુઆરી

ર.		૭	૧૪	૨૧	૨૮
સો.	૧	૮	૧૫	૨૨	૨૯
મં.	૨	૯	૧૬	૨૩	૩૦
બુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
ગુ.	૪	૧૧	૧૮	૨૫	
શુ.	૫	૧૨	૧૯	૨૬	
શ.	૬	૧૩	૨૦	૨૭	

ફેબ્રુઆરી

ર.		૪	૧૧	૧૮	૨૫
સો.		૫	૧૨	૧૯	૨૬
મં.		૬	૧૩	૨૦	૨૭
બુ.		૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	
શુ.	૨	૯	૧૬	૨૩	
શ.	૩	૧૦	૧૭	૨૪	

માર્ચ

ર.		૪	૧૧	૧૮	૨૫
સો.		૫	૧૨	૧૯	૨૬
મં.		૬	૧૩	૨૦	૨૭
બુ.		૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શ.	૩	૧૦	૧૭	૨૪	૩૧

એપ્રિલ

ર.	૧	૮	૧૫	૨૨	૨૯
સો.	૨	૯	૧૬	૨૩	૩૦
મં.	૩	૧૦	૧૭	૨૪	
બુ.	૪	૧૧	૧૮	૨૫	
ગુ.	૫	૧૨	૧૯	૨૬	
શુ.	૬	૧૩	૨૦	૨૭	
શ.	૭	૧૪	૨૧	૨૮	

મે

ર.		૬	૧૩	૨૦	૨૭
સો.		૭	૧૪	૨૧	૨૮
મં.	૧	૮	૧૫	૨૨	૨૯
બુ.	૨	૯	૧૬	૨૩	૩૦
ગુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
શુ.	૪	૧૧	૧૮	૨૫	
શ.	૫	૧૨	૧૯	૨૬	

જૂન

ર.		૩	૧૦	૧૭	૨૪
સો.		૪	૧૧	૧૮	૨૫
મં.		૫	૧૨	૧૯	૨૬
બુ.		૬	૧૩	૨૦	૨૭
ગુ.		૭	૧૪	૨૧	૨૮
શુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શ.	૨	૯	૧૬	૨૩	૩૦

જુલાઈ

ર.	૧	૮	૧૫	૨૨	૨૯
સો.	૨	૯	૧૬	૨૩	૩૦
મં.	૩	૧૦	૧૭	૨૪	૩૧
બુ.	૪	૧૧	૧૮	૨૫	
ગુ.	૫	૧૨	૧૯	૨૬	
શુ.	૬	૧૩	૨૦	૨૭	
શ.	૭	૧૪	૨૧	૨૮	

ઑગસ્ટ

ર.		૫	૧૨	૧૯	૨૬
સો.		૬	૧૩	૨૦	૨૭
મં.		૭	૧૪	૨૧	૨૮
બુ.	૧	૮	૧૫	૨૨	૨૯
ગુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
શ.	૪	૧૧	૧૮	૨૫	

સપ્ટેમ્બર

ર.	૩૦	૨	૯	૧૬	૨૩
સો.		૩	૧૦	૧૭	૨૪
મં.		૪	૧૧	૧૮	૨૫
બુ.		૫	૧૨	૧૯	૨૬
ગુ.		૬	૧૩	૨૦	૨૭
શુ.		૭	૧૪	૨૧	૨૮
શ.	૧	૮	૧૫	૨૨	૨૯

ઑક્ટોબર

ર.		૭	૧૪	૨૧	૨૮
સો.	૧	૮	૧૫	૨૨	૨૯
મં.	૨	૯	૧૬	૨૩	૩૦
બુ.	૩	૧૦	૧૭	૨૪	૩૧
ગુ.	૪	૧૧	૧૮	૨૫	
શુ.	૫	૧૨	૧૯	૨૬	
શ.	૬	૧૩	૨૦	૨૭	

નવેમ્બર

ર.		૪	૧૧	૧૮	૨૫
સો.		૫	૧૨	૧૯	૨૬
મં.		૬	૧૩	૨૦	૨૭
બુ.		૭	૧૪	૨૧	૨૮
ગુ.	૧	૮	૧૫	૨૨	૨૯
શુ.	૨	૯	૧૬	૨૩	૩૦
શ.	૩	૧૦	૧૭	૨૪	

ડિસેમ્બર

ર.	૩૦	૨	૯	૧૬	૨૩
સો.	૩૧	૩	૧૦	૧૭	૨૪
મં.		૪	૧૧	૧૮	૨૫
બુ.		૫	૧૨	૧૯	૨૬
ગુ.		૬	૧૩	૨૦	૨૭
શુ.		૭	૧૪	૨૧	૨૮
શ.	૧	૮	૧૫	૨૨	૨૯







બ્રિટનના સાહિત્ય અને સંસ્કારના પ્રચાર માટે કામ કરતી 'બ્રિટિશ કાઉન્સિલ' એક ઘણી સંગીન કાર્ય કરનારી પ્રતિષ્ઠિત સંસ્થા છે. તેના તરફથી ઇંગ્લંડમાં ભણતા રાષ્ટ્રકુટુંબના દેશોના વિદ્યાર્થીઓ માટે નાઇટ્સબ્રિજ ખાતે એક કૉલોનિયલ વિદ્યાર્થીગૃહ ચલાવવામાં આવે છે, તેની લાયબ્રેરીમાં વાંચતા રાષ્ટ્રકુટુંબના દેશોના વિદ્યાર્થીઓ ડાબી બાજુ ઉપરના ચિત્રમાં દર્શાવ્યા છે. નીચે, ઇંગ્લંડમાં ભણતા એશિયા તથા યુરોપના વિદ્યાર્થીસમૂહ માટે ફાર્નબરો ખાતે ગૅસ-ર્બાઇન ટેકનૉલૉજીનો ત્રણ અઠવાડિયાંનો અભ્યાસવર્ગ યોજાએલો તેમાં ભાગ લેતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનું ચિત્ર છે. જમણી બાજુ, સાઉધૅમ્પ્ટનની નૌકાશાળામાં વહાણવટાનું શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ 'ગૅયાના' નામના શિક્ષણ જહાજ ઉપર ખડતલ વ્યાવહારિક તાલીમ લેતા દર્શાવ્યા છે.